Thursday 13, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૮૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫








ભારત માતા કી જયે અને વંદે માતરમના ગગનભેદી નારા સાથે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ૨.૫ કિ.મી. લાંબી યાત્રામાં વિદ્યાર્થીઓ, યુવાનો, અધિકારીઓ અને વિવિધ સંગઠનો જોડાયા

# વલસાડમાં તિરંગાયાત્રા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી પૂર્વે વલસાડ શહેરમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ યાત્રાને વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત સહિતના અધિકારીઓ તથા પદાધિકારીઓએ કલેક્ટર કચેરી ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

સવારે ૯ વાગ્યે કલેક્ટર કચેરીથી પ્રસ્થાન થયેલી આશરે ૨.૫ કિ.મી. લાંબી તિરંગા યાત્રા સર્કિટ હાઉસ, આઝાદ ચોક અને સ્ટેડિયમ રોડ થઈ મોંઘાભાઈ હોલ ખાતે પહોંચી હતી, જ્યાં યાત્રાનું સમાપન થયું હતું. શાળાના વિદ્યાર્થીઓ ભારત માતા, ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના મહાપુરુષોની વેશભૂષામાં તિરંગા યાત્રામાં જોડાતા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

દેશભક્તિના માહોલ વચ્ચે યોજાયેલી આ યાત્રામાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, યુવાનો, સરકારી અધિકારીઓ, બાઈકસવાર પોલીસ જવાનો તેમજ વિવિધ સમુદાયના સંગઠનો મોટી સંખ્યામાં જોડાયા હતા. દેશભક્તિના ગીતો સાથે નીકળેલી આ ભવ્ય યાત્રાથી સમગ્ર શહેર દેશભક્તિના રંગે રંગાયું હતું. વિદ્યાર્થીઓએ 'ભારત માતા કી જય', 'વંદે માતરમ' અને 'ઈન્કલાબ ઝિંદાબાદ'ના ગગનભેદી નારા લગાવી દેશપ્રેમના દર્શન કરાવ્યા હતા.

આ પ્રસંગે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે તિરંગા યાત્રાનું મહત્વ સમજાવતાં દેશની આઝાદીની લડતમાં શહીદ થયેલા જવાનો અને સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને બલિદાનને યાદ કર્યા હતા.

ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપ્રેમની ભાવના દરેક નાગરિકમાં જાગૃત થાય અને દેશની આઝાદીની લડતમાં પોતાના પ્રાણની આહુતિ આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગનું મૂલ્ય આજની નવી પેઢી સમજે તે હેતુથી આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે યાત્રાનું આયોજન કરવા બદલ જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા તેમજ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી નમન કર્યું હતું.

જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને સૌ નાગરિકોને આવતીકાલે, તા. ૧૩ ઓગસ્ટે વાપી ખાતે યોજાનારી જિલ્લા કક્ષાની તિરંગા યાત્રામાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

આ તિરંગા યાત્રામાં વલસાડ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલ, પાલિકાની આરોગ્ય સમિતિના ચેરમેન હિતેશ ભંડારી, પ્રદેશ સંગઠન મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, જિલ્લા સંગઠન મહામંત્રી નિખિલ ચોકસી અને શ્રી કમલેશ પટેલ, વલસાડ પ્રાંત અધિકારી વિમલ પટેલ સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

## આજે વાપીમાં તિરંગા યાત્રા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** 'વંદે માતરમ' ગીતની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરની ઉજવણીના ભાગરૂપે વલસાડ જિલ્લાના વાપી ખાતે ભવ્ય વલસાડ જિલ્લા તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ તથા વાપી મહાનગરપાલિકા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાનારી આ યાત્રા રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપશે.

તિરંગા યાત્રા તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યે શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી પ્રસ્થાન કરશે. યાત્રા શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી શરૂ થઈ વંદે માતરમ ચોક, રોટરી સર્કલ અને માં ફાઉન્ડેશન સર્કલ થઈને શહીદ પ્રેમકુમાર પાટીલ ઉદ્યાન ખાતે પૂર્ણ થશે.

'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરને યાદગાર બનાવવા માટે આયોજિત આ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાય અને રાષ્ટ્રપ્રેમની ભાવના વ્યક્ત કરે તેવી અપીલ જિલ્લા વહીવટી તંત્ર અને વાપી મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે.

# દાનહમાં દિવાસા પર્વની ઉત્સાહભેર ઉજવણી

## આદિવાસી સમાજે બાવીસા ફળિયાના બરમદેવ મંદિરે પૂજા-અર્ચના સાથે જળ, જંગલ, જમીન અને પ્રકૃતિની રક્ષા કરવાનો સંકલ્પ કર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૨ :** દાદરા અને નગર હવેલીમાં આદિવાસી સમાજના લોકપ્રિય અને પરંપરાગત કૃષિ આધારિત તહેવાર દિવાસોની વિવિધ ગામોમાં ઉત્સાહ અને આનંદ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે બાવીસા ફળિયાના બરમદેવ મંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સમાજના આગેવાનો, વડીલો, સામાજિક કાર્યકરો અને યુવાનો જોડાયા હતા. આદિવાસી સમાજ માટે દિવાસો ખેતી અને પ્રકૃતિ સાથે સંકળાયેલો મહત્વપૂર્ણ તહેવાર છે. ડાંગરની રોપણી પૂર્ણ થયા બાદ ઉજવાતા આ પર્વને ખેતીકામથી થોડી રાહત મળવાના ઉત્સવ તરીકે પણ માનવામાં આવે છે. આ તહેવારને બિયારણ અને ખેતીની પરંપરાઓ સાથે જોડાયેલો પર્વ પણ માનવામાં આવે છે. દિવાસાની પૂર્વ સંધ્યાએ ગામોમાં ઉજાણીનું આયોજન કરવામાં આવે છે અને તહેવાર દરમિયાન પૂર્વજોને યાદ કરી તેમની પૂજા-અર્ચના કરવાની પરંપરા છે. ગામના પૂજારીઓ દ્વારા ગ્રામદેવતાઓની પૂજા કરવામાં આવે છે. બાવીસા ફળિયાના બરમદેવ મંદિરે દિવાસો નિમિત્તે બરમદેવની પૂજા-અર્ચના કરવામાં આવી હતી. 'જય બરમદેવ, જય જોહાર, જય આદિવાસી'ના જયઘોષ વચ્ચે સમાજજનોએ જળ, જંગલ, જમીન અને માતા પ્રકૃતિની રક્ષા કરવાનો સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે નાળિયેર ફોડવાની પરંપરાગત ટપ્પાદાવ રમતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત લોકોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના આગેવાનો, બરમદેવ મંદિરના આગેવાનો અને તેમની ટીમ ઉપરાંત દાદરા અને નગર હવેલીના વિવિધ ગામોના સામાજિક કાર્યકરો તથા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. પરંપરાગત રીતે દિવાસો પર્વની ઉજવણી કરી આદિવાસી સમાજની સંસ્કૃતિ, ખેતી સાથે જોડાયેલી પરંપરાઓ અને પેઢી દર પેઢી ચાલી આવતી લોકપરંપરાઓને જાળવી રાખવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

દિવાસો જેવા તહેવારો આદિવાસી સમાજને પોતાની મૂળ સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથે જોડવાનું કામ કરે છે. સાથે જ નવી પેઢીને સમાજની જૂની પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરાવવાનું મહત્વપૂર્ણ માધ્યમ પણ બની રહ્યા છે.

# જિલ્લામાં તંત્ર દ્વારા ૮૨ હજાર તિરંગાનું વિના મૂલ્યે વિતરણ



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૨ :** ભારતનો રાષ્ટ્રધ્વજ આપણા સૌ માટે ગૌરવ સમાન છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં "સ્વતંત્રતા સપ્તાહ"ની તા. ૯ ઓગસ્ટથી વલસાડ જિલ્લામાં ઉજવણી શરૂ થઈ છે, જે તા. ૧૭ ઓગસ્ટ સુધી ચાલશે. તા. ૧૫મી ઓગસ્ટે ઠેર ઠેર ધ્વજ વંદન થનાર છે ત્યારે ઘરે ઘરે તિરંગા પહોંચે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંદાજે ૮૨ હજાર તિરંગાનું વિના મૂલ્યે વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટર કચેરી દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓ અને માર્ગ- મકાન સહિતની વિવિધ કચેરીઓને તિરંગા વિતરણ કરવા માટે આપ્યા હતા. જે અંતર્ગત વલસાડ નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા જાહેર માર્ગો ઉપર તિરંગાનું વિતરણ કરાતા શહેરીજનો ખૂબ જ ઉત્સાહભેર તિરંગો લેવા માટે ઉમટ્યા હતા. નવ દિવસ સુધી ચાલનારા આ "સ્વતંત્રતા સપ્તાહ" અંતર્ગત જિલ્લા, તાલુકા, મહાનગરપાલિકા, પાલિકા, ગ્રામ્ય અને વોર્ડ કક્ષાએ "હર ઘર તિરંગા, વંદે માતરમના ૧૫૦ વર્ષ"ની થીમ પર વિવિધ ઉજવણી પણ થઈ રહી છે. ત્યારે ૧૫મી ઓગસ્ટે દરેક ઘર પર દેશની આન, બાન અને શાન સમાન તિરંગો લહેરાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરાયુ છે.

# થ્રીડીમાં કાલથી ખાદ્ય સબસીડી માટે ડિજિટલ કરન્સી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૨ :** સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ તથા દીવના ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ દાદરા અને નગર હવેલીમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) હેઠળ ખાદ્ય સબસિડીના ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) માટે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) ડિજિટલ રૂપિયો શરૂ કરવામાં આવી રહ્યો છે. આ પહેલ ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ (DFPD) સાથે સંકલન કરીને હાથ ધરવામાં આવી રહી છે. તેનો મુખ્ય ઉદ્દેશ ડિજિટલ ગવર્નન્સ, નાણાકીય સમાવેશ, પારદર્શિતા અને ખાદ્ય સબસિડીના લાભોની અસરકારક અને ઝડપી પહોંચ સુનિશ્ચિત કરવાનો છે.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ભારત સરકારના માનનીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ દ્વારા ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ચંડીગઢથી કરવામાં આવશે. આ લોન્ચ કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે કલા કેન્દ્ર, સિલવાસા ખાતે યોજાશે. તમામ લાભાર્થીઓને આ મહત્વપૂર્ણ પહેલમાં ઉપસ્થિત રહી ડિજિટલ ગવર્નન્સ, નાણાકીય સમાવેશ તેમજ ડિજિટલ રૂપિયા (CBDC) મારફતે ખાદ્ય સબસિડીના પારદર્શક અને અસરકારક વિતરણની દિશામાં આ ઐતિહાસિક પહેલના સાક્ષી બનવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# નારગોલ સુધી મુસાફરો વિના જ બસ દોડાવનાર કન્ડકટર સસ્પેન્ડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી એસટી ડેપો ખાતે ફરજ બજાવતા કંડક્ટર ગુલાબસિંગ ઈશ્વરજી ગોહિલ સામે ફરજમાં બેદરકારી અને એસટી સંસ્થાને આર્થિક નુકસાન પહોંચાડવાના આક્ષેપને લઈ સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ગત તા. ૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે ૬:૧૫ કલાકે ગુલાબસિંગ ગોહિલે જૂના બસ ડેપોના સ્ટેન્ડ પરથી બસ ઉપાડી હતી. બસમાં મુસાફરોને બેસાડ્યા બાદ તેમને ઉતારી દેવામાં આવ્યા હતા અને ત્યારબાદ બસને મુસાફરો વિના નારગોલ સુધી લઈ જવામાં આવી હતી. આ બસ વાયા ફણસા કલગામ થઈ મરોલી જવાની હોવા છતાં ઉપરોક્ત ગામોના મુસાફરોને કંડક્ટરે મનસ્વી રીતે મુસાફરોને બસમાં બેસાડ્યા નહોતા અને આશરે ૪૨.૧૫ કિલોમીટર સુધી એકપણ મુસાફરને મુસાફરી કરાવી નહોતી. આ ઉપરાંત, એસટી સંસ્થાના નિયમ મુજબ બુકિંગ શાખામાંથી EBTM મશીન મેળવી ફરજ બજાવવાની હોવા છતાં કંડક્ટરે બુકિંગ ક્લાર્ક પાસેથી EBTM મશીન લીધું નહોતું. પરિણામે મુસાફરોને ટિકિટ પણ આપવામાં આવી નહોતી. આ અંગે મુસાફરો દ્વારા મૌખિક ફરિયાદ કરવામાં આવતા સમગ્ર મામલો ડેપો મેનેજરના ધ્યાને આવ્યો હતો. વાપી ડેપોના મેનેજર જે.સી. માહલા દ્વારા સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ એસટી સંસ્થાને થયેલા સંભવિત આર્થિક નુકસાન બદલ જવાબદાર કંડક્ટર ગુલાબસિંગ ઈશ્વરજી ગોહિલ સામે ફરજ મોકૂફીની કાર્યવાહી કરવામાં આવી છે. સસ્પેન્શનના આ સમયગાળા દરમિયાન તેમણે આહવા ડેપો મેનેજર સમક્ષ નિયમિત હાજરી આપવાની રહેશે. આ ઘટનાને પગલે વાપી એસટી વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હોવાનું જાણવા મળ્યું છે.

## ભાવભીની શ્રદ્ધાંજલિ



### સ્વ. ચંદ્રકાન્ત મોહનલાલ મહેતા (બટુકભાઈ)

**સ્વર્ગવાસ ૧૨/૦૮/૨૦૨૬**

**શ્રી એમ. કે. મહેતા કેમ્પસના ટ્રસ્ટીશ્રી તરીકે તેમણે નિષ્ઠા, સેવાભાવ અને શિક્ષણ પ્રત્યેના અતૂટ સમર્પણ સાથે આપેલી અનોખી અને અવિસ્મરણીય સેવા બદલ નવનિર્માણ કેળવણી મંડળ પરિવારમાં ન ભરપાઈ થઈ શકે એવી ખોટ ઊભી થઈ છે. આપના સેવાકાર્યોથી સમાજને એક નવી દિશા અર્પી છે. જેની સુવાસ સદાય સૌના હૃદયમાં મહેકતી રહેશે. આપની સ્મૃતિ પરિવારજનો અને સ્નેહીજનો માટે સદાય અમૂલ્ય વારસો બની રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તથા પરિવારજનોને આ અપૂર્ણ ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી હૃદયપૂર્વકની ભાવભીની પ્રાર્થના.**

લિ. નવનિર્માણ કેળવણી મંડળ સંચાલિત
શ્રી એમ. કે. મેહતા કેમ્પસ પરિવાર, ઉમરગામ

## નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S

## VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential – VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI • LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount – Till 31st March
FREE Textbooks – From Nursery to Std 10
Special Concession – On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ અને સરકારી યોજનાઓના સેચ્યુરેશન માટે

## નવસારીમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નવસારી, તા. ૧૨ :** નવસારી ગ્રામ્ય વિસ્તારના આસુંદર, પ્રાથમિક શાળા, ખાતે સેવા સેતુ અને Government Scheme Saturation અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ નયનભાઈ પટેલ સહિત સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમ અંગે અગાઉથી વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હોવાથી મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. વિવિધ સરકારી યોજનાઓના લાભથી કોઈ પાત્ર લાભાર્થી વંચિત ન રહે અને તમામ પાત્ર લાભાર્થીઓ સુધી યોજનાઓનો મહત્તમ લાભ પહોંચે તે માટે નાગરિકોને યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ વિવિધ યોજનાઓમાં સેચ્યુરેશન લેવલ હાંસલ કરવા માટે જનજાગૃતિ અને જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, આગામી તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પિનસાડ ગામે દામોદેશ્વર કોમ્યુનિટી હોલ ખાતે તથા તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કોળી પટેલ સમાજની વાડી, ખડસુપા બોર્ડિંગ, અષ્ટગામ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની ખ્ઞ્ત્ભ યોજના તથા રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત લાભાર્થીઓને આવકના દાખલા મેળવવામાં સરળતા રહે તે માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં પાત્ર લાભાર્થીઓ ઉપસ્થિત રહી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે તંત્ર દ્વારા વ્યાપક પ્રચાર-પ્રસાર અને જનજાગૃતિ હાથ ધરવામાં આવી રહી છે.

## બીલીમોરા બેલંમ્પર પરિવાર પૂરગ્રસ્ત ૧૨૭ વિદ્યાર્થીઓના વ્હારે આવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા. ૧૨ :** તાજેતરમાં બીલીમોરામાં આવેલ ભયાનક પૂરને કારણે અનેક વિસ્તારો જળમગ્ન બનતા પ્રભાવિત થયેલા પરિવારોની મદદ અર્થે નિલેષબાપુની પ્રેરણાથી બેલંમ્પર પરિવાર-બીલીમોરા આગળ આવ્યું છે, જેમના દ્વારા શાહ લાલચંદ મોતીચંદ મુખ્ય કુમાર શાળાના ૧૨૭ પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને ધાબળા તથા ટુવાલનું વિતરણ કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. આયોજનમાં બેલંમ્પર પરિવારના પ્રમુખ શૈલેષભાઈ ગાંધી, ઉપપ્રમુખ મગનભાઈ ટંડેલ, ધીરજલાલ તથા ઠાકોરભાઈ સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમના અંતે સીઆરસી સચિન પટેલ, દિનેશ પટેલ અને શિક્ષિકા યોગીતા ટંડેલ દ્વારા બેલંમ્પર પરિવારના પ્રમુખને આભાર પત્ર અર્પણ કરીને આ સરાહનીય સેવા કાર્ય બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ડાંગમાં ગેરકાયદેસર બાંધકામો સામે રણશિંગુ

### જિલ્લા સેવા સદન સામે ડાંગ કોંગ્રેસ સમિતિના આઈ.ટી.સેલનાં પ્રમુખનાં આમરણ ઉપવાસ શરૂ..



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા. ૧૨ :** ડાંગ જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં થઈ રહેલા ગેરકાયદેસર અને બિનઅધિકૃત બાંધકામો સામે સ્થાનિક તંત્રની ઢીલી નીતિથી નારાજ થઈને ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં આઈ.ટી.સેલનાં પ્રમુખ મનીષભાઈ મારકણાએ આજે કચેરી સામે અનિશ્ચિત મુદતના ભૂખ હડતાળ (ઉપવાસ આંદોલન)નો પ્રારંભ કર્યો છે. તેઓએ કલેક્ટરને આ મુદ્દે અગાઉ ૮ દિવસની આખરી મુદત આપવામાં આવી હતી, છતાં સંતોષકારક આકરા પગલા ન ભરાતા આખરે નાછૂટકે અરજદારે આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો છે. ઘટના અંગે વિગત આપતા કોંગ્રેસનાં આંદોલનકારી નેતા મનીષ મારકણાએ જણાવ્યું હતું કે, તેમણે ડાંગ જિલ્લામાં ચાલી રહેલા બિનઅધિકૃત અને નિયમવિરુદ્ધના બાંધકામો અંગે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં તથા લેખિત સ્વરૂપે લેખિત ફરિયાદો નોંધાવી હતી. જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરાયેલી પ્રાથમિક તપાસમાં ૬૩ જેટલાં બિનઅધિકૃત બાંધકામો હોવાનું સામે આવ્યુ હતુ. જોકે, તંત્ર દ્વારા માત્ર નોટિસો આપીને કે પંચાયત ધારાની કલમ ૧૦૪ મુજબ દંડકીય કાર્યવાહી કરીને સંતોષ માની લેવામાં આવ્યો છે, જે તેમને બિલકુલ મંજૂર નથી. તેમણે વધુમાં ઉમેર્યું કે, આવા બિનઅધિકૃત બાંધકામોમાં હોટેલો અને કોમર્શિયલ એકમો પણ ધમધમી રહ્યા છે. જો ભવિષ્યમાં અહીં કોઈ મોટી દુર્ઘટના ઘટે, તો તેની જવાબદારી કોની રહેશે? જ્યાં સુધી આ તમામ બિનઅધિકૃત બાંધકામોનો યોગ્ય નિકાલ ન આવે, તેને કાયદેસર રીતે મંજૂરી ન મળે અથવા તો તત્કાલિક ધોરણે બંધ કરાવવામાં ન આવે અને ૬૩ બિનઅધિકૃત બાંધકામોની યાદી જાહેર કરવામાં ન આવે, ત્યાં સુધી તેઓ દિવસ-રાત કચેરી સામે બેસીને ભૂખ હડતાળ ચાલુ રાખશે.બીજી તરફ, આ મામલે ડાંગ જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી એચ. બી. પટેલે તંત્રનો પક્ષ રજૂ કરતા જણાવ્યું હતું કે, જિલ્લા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત બિનઅધિકૃત બાંધકામ અંગે અરજી મળેલ હતી.

ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં નવું બાંધકામ કરવા માટે સંબંધિત ગ્રામ પંચાયતની મંજૂરી લેવાની હોય છે અને તેની સામે કાર્યવાહી કરવાની -ાથમિક ફરજ પણ ગ્રામ પંચાયતની જ બને છે.

તો બીજી તરફ ડાંગ જિલ્લા ભારતીય જનતા પાર્ટીનાં પૂર્વ પ્રમુખ દિલીપભાઈ ચૌધરીએ આ બાબતે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ છે કે ડાંગ જિલ્લાના પ્રજાજનો, આપને ખબર છે કે અન્ય જિલ્લાઓમાં જમીનને લગતા કાયદા ડાંગ જિલ્લા કરતા અલગ છે, તેવામાં આ મનીષભાઈ મારકણા દ્વારા ડાંગ જિલ્લાના લોકોને નુકસાન કરવાનું તેમજ આવા -ી લઈ ને હેરાનગતિ કરવાનું બંધ કરવું જરૂરી છે. મહેનતથી બનેલ આશીયાનાને નુકસાન થાય તેવુ થવુ ના જોઈએ. આવા લોકોને સાથ સહકાર આપવાની કોઈ રાજકીય પક્ષો કે વ્યક્તિએ આગળ આવવાની જરૂર નથી.

## ચીખલી હાઇવે પર પડેલા ખાડાઓની રિપેરીંગ કામગીરી પુરજોશમાં શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા. ૧૨ :** નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ભારે વરસાદને કારણે રસ્તાઓ બિસ્માર બની ગયા હતાં. જે હવે વરસાદનું જોર ધીમું પડતા પૂર જોસમાં રસ્તા રીપેરીંગનું કામ ચાલી રહ્યું છે. ડુંગરી સોનવાડા નજીક બ્રિજ ઉપર પણ છેલ્લા કેટલાક સમયથી કામ કરવામાં આવી રહ્યું છે. પરંતુ યોગ્ય રીતે કામ ન કરાતા થોડા ઘણા વરસાદમાં પણ રસ્તા ખરાબ થઈ રહ્યા છે.

નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદના કારણે નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર મસ મોટા ખાડાઓ અને ડામર ના ચોસલા નીકળી જતાં રસ્તો બિસ્માર બની ગયો છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી વરસાદ ધીમી ગતિએ પડતા હાઈવે ઓથોરિટી દ્વારા તમામ જગ્યા ઉપર રસ્તા રીપેરીંગનું કામ કરવામાં આવી રહ્યું છે. ડુંગરી સોનવાડા નજીક બ્રિજ ઉપર ઘણી વખત રસ્તા રીપેર કરવામાં આવ્યા છે. પરંતુ થોડો ઘણો વરસાદ થાય એટલે તરત જ રસ્તા ધોવાઈ જતો હોય છે એટલું જ નહીં પરંતુ બલવાડા બ્રિજના બંને બાજુ રસ્તા ખરાબ થઈ ગયા છે જ્યારે કેટલીક જગ્યા ઉપર મસ મોટા ખાડાને પુરવામાં આવ્યા છે. પરંતુ યોગ્ય રીતે ન પૂરાતા કેટલીક વાર વાહન ચાલકો સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા હોય છે ત્યારે હાઈવે ઓથોરિટી દ્વારા યોગ્ય રીતે રસ્તા રીપેરીંગ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

## ડાંગમાં પરંપરા અને સંસ્કૃતિના સંગમ સાથે 'વિશ્વ આદિવાસી દિવસ' ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા. ૧૨ :** સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN) દ્વારા ઘોષિત ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસની આ વર્ષે ડાંગ જિલ્લાના શામગહાન ખાતે એક અનોખા અંદાજમાં અને સંસ્કૃતિને સાચા અર્થમાં જીવંત રાખવાના નિષ્ઠાવાન પ્રયાસો સાથે ઉજવણી કરવામાં આવી હતી. મોંઘી બેન્ડ પાર્ટીઓ કે વિદેશી કલ્ચર તરફ વળવાને બદલે અસલ આદિવાસી વિરાસતને જાળવી રાખવા માટે શામગહાનથી બારીપાડા સુધી એક અદ્ભુત સાંસ્કૃતિક રેલીનું આયોજન કરાયું હતું. પરંપરાગત વેશભૂષામાં સજ્જ વિશાળ જનમેદની અને સમાજના આગેવાનો સાથે નીકળેલી આ રેલીમાં કાહળ્યા, પાવરી, માદળ, ઢોલ, થાળી અને ખંજરી જેવા પરંપરાગત વાજિંત્રોના તાલે લોકો ઝૂમી ઉઠ્યા હતાં. સાથે જ હોડી નાચ અને ડાંગી નાચની રમઝટ તેમજ ખેતી પદ્ધતિ સાથે સંકળાયેલા ઓજારોનું ટ્રેક્ટર સાથેનું પ્રદર્શન આ રેલીમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતું. રેલી બાદ બારીપાડા નજીક આવેલા ચિરાપાડા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ અને જાહેર સભા યોજાઈ હતી. આ સભામાં વિવિધ વક્તાઓએ જળ, જંગલ, જમીન અને આદિવાસી સંસ્કૃતિનું મહત્વ સમજાવી નવી પેઢીને પોતાની માતૃભાષા, લોકગીતો, લોકનૃત્ય, પરંપરાગત વસ્ત્રો, વાનગીઓ અને પ્રકૃતિ સાથેના ગાઢ સંબંધને જાળવી રાખવા માટે ખાસ અપીલ કરી હતી.આ કાર્યક્રમ દરમિયાન પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા સ્થાનિક ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વક્તા નીતિન રાઉત અને પ્રકાશ ચૌધરીએ આ વર્ષની વૈશ્વિક થીમ સંદર્ભે વાત કરતા જણાવ્યું હતું કે, જ્યારે હોસ્પિટલોની શોધ નહોતી થઈ ત્યારે બાળકને સુરક્ષિત જન્મ આપવામાં આદિવાસી દાયણો (સુયેરિન) ની ભૂમિકા અત્યંત મહત્વની રહી છે; જેને ધ્યાને રાખીને આ પ્રસંગે આવી દાયણ બહેનોનું પણ વિશેષ બહુમાન કરાયું હતું.આ સમગ્ર પ્રેરણાદાયી કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન સહ્યાદ્રી ડેવલપમેન્ટ અને ચેરીટેબલ ટ્રસ્ટ, સમસ્ત ૪૯ (કુંકણા - કુનબી) સમાજ- ડાંગ, સ્ટેપ ઓફ ઈન્સપિરેશન (SOI) યુથ ગ્રુપ તેમજ સમસ્ત આદિવાસી સમાજ - ડાંગના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યુ હતું.

નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ પદે નિમણૂંક થતાં

## ગડતના ડો. રાજેન્દ્ર નાયકનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ગણદેવી, તા. ૧૨ :** ગડત ગામના વતની અને પ્રખ્યાત શિક્ષણવિદ્ ડૉ. રાજેન્દ્ર મગનલાલ નાયકની નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ પદે નિમણૂક થતાં ગામમાં હર્ષોલ્લાસ છવાયો છે.

આ નિમણૂક બદલ શ્રી કામેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં ગ્રામજનો દ્વારા ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. દીપ પ્રાગટ્ય બાદ ડૉ. રાજેન્દ્ર નાયકને સન્માનપત્ર અર્પણ કરી અને વડીલો દ્વારા સાલ ઓઢાડી આશીર્વાદ અપાયા હતા. મુખ્ય વક્તા ડૉ. જય વશીએ મહેનત અને ઈમાનદારીનું મહત્વ સમજાવ્યું હતું. સન્માનિત ડૉ. રાજેન્દ્રભાઈએ ગામલોકોનો આભાર માની વતનની સેવા માટે તત્પરતા દર્શાવી હતી. કિંજલ નાયકે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું, જ્યારે પ્રમુખ નરેન્દ્રભાઈ નાયકે આભારવિધિ આટોપી હતી.

## જલાલપોર આઈ.ટી.આઈ.માં પ્રવેશ શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નવસારી, તા. ૧૨ :** ઓગસ્ટ-૨૦૨૬ના પ્રવેશ સત્રમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) જલાલપોર ખાતે પ્રથમ, બીજા અને ત્રીજા રાઉન્ડ બાદ ચોથા રાઉન્ડમાં વહેલા તે પહેલા ધોરણે પ્રવેશ માટે વિવિધ ટ્રેડમાં કુલ ૧૪૩ જેટલી બેઠકો ખાલી રહેવા પામી છે.

ખાલી રહેલી બેઠકોમાં ફીટર-૧૧, વાયરમેન-૧૦, ઈલેક્ટ્રીશિયન-૨૮, કોમ્પ્યુટર ઓપરેટર-૪૧, વેલ્ડર-૨૯ અને ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક-૨૪ બેઠકોનો સમાવેશ થાય છે.

આ ખાલી બેઠકો માટે ચોથા અને આખરી તબક્કામાં ઓફલાઈન ફોર્મ સંસ્થા ખાતે તા. ૧૪/૦૮/૨૦૨૬ સુધી ભરી શકાશે. પ્રથમ બીજા અને ત્રીજા તબક્કામાં ફોર્મ ભરેલ પરંતુ પ્રવેશથી વંચિત રહેલ તમામ ઉમેદવારોએ તા.૧૪/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જલાલપોર, ખંભલાવ, રાણીયા ફળીયા, આટ ખાતે એડમિશન માટે હાજર રહેવા જણાવવામાં આવે છે. આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટેનો આ છેલ્લો તબક્કો હોવાથી ઈચ્છુક ઉમેદવારોએ સત્વરે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જલાલપોરનો સંપર્ક કરી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગણદેવીના કાઠાં વિસ્તારમાં લોકોને સહાય વિતરણ કરાઈ

### મુંબઈના મહેશભાઈ પટેલ દ્વારા બે લાઈફ સેવિંગ સ્વિમિંગ રિંગ તથા મજબૂત દોરડા અર્પણ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા. ૧૨ :** માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ભાવના જ્યારે માનવતા સાથે ભળે છે. ત્યારે સમાજ માટે એ આશીર્વાદરૂપ બની જાય છે. મૂળ દેવધા ગામના ભેંસલા ફળિયાના વતની અને હાલ મુંબઈ સ્થિત દાતા મહેન્દ્રભાઈ રઘુભાઈ પટેલ અવારનવાર કાંઠા વિસ્તારના ગરીબ અને જરૂરિયાતમંદ લોકોની મદદ માટે આગળ આવી માનવતાનો દિવ્ય દીવો પ્રગટાવી રહ્યા છે.

તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે કાંઠા વિસ્તારના ગામોમાં રેલના પાણી ઘૂસી જતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતાં. આવી કુદરતી આપત્તિના સમયે લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા મહેન્દ્રભાઈ પટેલે ફરી એકવાર ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

બુધવારના રોજ યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં બીલીમોરા પોલીસ ઈન્સપેક્ટર અશ્વિન સરવૈયા, દર્પણ પટેલ તેમજ વિવિધ ગામોના તલાટી કમ મંત્રીઓ અને મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં પૂર અને રેલ જેવી કટોકટીની સ્થિતિમાં બચાવ કાર્ય ઝડપી બની શકે તે હેતુથી ગણદેવી તાલુકાની ભાઠા, મોરલી-કલમઠા,છાપર, સરીખુરદ, દેવધા (ભેંસલા) અને સરીબુજરંગ (લુસવાડા) ગ્રામ પંચાયત વિસ્તારમાં રૂબરૂ મુલાકાત લઈ બે લાઈફ સેવિંગ સ્વિમિંગ રિંગ તથા મજબૂત દોરડા અર્પણ કરવામાં આવ્યા હતા.

## નવસારીમાં દવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો માટે એસેસમેન્ટ કેમ્પ યોજાશે

નવસારી, તા. ૧૨ : ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ખ્ન્ત્ધ્છ) તથા નવસારી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ નવસારી જિલ્લામાં આ એસેસમેન્ટ કેમ્પનું આયોજન ૧૩ ઓગસ્ટથી ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન તાલુકાવાર કરવામાં આવ્યું છે. ગણદેવી તાલુકામાં તા. ૧૩ અને ૧૪ ઓગસ્ટના રોજ અટલજી કોમ્યુનિટી હોલ, નગરપાલિકા કચેરી, ગણદેવી ખાતે કેમ્પ યોજાશે. વાંસદા તાલુકામાં તા. ૧૭ ઓગસ્ટના રોજ કુમાર શાળા, વાંસદા ખાતે તથા તા. ૧૮ ઓગસ્ટના રોજ વાંસદા ગ્રામ પંચાયત ખાતે કેમ્પ યોજાશે. ખેરગામ તાલુકામાં તા. ૧૯ ઓગસ્ટના રોજ પી.એમ. શ્રી કુમાર શાળા, ખેરગામ ખાતે કેમ્પ યોજાશે. ચીખલી તાલુકામાં તા. ૨૦ અને ૨૧ ઓગસ્ટના રોજ દિનકર ભવન હોલ, મજીગામ, ચીખલી ખાતે કેમ્પ યોજાશે. જલાલપોર તાલુકામાં તા. ૨૨ ઓગસ્ટના રોજ મહુવર કોળી પટેલ સમાજ વાડી ખાતે તથા તા. ૨૩ ઓગસ્ટના રોજ મંદિર ગ્રામ પંચાયત હોલ, જલાલપોર ખાતે કેમ્પ યોજાશે. નવસારી ગ્રામ્ય વિસ્તારમાં તા. ૨૪ ઓગસ્ટના રોજ દામોધેશ્વર કોમ્યુનિટી હોલ, પિનસાડ ખાતે તથા તા. ૨૫ ઓગસ્ટના રોજ કોળી પટેલ સમાજની વાડી, ખડસુપા બોર્ડિંગ, અષ્ટગામ, નવસારી ખાતે કેમ્પ યોજાશે. નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં તા. ૨૬ અને ૨૭ ઓગસ્ટના રોજ નવસારી ટાઉન હોલ, દેવીનાપાર્ક ખાતે કેમ્પ યોજાશે. તમામ કેમ્પનો સમય સવારે ૯:૩૦ કલાકથી સાંજે ૫:૦૦ કલાક સુધીનો રહેશે. પાત્રતા ધરાવતા દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોએ નિર્ધારિત તારીખે સંબંધિત કેમ્પ સ્થળે જરૂરી દસ્તાવેજો સાથે રૂબરૂ હાજર રહી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. આ કેમ્પ દરમિયાન માત્ર રજિસ્ટ્રેશન અને લાભાર્થીની જરૂરિયાત મુજબ સહાયક ઉપકરણ માટેની તપાસની કામગીરી કરવામાં આવશે.


દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન
કરવા
માટે વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com


## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૩-૦૮-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** શ્રાવણ, એકમ, **સૂર્યોદય :** ૦૬ : ૧૯ **સૂર્યાસ્ત** ૦૭ :૦૯, **ચંદ્રોદય** - ૦૬:૩૮ **ચંદ્રાસ્ત** - ૦૭:૪૫ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - પુષ્ય

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે વ્યવસાયમાં નવી તકો તમારી રાહ જોઈ રહી છે. ખાસ કરીને નવા પ્રોજેક્ટ અથવા ભાગીદારી માટે સારો સમય છે.
**વૃષભ(બ.વ.ઉ) :** આજે સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન આપવું જરૂરી છે. નાના તકલીફો અવગણશો નહીં. માનસિક શાંતિ માટે પરિવાર સાથે સમય પસાર કરવો લાભદાયક રહેશે.
**મિથુન(ક.છ.ઘ) :** કાર્યસ્થળ પર તમારી મહેનતની પ્રશંસા થશે, જે તમને નવી ઊર્જા આપશે. વાણી પર નિયંત્રણ રાખવું ખૂબ મહત્વનું છે, કારણ કે નાની વાત મોટા વિવાદમાં ફેરવાઈ શકે.
**કર્ક(ડ.હ) :** આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળશે. જૂના રોકાણોનો લાભ મળી શકે છે.
**સિંહ(મ.ટ.) :** પ્રવાસના યોગ બની રહ્યા છે, ખાસ કરીને કામ કે મનોરંજન માટે. નવા લોકો સાથે મુલાકાત થશે.
**કન્યા(પ.ઠ.ણ.) :** આવકમાં વધારો થશે, જેનાથી નાણાકીય સ્થિતિ મજબૂત બનશે. પરંતુ ઉતાવળમાં કોઈ નિર્ણય ન લો.
**તુલા (ર.ત.) :** પારિવારિક સંબંધોમાં સુધારો થશે. જૂના મતભેદ દૂર થઈ શકે છે. માનસિક શાંતિ અનુભવશો. કામમાં સંતુલન જાળવી શકશો. સ્વાસ્થ્ય સારું રહેશે.
**વૃશ્ચિક(ન.ય.) :** આજે તમારી મહેનતનું યોગ્ય પરિણામ મળશે. કામમાં સફળતા અને માન-સન્માન મળશે. લાંબા ગાળાના રોકાણ માટે દિવસ શુભ છે. આત્મવિશ્વાસ વધશે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** રચનાત્મક કાર્યોમાં રસ વધશે. નવા વિચારો તમારા માટે લાભદાયક સાબિત થશે.
**મકર(જ.ખ) :** ઘરના વાતાવરણમાં શાંતિ અને આનંદ રહેશે. જૂના મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે, જે તમને ખુશી આપશે.
**કુંભ(ગ.શ.સ.) :** કામના બોજને કારણે તણાવ વધી શકે છે. યોગ્ય આરામ અને સમયનું આયોજન કરવું જરૂરી છે.
**મીન(દ.ચ.ઝ.થ.) :** ભાગ્યનો સાથ મળશે. અટકેલા કાર્યો પૂરા થવાની સંભાવના છે. નવા કામમાં સફળતા મળશે. આત્મવિશ્વાસ અને ઉત્સાહ વધશે.

### દમણ રેડિયો

102.3 FM

આકાશવાણી

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

### સુડોકુ નં.૬૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 1 | | | | | 5 | |
| | | 4 | | 3 | | 6 | | |
| | | | 9 | 7 | | | | |
| | 8 | | 7 | | | 3 | 2 | |
| | | 7 | 5 | | 6 | 9 | | |
| | 2 | 6 | | | 9 | | 7 | |
| | | | | 4 | 2 | | | |
| | | 9 | | 5 | | 7 | | |
| | 1 | | | | | 8 | 4 | 2 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૫૧નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 8 | 2 | 9 | 7 | 5 | 3 | 4 |
| 2 | 7 | 5 | 1 | 4 | 3 | 6 | 8 | 9 |
| 3 | 4 | 9 | 8 | 5 | 6 | 7 | 1 | 2 |
| 8 | 2 | 4 | 3 | 1 | 5 | 9 | 6 | 7 |
| 6 | 5 | 3 | 7 | 8 | 9 | 4 | 2 | 1 |
| 9 | 1 | 7 | 6 | 2 | 4 | 3 | 5 | 8 |
| 4 | 3 | 2 | 9 | 6 | 1 | 8 | 7 | 5 |
| 7 | 9 | 1 | 5 | 3 | 8 | 2 | 4 | 6 |
| 5 | 8 | 6 | 4 | 7 | 2 | 1 | 9 | 3 |

# ધરમપુરમાં ફરી રખડતાં ઢોરોનો અડીંગો : અકસ્માતનો ભય

## માલનપાડા બાવડી ફળિયા ખાતે શરૂ કરવામાં આવેલ ગૌશાળામા માત્ર ૧૦ પશુઓજ જોવા મળ્યા : ૩૦થી વધુ ઢોરો અત્યારે પણ રહી શકે છે





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** ધરમપુર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ જાહેર માર્ગો પર રખડતાં પશુઓનો જમાવડો ફરી વધ્યો છે. શહેરના આંસુરા વાવ ચોકડી, હાથીખાના, પ્રતાપબા પાર્ક સામેનો માર્ગ, ત્રણ દરવાજા, સમડી ચોક, ગાર્ડન રોડ, આંસુરા ઝાંપા બજાર અને માલનપાડા સહિતના વિસ્તારોમાં રસ્તાઓ પર પશુઓ અડીંગો જમાવીને બેઠેલા જોવા મળી રહ્યા છે.

રસ્તા વચ્ચે અચાનક પશુઓ આવી જતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને નજીકથી વાહન પસાર થતાં પશુઓ અચાનક દોડે તો અકસ્માતની શક્યતા પણ વધી જાય છે. અગાઉ પણ રખડતાં પશુઓના કારણે અનેક નિર્દોષ લોકો અને મહિલાઓ ઈજાગ્રસ્ત બન્યા હોવાના બનાવો સામે આવ્યા છે, જ્યારે કેટલાક કિસ્સામાં લોકોના જીવ પણ ગુમાવવાનો વારો આવ્યો છે

ગૌશાળા હોવા છતાં રસ્તાઓ પર ઢોર કેમ ? જેવા અનેક સવાલો ઊભા થયા છે.

માલનપાડા બાવડી ફળિયા ખાતે રાજ કલિકુંડ ગૌશાળા, પાલગોટા મેટલ-મુંબઈ અને ધરમપુર નગરપાલિકાના સહયોગથી ગોપાલ ચેરીટેબલ ટ્રસ્ટ તથા લોકમંગલમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગૌશાળા શરૂ કરવામાં આવી હતી. અહીં છેલ્લા દોઢેક વર્ષથી ૩૦થી વધુ રખડતાં પશુઓને બે રખેવાળ તથા ઘાસચારાની સુવિધા સાથે રાખવામાં આવતા હતા. હાલ ગૌશાળામાં માત્ર આશરે ૧૦ પશુઓ જ જોવા મળી રહ્યા છે, જ્યારે ૩૦થી વધુ પશુઓને રાખી શકાય તેવી જગ્યા ઉપલબ્ધ હોવા છતાં શહેરના વિવિધ વિસ્તારોમાં મોટી સંખ્યામાં રખડતાં પશુઓ જોવા મળતા પાલિકા તંત્રની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

ગૌશાળા જેવી વ્યવસ્થા ઉપલબ્ધ હોવા છતાં જો શહેરના રસ્તાઓ પર ફરી રખડતાં ઢોરોનો અડીંગો જોવા મળે છે તો પાલિકા તંત્ર દ્વારા ઢોર પકડવાની કામગીરી શા માટે કરવામાં આવતી નથી નગરજનોમાં ચર્ચા ઉઠવા પામી છે. રખડતાં ઢોરોના કારણે અગાઉ બનેલા અકસ્માતોનું પુનરાવર્તન ન થાય તે માટે ધરમપુર નગરપાલિકા તાત્કાલિક કાર્યવાહી કરી રસ્તાઓ પરથી રખડતાં પશુઓને પકડી સુરક્ષિત રીતે માલનપાડા બાવડી ફળિયા ખાતેની ગૌશાળામાં ખસેડે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે. એક સમયે રખડતાં પશુઓને આશ્રય આપવાના આ સેવાકીય કાર્યને નગરજનો અને નાના મોટા વાહનચાલકોએ બિરદાવી હતી હવે ફરી શહેરના રસ્તાઓ પર ઢોરોના જમાવડાથી નારાજગી જોવા મળી રહી છે. ત્યારે શું ધરમપુર નગરપાલિકા ફરી સક્રિય બની રખડતાં ઢોરોની સમસ્યાનો કાયમી ઉકેલ લાવશે કે કેમ ? તે જોવું રહ્યું.

# અતુલ ફાઉન્ડેશન દ્વારા વલસાડમાં આંગણવાડીઓનું લોકાર્પણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ તાલુકાનાં અંતરિયાળ ગામો નવેરા, કચીગામ અને પંચલાઈ ખાતે બાળકોને સુવિધાયુક્ત અને સુરક્ષિત વાતાવરણમાં પ્રાથમિક શિક્ષણ, પોષણ અને સંભાળ મળી રહે તે હેતુથી અતુલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત આંગણવાડી કેન્દ્રનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નવનિર્મિત આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈનાં શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતુલ ફાઉન્ડેશનનાં અધિકારીઓ, ગામનાં સરપંચ, આંગણવાડી કાર્યકર બહેનો, શિક્ષકો, વાલીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

ગૌતમભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે આંગણવાડી કેન્દ્ર માત્ર બાળકોના શિક્ષણ માટેનું સ્થળ નથી, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ અને આરોગ્ય માટે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નવા આંગણવાડી કેન્દ્રમાં બાળકોને અનુકૂળ વાતાવરણ, જરૂરી પાયાની સુવિધાઓ તથા અભ્યાસ અને રમતગમત માટેની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધાના કારણે ગામના નાના ભૂલકાઓને વધુ સારું અને સુવિધાયુક્ત વાતાવરણ મળશે જે તેમના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થશે.

આ પ્રસંગે સરપંચો આંગણવાડીની બહેનો, ગામનાં આગેવાનો તથા ગ્રામજનો દ્વારા નવનિર્મિત આંગણવાડીની ભેટ બદલ અતુલ ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ આંગણવાડી કેન્દ્રનો યોગ્ય ઉપયોગ અને જાળવણી કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સૌ સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

# વલસાડ કોલેજમાં વર્ષાગીત સ્પર્ધા યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડના નૂતન કેળવણી મંડળ સંચાલિત શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજમાં સપ્તધારા અને સાંસ્કૃતિક સમિતિનાં સંયુક્ત ઉપક્રમે એક વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૬ વિદ્યાર્થી ઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કુ.તનીષા પટેલ પ્રથમ ક્રમે, કુ. ભૂમિકા બેરા અને કુ.વિંકલ સોલંકી દ્વિતીય ક્રમે તથા કુ. સૃષ્ટી ઠાકોર અને કુ. અંજલી રાઠોડ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતાં તેમજ કુ.ભૂમિ થોરાતે આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા શ્રીમતી અલ્કા ડી.વિસપુટે અને પ્રો. વિન્સી વી.પરમાર કે જેઓ બંને સંગીત વિશારદ છે. તેઓએ નિષ્પક્ષપણે નિર્ણય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કાર્ય હતાં. આ સ્પર્ધામાં કોલેજના સિનિયર અધ્યાપકશ્રી કે.સી. પટેલે આશીર્વચનો આપીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સ્પર્ધામાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. દક્ષાબેન ઠાકોર દ્વારા એક સુંદર મધુર કર્ણપ્રિય અવાજે વર્ષાગીત રજૂ કરીને સુંદર એવા માહોલને સજર્યું હતું. આ કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા સાંસ્કૃતિક તેમજ સપ્તધારા અધ્યક્ષ ડૉ. દક્ષાબેન જી. ઠાકોર, સહ અધ્યક્ષ ડૉ.મિનાક્ષી જરીવાલા, સભ્ય પ્રા.પ્રિયા ગાંધી દ્વારા ગોઠવાઇ હતી. આ સ્પર્ધાનું સંચાલન પ્રો.પ્રિયા ગાંધીએ કર્યું હતું. આ સ્પર્ધા અંગેની પ્રેરણા કોલેજના ઇન્ચાર્જે આચાર્ય પ્રા.વિજયકુમાર આર.ચાંપાનેરીએ પૂરી પાડી હતી. કોલેજના તમામ સ્ટાફના સભ્યોએ સ્પર્ધા અંગે શુભકામનાઓ પાઠવી હતી.

# સેગવી હાઇ.માં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**વલસાડ, તા. ૧૨ :** નારી વંદન ઉત્સવ -૨૦૨૬ અંતર્ગત ઉજવાતા મહિલા નેતૃત્વ દિવસનો મુખ્ય હેતુ મહિલાઓ અને કિશોરીઓમાં નેતૃત્વ ક્ષમતાનો વિકાસ કરવો, આત્મવિશ્વાસ વધારવો, પોતાના અધિકારો અને જવાબદારીઓ પ્રત્યે જાગૃત બનાવવું તેમજ શિક્ષણ, સુરક્ષા અને સ્વાવલંબન દ્વારા સમાજના સર્વાંગી વિકાસમાં તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે. આ હેતુને અનુરૂપ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, વલસાડ ટીમ દ્વારા વલસાડ તાલુકાના સેગવી ગામ સ્થિત સર્વોદય હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થિનીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની સેવાઓ, મહિલાઓને મળતી તાત્કાલિક સહાય, ઘરેલુ હિંસા, મહિલા સુરક્ષા, સાયબર સુરક્ષા, કાનૂની માર્ગદર્શન તેમજ ઈમરજન્સી સેવા ૧૧૨ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ સરકારી યોજનાઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીઓને પ્રેરણાદાયી સફળતાની કહાનીઓ દ્વારા આત્મવિશ્વાસ અને નેતૃત્વના ગુણો વિકસાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. સાથે જ સોશિયલ મીડિયાનો સુરક્ષિત અને જવાબદાર ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ ૧૮૧ અભયમ મોબાઈલ એપ્લિકેશન વિશે માહિતી આપી તેના ઉપયોગ અંગે સમજણ આપવામાં આવી હતી.

# સંજાણમાં 3 કિ.મી.ની ભવ્ય તિરંગા યાત્રા નીકળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સંજાણ ખાતે ધારાસભ્ય રમણલાલ પાટકરની આગેવાનીમાં ૩ કિ.મી.ની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, વેપારીઓ, કાર્યકરો અને સામાજિક સંસ્થાના પ્રતિનિધિઓ જોડાયા હતા. હાથમાં તિરંગા સાથે ભારત માતા કી જય અને વંદે માતરમના નારાથી સમગ્ર વિસ્તાર દેશભક્તિના રંગમાં રંગાયો હતો.

તિરંગા યાત્રા દરમિયાન યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ અને દેશ પ્રત્યેની જવાબદારી વધારવા સાથે નશામુક્ત યુવા, જાગૃત સમાજ અને દેશના વિકાસમાં સક્રિય ભાગીદારીનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

# ધરમપુર ન.પા. હાઈ.માં વિજ્ઞાન મેળો યોજાયો

## ૮૫ વિદ્યાર્થીઓએ ૨૭ જેટલી વૈજ્ઞાનિક કૃતિઓ રજૂ કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** ધરમપુર નગરપાલિકા હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ, વૈજ્ઞાનિક વિચારસરણી અને સર્જનાત્મકતા વધે તે હેતુથી વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પર્યાવરણ, પાણી બચત, ઊર્જા અને ટેક્નોલોજી સહિતના વિષયો પર ૨૭ જેટલી વૈજ્ઞાનિક કૃતિઓ તથા મોડેલ રજૂ કર્યા હતાં.

વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓની કાર્યપદ્ધતિ અને ઉપયોગિતા અંગે ઉપસ્થિત મહાનુભાવો સમક્ષ આત્મવિશ્વાસપૂર્વક માહિતી આપી હતી. મહાનુભાવોએ વિદ્યાર્થીઓની કૃતિઓ નિહાળી તેમની પ્રતિભા અને મહેનતને બિરદાવી હતી.

આ પ્રસંગે શહેર પ્રમુખ અમિતભાઈ ચોરેરા, નગરપાલિકા પ્રમુખ મયંકભાઈ મોદી, શિક્ષણ ચેરમેન નરેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ઉમાબેન ભોયા, શહેર મહામંત્રી અક્ષય ચૌધરી, જીગ્નેશ કાપડિયા તથા નગરપાલિકાના સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.શાળાના આચાર્ય હેતલ પરમારના માર્ગદર્શન તથા શિક્ષકમિત્રોના સહયોગથી યોજાયેલો વિજ્ઞાન મેળો સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# ધરમપુર પુસ્તકાલયમાં 'યુવા સંવાદ' કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** ગુજરાત રાજ્યની યુવા પેઢીમાં વાંચનની ટેવ વિકસે અને વધુમાં વધુ યુવાનો ગ્રંથાલયનો ઉપયોગ કરતા થાય તે હેતુસર ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના ગ્રંથાલય ખાતા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'યુવા સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત સરકારી તાલુકા પુસ્તકાલય, ધરમપુર, જિલ્લા વલસાડ ખાતે તા.૧૩ ઓગસ્ટ ૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૧૧ઃ૩૦ કલાકે યુવા સંવાદ યોજાશે.કાર્યક્રમમાં ધરમપુર તાલુકાના યુવાનો અને યુવતીઓ સાથે સંવાદ કરી તેમને માર્ગદર્શન આપવા માટે ડો. ભાવેશ વાળા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન યુવાનો સાથે વિવિધ વિષયો અંગે સંવાદ તેમજ તેમના શૈક્ષણિક અને વ્યક્તિગત વિકાસ માટે માર્ગદર્શન આપવામાં આવશે.

યુવા પેઢીમાં વાંચન સંસ્કૃતિ વિકસાવવા તથા ગ્રંથાલયોને જ્ઞાન અને માર્ગદર્શનના કેન્દ્ર તરીકે વધુ ઉપયોગી બનાવવાના હેતુથી યોજાનારા આ કાર્યક્રમમાં ધરમપુર તાલુકાના તમામ યુવાનો-યુવતીઓ તથા લાઈબ્રેરીના વાચકોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

# વલસાડમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સાધન સહાય કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ બીઆરસી ભવન ખાતે સમગ્ર શિક્ષા સમાવેશી શિક્ષણ શાખાના જિલ્લા શિક્ષણાધિકારી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં બાલવાટિકાથી ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને જરૂરીયાત મુજબની સાધન-સહાય મળી રહે તે હેતુથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ તા.૦૩/૦૮/૨૦૨૬થી ૦૬/૦૮/૨૦૨૬ સુધી ધરમપુર - કપરાડા, વાપી - ઉમરગામ અને વલસાડ-પારડી તાલુકા યોજાયો હતો. જેમાં ૩૯૭ જેટલા વિદ્યાર્થીઓને અંદાજિત રકમ રૂા.૩૭,૩૭,૯૮૮/- સાધન સહાય આવનારા દિવસોમાં પુરી પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં તમામ તાલુકાના બી.આર. સી.કો. ઓર્ડિનેટર, જિલ્લા આઈ.ઈ.ડી. કો.ઓર્ડિનેટર, તમામ સ્પેશીયલ એજ્યુકેટર, એલિમ્કોમાંથી આવેલા ડોક્ટર દ્વારા આ કેમ્પને સફળ બનાવવામાં આવ્યો હતો.

# દમણમાં 'દેશના રક્ષકોના નામ એક રાખડી' અભિયાન યોજાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા ૧૨ :** રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે નાઈટિંગેલ ફાઉન્ડેશન, દમણ દ્વારા દેશની સરહદો પર તૈનાત જવાનો પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરવા માટે 'દેશના રક્ષકોના નામ એક રાખડી' વિશેષ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અભિયાનમાં મોટી સંખ્યામાં નાગરિકો અને સામાજિક કાર્યકરોએ ભાગ લઈ દેશના વીર જવાનોને રાખડીઓ સમર્પિત કરી હતી. આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય અતિથિ બ્રહ્માકુમારીની વરિષ્ઠ રાજયોગિની કાંતા દીદીજી રહ્યા હતાં. વિશેષ અતિથિ તરીકે શૌર્ય રક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ, વાપીની સ્થાપક અશ્વિની રાણે, માનદેશી ફાઉન્ડેશનના સંયોજક જ્યોતિ કલપાંડે, લેખાકાર મંજુ પાટીલ તથા શિવમ મિત્ર મંડળના અધ્યક્ષ જ્યોતિબહેન પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. નાઈટિંગેલ ફાઉન્ડેશન, દમણના સ્થાપક અધ્યક્ષા પ્રતિભાતાઈ સ્માર્ટએ જણાવ્યું હતું કે, નાઈટિંગેલ ફાઉન્ડેશન હંમેશા સમાજ સેવા અને દેશ સેવાના કાર્યોમાં અગ્રેસર રહ્યું છે. રક્ષાબંધનના માધ્યમથી આજે અમે સંદેશ આપ્યો છે કે આપણો દરેક રાખડીનો દોરો દેશના જવાનો સાથે જોડાયેલો છે. આપની એક રાખડી તેમની હિંમત બનશે.ä કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સામાજિક કાર્યકરો, મહિલાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત સૌએ દેશની સરહદોનું રક્ષણ કરી રહેલા જવાનોની લાંબી આયુષ્ય અને દેશની સુરક્ષા માટે પ્રાર્થના કરી હતી. નાઈટિંગેલ ફાઉન્ડેશન દ્વારા એકત્ર કરવામાં આવેલી રાખડીઓ શૌર્ય રક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ, વાપીના માધ્યમથી દેશની સરહદો પર તૈનાત સૈનિકો સુધી પહોંચાડવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નાઈટિંગેલ ફાઉન્ડેશનના સંયુક્ત ખજાનચી અનિતા કબાડી, સંયોજક અર્ચના પખાલે, સહ-સંયોજક ઉજ્જવલા સેન્ડે, મીડિયા પ્રભારી શીતલ ધવડે, મંજુદેવી વર્મા, કાર્યકારી સભ્ય વૈશાલી અદયાલ, વૈશાલી ભાવસાર, સુનીતા પાટોલે, યોગિતા જૈન, પલ્લવી પાટીલ, અર્ચના શર્મા, મનીષા પાટીલ, તૃપ્તિ પરાતે, લીના પાટીલ, અંજલી માલોદે, ઉજ્જવલા મોરે, શ્રુતિ સ્માર્ટ, કંચન ચૌધરી સહિતના સભ્યોએ સક્રિય સહયોગ આપ્યો હતો.નાઈટિંગેલ ફાઉન્ડેશન, દમણે અભિયાનને સફળ બનાવવા બદલ તમામ સહયોગીઓ તથા ઉપસ્થિત નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દમણમાં રાષ્ટ્રીય ચેસ ચેસ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૨ :** NUMA INDIA ચેસ કમિટીએ ૯ ઓગસ્ટના રોજ દમણના બાલ ભવન ખાતે NUMA INDIA જ્થી CPL ૨૦૨૬ રાષ્ટ્રીય ઓપન ચેસ ચેમ્પિયનશિપનું આયોજન કર્યું હતું. આ રાષ્ટ્રીય સ્તરની ચેસ સ્પર્ધામાં આશરે ૨૦૦ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં તેમની ચેસ પ્રતિભા અને એથ્લેટિક કૌશલ્યનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

વિવિધ પ્રદેશોના ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં ઉત્તેજક મેચો રમી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ખેલાડીઓ માટે વધુ સારું સ્પર્ધાત્મક પ્લેટફોર્મ પૂરું પાડવાનો અને દમણ સહિત વિવિધ પ્રદેશોમાં ચેસની રમતને પ્રોત્સાહન આપવાનો હતો.

સ્પર્ધામાં ટોચના ૧૦ ખેલાડીઓને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. બધા સહભાગીઓને પ્રશંસા મેડલ, ભેટો અને પ્રમાણપત્રો પ્રાપ્ત થયા હતાં.

આ પહેલનો હેતુ ખેલાડીઓનું મનોબળ વધારવાનો અને ભવિષ્યમાં વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રેરણા આપવાનો હતો.

મુખ્ય મહેમાન આઈમન ગુપ્તાએ આ પ્રસંગે હાજરી આપી હતી. દમણના મહાદેવ રેવણકર અને ગુજરાતના શિવ પ્રસાદે સ્પર્ધાના મુખ્ય નિર્ણાયકો તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમના સક્ષમ માર્ગદર્શન અને નિષ્પક્ષ નિર્ણય લેવાથી સ્પર્ધાનું સફળ અને વ્યવસ્થિત સંચાલન સુનિશ્ચિત થયું.

ઓમ રેવણકર, પાર્થ પારડીકર, નિકિતા ઉદેશી, સ્નેહા જરીવાલા, મીત બોરાડ, પ્રાંશુ ગજરે, પ્રતિભા રાય, સાહિલ પાંડે, હર્ષ બારી, પીયૂષ પવાર, શ્રેયા સિંહ, જયા સિંહ, જુહી સિંહ, દીપેશ પટેલ, અનિકેત પાસવાન અને યુવરાજ રાઠોડની બનેલી સત્તાવાર આયોજક ટીમે આ કાર્યક્રમને સફળ બનાવવામાં નોંધપાત્ર અને પ્રશંસનીય સહયોગ આપ્યો હતો.

# દમણ પોલીસ અને સરકારી એન્જિનિયરિંગ કોલેજ વચ્ચે સાયબર જાગૃતિ માટે એમઓયુ કરાયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૨ :** દમણમાં સાયબર સુરક્ષા, સાયબર ક્રાઈમ નિવારણ અને જનજાગૃતિને વધુ મજબૂત બનાવવા માટે દમણ પોલીસ અને સરકારી એન્જિનિયરિંગ કોલેજ, દમણ વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) કરવામાં આવ્યો છે. આ એમઓયુ અંતર્ગત સાયબર સુરક્ષા, તાલીમ, સંશોધન અને સમુદાય સાથે જોડાણના ક્ષેત્રોમાં બંને સંસ્થાઓ સાથે મળીને કામગીરી કરશે.

એમઓયુ પર દમણના પોલીસ અધિક્ષક કેતન બંસલ, આઈપીએસ અને સરકારી ઈજનેરી કોલેજ, દમણના પ્રિન્સિપાલ પ્રોફેસર અવિનાશ ચૌધરીએ હસ્તાક્ષર કર્યા હતાં.

આ પહેલ હેઠળ સાયબર અવેરનેસ વોલન્ટિયર પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને સાયબર વોલન્ટિયર તરીકે જોડવામાં આવશે અને દમણ પોલીસ દ્વારા તેમને સાયબર સુરક્ષા, સાયબર ક્રાઈમથી બચાવ, સુરક્ષિત ડિજિટલ વ્યવહાર તેમજ ડિજિટલ પ્લેટફોર્મના જવાબદાર ઉપયોગ અંગે તાલીમ આપવામાં આવશે.

તાલીમ પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓ પોલીસ અધિકારીઓ સાથે મળીને સમાજમાં સાયબર જાગૃતિ ફેલાવશે. આ માટે વર્કશોપ, પ્રેઝન્ટેશન, જાગૃતિ અભિયાન, સોશિયલ મીડિયા સહિતના વિવિધ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવશે.

એમઓયુ અંતર્ગત સંયુક્ત સંશોધન, વિશેષ તાલીમ, નિષ્ણાતોના વ્યાખ્યાનો, વર્કશોપ તેમજ બંને સંસ્થાઓના પરસ્પર હિતના ક્ષેત્રોમાં ટેક્નોલોજી આધારિત ઉકેલો વિકસાવવાની કામગીરી પણ કરવામાં આવશે.

આ પહેલથી યુવાનોની ટેકનિકલ ક્ષમતા અને ઉત્સાહનો ઉપયોગ કરીને દમણમાં સાયબર જાગૃતિ વધારવા અને વધુ સુરક્ષિત તથા ડિજિટલી સક્ષમ સમાજના નિર્માણ તરફ મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. દમણ પોલીસ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ સાથે ભાગીદારી વધારી ટેક્નોલોજી આધારિત અને જનકેન્દ્રિત પોલીસિંગને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.

# વલસાડની જમનાબા વિદ્યાલયમાં નારી વંદન ઉત્સવ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડની જમનાબા સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન દ્વારા નારી વંદના ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત મહિલા અને બાળ આરોગ્ય દિવસ નિમિત્તે વિદ્યાર્થીનીઓ માટે આરોગ્ય, સુરક્ષા અને હેલ્પલાઈન સેવાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન અંગે વિદ્યાર્થીનીઓને મહિલા અને બાળ સુરક્ષા તેમજ હેલ્પલાઈન સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. મહિલાઓ અને બાળકો મુશ્કેલીમાં હોય ત્યારે હેલ્પલાઈનનો સંપર્ક કેવી રીતે કરવો અને કઈ પરિસ્થિતિમાં મદદ મેળવી શકાય તે અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓને મહિલા અને બાળ આરોગ્ય, વ્યક્તિગત સ્વચ્છતા, પોષણ, સંતુલિત આહાર અને સ્વસ્થ જીવનશૈલી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવા, સ્વચ્છતા જાળવવા અને પોષણયુક્ત આહાર અપનાવવા માટે -ોત્સાહિત કરવામાં આવ્યા હતા. નારી વંદન ઉત્સવ-૨૦૨૬નો મુખ્ય હેતુ મહિલાઓ અને બાળકોના અધિકારો, આરોગ્ય, સુરક્ષા, સશક્તિકરણ અને કલ્યાણ અંગે સમાજમાં જાગૃતિ લાવવાનો છે. આ કાર્યક્રમમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની વલસાડ ટીમ તથા ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને મહિલા અને બાળ આરોગ્ય, સુરક્ષા તથા હેલ્પલાઈન સેવાઓ અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -**સંપાદક**

## હૃદયનો ભાર, મનનો મલ્હાર

**કિંજલ પંડયા**
**પારડી**



મનને હળવું રાખવું એ આજના ભાગદોડભર્યા જીવનમાં કોઈ લક્ઝરી નથી, પરંતુ એક પરમ આવશ્યકતા છે. સવારથી સાંજ સુધી આપણે અગણિત વિચારો, જવાબદારીઓ, ચિંતાઓ અને ભવિષ્યના આયોજનોનો બોજ મન પર લઈને ફરીએ છીએ. જેમ એક નાની થેલીમાં વધારે પડતો સામાન ભરી દેવાથી તે ભારે થઈ જાય છે અને ઊંચકવી મુશ્કેલ બને છે, તેમ જ જ્યારે મન ચિંતાઓથી ભરાઈ જાય છે ત્યારે જીવનનો સહજ આનંદ ગુમ થઈ જાય છે. આપણે ઘણીવાર ભૂલી જઈએ છીએ કે મન પણ શરીરની જેમ થાકે છે અને તેને પણ વિશ્રામની જરૂર હોય છે.

હળવા થવાની શરૂઆત સ્વીકારથી થાય છે. જીવનમાં બધું જ આપણા નિયંત્રણમાં હોતું નથી અને દરેક પરિસ્થિતિને આપણી મરજી મુજબ બદલી શકાતી નથી, આ સત્યને સ્વીકારી લેવાથી મનનો અડધો બોજ ક્ષણવારમાં ઓછો થઈ જાય છે. ભૂતકાળની ભૂલોનો પસ્તાવો અને ભવિષ્યની અણધારી ચિંતાઓને થોડીવાર માટે બાજુ પર મૂકીને વર્તમાન ક્ષણમાં જીવવું એ જ મનને શાંત કરવાનો સર્વશ્રેષ્ઠ માર્ગ છે.

જ્યારે પણ મન ભારે લાગે ત્યારે કુદરતની નજીક જવું, ખુલ્લી હવામાં ઊંડા શ્વાસ લેવા, મનપસંદ સંગીત સાંભળવું કે કોઈ પ્રિયજન સાથે દિલ ખોલીને વાત કરી લેવી ખૂબ મદદરૂપ બને છે. મનને હળવું રાખવાનો અર્થ એ નથી કે જીવનમાં કોઈ મુશ્કેલીઓ જ નહીં હોય, પરંતુ એનો અર્થ એ છે કે મુશ્કેલીઓની વચ્ચે પણ આપણે આપણી આંતરિક શાંતિ ખોવા નહીં દઈએ. જ્યારે આપણે દરેક નાની વાતને મન પર લેવાનું છોડી દઈએ છીએ અને ક્ષમા આપતા તથા જતું કરતા શીખી જઈએ છીએ, ત્યારે મન એકદમ હળવુંફૂલ બની જાય છે અને જીવનની દરેક ક્ષણ સુંદર લાગવા માંડે છે.

## નારી શક્તિ : દેશનો આધાર

**અંજલિ પ્રજાપતિ**
**પારડી**



નારી સશક્તિકરણ એ માત્ર એક વિચાર કે ચર્ચાનો વિષય નથી, પરંતુ તે આધુનિક યુગમાં સમગ્ર માનવ સમાજના વિકાસની સૌથી પહેલી અને મહત્વની શરત છે. સશક્તિકરણનો સીધો અને સરળ અર્થ એ થાય છે કે મહિલાઓને તેમના પોતાના જીવન સાથે જોડાયેલા તમામ નિર્ણય લેવાની પૂર્ણ સ્વતંત્રતા મળે, તેમજ તેમને શિક્ષણ, આરોગ્ય, રોજગારી અને રાજકારણ જેવા દરેક ક્ષેત્રમાં પુરુષોની સમકક્ષ સમાન તકો પ્રાપ્ત થાય. ભારત જેવા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતા દેશમાં વૈદિક કાળથી જ સ્ત્રીઓને પૂજનીય અને જ્ઞાનવાન માનવામાં આવી છે, પરંતુ સમય જતાં કેટલીક સામાજિક કુરિવાજો અને માનસિકતાના કારણે તેમની સ્થિતિમાં ઘટાડો થયો હતો. આજે ૨૧મી સદીમાં મહિલાઓને ફરીથી તેમનો આત્મસન્માન, અધિકાર અને ગૌરવપૂર્ણ સ્થાન પાછું અપાવવા માટે નારી સશક્તિકરણ એક ચળવળના રૂપમાં આગળ વધી રહ્યું છે. સ્ત્રી સશક્તિકરણની શરૂઆત શિક્ષણથી થાય છે, કારણ કે શિક્ષિત સ્ત્રી માત્ર પોતાના અધિકારો પ્રત્યે જાગૃત નથી થતી, પરંતુ તે આખા પરિવાર અને આવનારી પેઢીનું ભવિષ્ય પણ સુધારે છે. જ્યારે એક મહિલા આર્થિક રીતે આત્મનિર્ભર બને છે, ત્યારે સમાજમાં અને પરિવારમાં તેનું સ્થાન મજબૂત થાય છે અને તેની નિર્ણય લેવાની ક્ષમતામાં પણ વધારો થાય છે. આજે આપણી આસપાસ નજર કરીએ તો શિક્ષણ, રમતગમત, અવકાશ વિજ્ઞાન, રાજકારણ, વ્યાપાર કે સુરક્ષા ક્ષેત્રે મહિલાઓએ પોતાની પ્રતિભા અને તાકાત સાબિત કરી બતાવી છે. દેશના વિકાસમાં સ્ત્રીઓનો ફાળો એટલો જ મહત્વપૂર્ણ છે જેટલો પુરુષોનો છે, અને જો વસ્તીનો અડધો ભાગ આર્થિક કે સામાજિક રીતે પાછળ રહી જાય, તો દેશનો સર્વાંગી વિકાસ ક્યારેય શક્ય બની શકતો નથી. જોકે, આજના સમયમાં પણ મહિલાઓના આ સશક્તિકરણના માર્ગમાં અનેક પડકારો અસ્તિત્વ ધરાવે છે. પુરુષ-ધાન માનસિકતા, ઘરેલુ હિંસા, સમાન કામ માટે અસમાન વેતન અને સુરક્ષાની ચિંતા જેવા મુદ્દાઓ આજે પણ સ્ત્રીઓની પ્રગતિમાં રૂકાવટ બની રહ્યા છે. આ પરિસ્થિતિને બદલવા માટે માત્ર કાયદાઓ બનાવવાથી કંઈ નહીં થાય, પરંતુ સમાજની વિચારસરણીમાં ઊંડો બદલાવ લાવવો પડશે.

છોકરા અને છોકરી વચ્ચેનો ભેદભાવ નાનપણથી જ નાબૂદ કરવો પડશે અને પુરુષોએ પણ સ્ત્રીઓના અધિકારો માટે સમાન ભાગીદાર બનવું પડશે.

અંતમાં, સ્ત્રી સશક્તિકરણ એ માત્ર મહિલાઓની લડાઈ નથી, પરંતુ તે એક સંતુલિત, સુરક્ષિત અને સમૃદ્ધ સમાજના નિર્માણ માટેનો પાયો છે. જ્યારે સ્ત્રીઓને મુક્તપણે જીવવાનો, ભણવાનો અને આગળ વધવાનો અવસર મળશે, ત્યારે જ ખરા અર્થમાં એક સશક્ત અને આધુનિક રાષ્ટ્રનું નિર્માણ શક્ય બનશે.

## વિચારવાની આ ક્ષણે...!

**લાયન કિરીટ શાહ**
**વાપી**



એક એવા ત્રિભેટે આવીને ઉભા છીએ આપણે જ્યાં એક તરફ અમાપ વિરાટ અવકાશ છે પ્રગતિ માટે, સફળતા માટે, કંઈક બનવા માટે. તો બીજી તરફ ઘોર નિરાશા અને હતાશા સભર ભયસ્થાનો ઝળુંબી રહેલા સ્પષ્ટ દેખાય છે. એક તરફ દેખાય છે આશાભર્યા લીલા છમ્મ ઉપવનો ને બીજી તરફ વર્તાય છે હતાશા સભર બળબળતા અંધકારભર્યા રણ..! હા, આ આજના સમયની વરવી વાસ્તવિકતા છે. હકીકત છે. તમામ સ્તરે જોવા મળી રહેલી જમીની હકીકત છે, સત્ય છે. આજે એક આશાસ્પદ વિદ્યાર્થી હોય, નોકરી શોધતો યુવાન હોય, ધંધાદારી વ્યક્તિ હોય, ખેડૂત હોય કે વેપારી, સરકારી અફસર કે? નોકરીયાત હોય, દાકતરીનો અભ્યાસ કરતી યુવા પેઢી કે જી નીટ જેવી પરિક્ષાઓ પાસ કરવા મથતી યુવા પેઢીના સંતાનો. રોજ સવાર પડે, સમાચારપત્રો ખોલો કે ટીવીની સ્વીચ ઓન કરો, દરેક ક્ષેત્રે ઘટતી આત્મહત્યા એક રોજીંદી ઘટના બનતી જોવા મળે છે ત્યારે ચોક્કસ જ આ વિચારવા માટેની ક્ષણ છે. પ્રત્યેક ક્ષેત્રમાં વ્યાપેલ ભ્રષ્ટાચાર, પછી તે સરકારના સ્તરે હોય, જાહેર જનતા માટેની સુવિધાઓમાં હોય, શિક્ષણ ક્ષેત્રે હોય, રાજકારણમાં હોય, લેવાતી પરિક્ષાઓમાં અને તેના બનાવાતા પરિણામોમાં હોય, આરોગ્ય ક્ષેત્રે હોય, પંચાયતી સંસ્થાના અમલીકરણમાં હોય કે નગરપાલિકાઓના સંચાલનમાં હોય, અસહ્ય એવા વિલંબીત ન્યાય પ્રણાલીમાં હોય, આ તમામ બાબત દ્વારા આપણે એટલેકે માબાપ, સરકાર, શિક્ષણ સંસ્થાઓ યુવા પેઢીને શું આપવા માગીએ છીએ, શું આપી રહ્યા છીએ ને એના પરિણામો શું આવી શકે એ બાબત વિચારવાની આ ક્ષણ છે. આવતી કાલ માટે નિરાશ એવી યુવા પેઢી દિશા શૂન્ય થઈ દિશાવિહીન બની રહી છે. વ્યસનોના રવાડે ચડી રહી છે, ગુમનામ થઈ રહી છે એ માટે શું આપણે જવાબદાર નથી..! હાલ ચાલી રહેલ યુવા આંદોલનો માબાપ, સરકાર અને ભ્રષ્ટ શિક્ષણ વ્યવસ્થાનું દેખીતું પરિણામ છે. આવનારી કાલનો સંકેત છે. યુવાઓનો આ વિદ્રોહ સમાજની બેજવાબદારીનો પૂરાવો નથી લાગતો..? શું આપી રહ્યા છીએ આપણે આપણા સંતાનોને..? પરિક્ષાઓમાં આચરાયેલી જણાતી ગેરરિતી માટે જવાબદાર કોણ છે? માત્ર સરકાર.? શું પરિક્ષાના ફૂટેલા ને વેચાયેલા પેપરોના ખરીદાર માબાપ નહીં હોય.? ડીમાન્ડ હોય તો જ સપ્લાય થાય આ તો વેપારનો નિયમ છે. ને કેટલાક માલદાર માબાપ પોતાના ઠોઠ સંતાન માટે આવી ગેરરિતી માટે પૈસા ફેંકવા તૈયાર હોય તો જ આ શક્ય બનેને..! પણ એવા સો બસો માબાપ ને એના સંતાનોના આવા ભ્રષ્ટ કૃત્યો બીજા લાખો સક્ષમ અને મહેનતુ એવા પ્રમાણિક વિદ્યાર્થીઓના હિતનું શું.? જડબેસલાક પરિક્ષા અને પરિણામ લક્ષી સમાન શિક્ષણવ્યવસ્થા આજની પહેલી જરૂરીયાત છે જેના પર વિચારની ગંભીર આવશ્યકતા જણાય છે. કોમન સીવીલ કોડ સાથે કોમન એજ્યુકેશન સીસ્ટમ શા માટે નહીં..? તમામ માટે સમાન શિક્ષણ વ્યવસ્થા શા માટે નહીં.? મહારાષ્ટ્રમાં જે દારુની છૂટ તેની પર ગુજરાતમાં દારૂબંધીનો દેખાડો, ને મહારાષ્ટ્રમાં ગૂટકા પર પ્રતિબંધ ને ગુજરાતમાં સરેઆમ વેચાણ..! નવાઈ લાગે છે. શા માટે સમગ્ર દેશમાં સમાન આચારસંહિતા અને કાયદા સમાન ન હોવા જોઈએ..? ધનિકોના સંતાનો માટે વૈભવી શિક્ષણ વ્યવસ્થા શા માટે અલગ..? અલગ અલગ બોર્ડ અને અલગ અભ્યાસક્રમની છૂટ શું અલગાવ અને નિરાશા કે? હતાશા પેદા નથી કરતું.? ભેદભાવ નથી પેદા કરતું.? જંતર મંતર અને રાંચીની ઘટનાઓ તો શરુઆત છે. સમાનતાની વાત કરતી સરકાર, તેના અમલ કરાવવા જવાબદાર એવા કેટલાક અફસરો, ને કેટલાક ધનિક માબાપો જે મતભેદોની દિવાલ ઉભી કરી સમાજને બે ભાગમાં વહેંચવામાં નિમીત્ત બને છે તેમને અટકાવવા આજે હવે વિચાર કરવાની, મનન ચિંતન કરવાની અને અસરકારક પગલાં લેવાની આ ક્ષણે જો આપણે જાગૃત થશું નહીં તો ભવિષ્ય અંધકારમય હશે. આપણું જ નહીં, આપણાં સંતાનો સાથે, આ રાષ્ટ્રનું પણ..! હજી સમય છે, ઓછો છે, જાગવું રહ્યું, વિચારવું રહ્યું, આપણાં સંતાનો, આપણાં રાષ્ટ્ર અને આપણી આવતી કાલ માટે..! ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!.

## જેણે મદદ કરી હોય એમનું ઋણ ચૂકવવા માટે તત્પર છો ?

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**




માણસ ભલે એકલો જન્મે પણ જન્મતાંવેત એ સંબંધોથી ઘેરાઈ જાય છે. લોહીના સંબંધો અને લોહી વિનાના સંબંધોની વચ્ચે રહીને દરેક માણસનું જીવન પસાર થતું હોય છે. દુનિયાની કોઈપણ વ્યક્તિ સંબંધ વિના રહી શકતી નથી. ક્યારેક સંબંધ થકી સહારો મળે છે તો ક્યારેક ક્યારેક સહારા થકી સંબંધ બંધાય છે. ટૂંકમાં કોઈ કારણસર એક માણસ બીજા માણસના સંપર્કમાં તો આવતા હોય છે. કોઈ વ્યક્તિનું જીવનમાં આવવું અગત્યનું નથી પરંતુ આવ્યા પછી ટકી રહેવું એ અગત્યનું છે. આ સ્વાર્થી દુનિયામાં માણસને ભૂલવાની ટેવ પડી ગઈ છે. કામ હોય ત્યાં સુધી યાદ રાખવાના અને જેવું કામ પતે કે મદદ કરનાર સામેના માણસને ભૂલી જવુ અને જો કાંઈ યાદ રાખે તો એ પણ શું યાદ રાખશે...? તમારા થકી જો ભૂલ થઇ હોય તો એ ભૂલને યાદ રાખવી. તમે કોઈનું ૯૯ સારુ કામ કર્યું હોય પણ જાણ્યા અજાણ્યે ૧ કામ જો ખરાબ એમના મરજીની વિરુદ્ધ થઇ જાય તો બાકીના ૯૯ ભૂલી જાય અને પેલી બાબતને પકડીને જ ગામ ગજાવે છે. લોકોની આ માનસિકતાને કારણે હવે એક માણસ બીજા માણસની મદદ કરતો અચકાય છે. ભૂલી જવુ જોઈએ ભૂલવાની ના નથી પરંતુ કઈ બાબતને ભૂલી જવી જોઈએ એનો વિવેક હોવો ખૂબ જ અગત્યનું છે. તમારા સારા સમયમાં તમારી સાથે રહ્યા હોય તમારા ઊગતા સૂરજને જેણે સલામ ભરી હોય એવા લોકોને ભૂલી જાવ તો ચાલશે પરંતુ એવા લોકોને ક્યારેય ભૂલવા ન જોઈએ જેણે તમારા નબળા સમયમાં સાથ આપ્યો હોય જે સમયે તમે સંઘર્ષ કરી રહ્યા હતા એવા જેણે તમને સહારો આપ્યો હોય એવા લોકોને તો ક્યારે ભૂલવા જોઈએ નહિ કારણ કે તમારી સાથે હસનાર તો ઘણા મળી જશે પણ પોતાનો ખભો ધરી રડી લેવાની જગ્યા આપનાર ખુબજ ઓછા મળે છે. જેમની સાથે આંસુ સાર્યા હોય તેને ક્યારેય ભૂલશો નહિ.

ખાનદાની ખુમારી તો માણસનો એક મહત્વનો ભાગ છે જે એને પરિવાર દ્વારા મળે છે. આપણે એટલા તો સ્વાર્થી ન જ બની જવુ જોઈએ કે જેણે આપણા કપરા સમયમાં સાથ આપ્યો હતો. સમયના વહેણની સાથે સંબંધોમાં પણ બદલાવ આવે એ સ્વભાવિક છે. જીવનમાં નવા માણસનું આવવું અને જુનાનું જવુ એ સામાન્ય બાબત છે. ઉંમરના જુદા જુદા પડાવમા તમે જે જે માણસના સંપર્કમાં આવો છો એ તમામ સાથે સ્નેહના સેટૂ બંધાય જ. મૂળ મુદ્દો એટલો જ છે તમને મદદ કરનાર કેટલા લોકોને તમે ભૂલ્યા નથી અથવા એનું ઋણ ચૂકવવા માટે તત્પર છે એ વાત તમારી સમજણ અને તમારી ખાનદાની નક્કી કરે છે.જિંદગીમા તમે બીજું કાંઈ યાદ રાખો કે ના રાખો પણ જે માણસ તમારા ઉપર આંખો બંધ કરીને ભરોસો કરેને એને ક્યારે ડગો ન આપતાં, એની સાથે છલ ના કરતા અને જે માણસ તમને હદથી વધારે પ્રેમ કરે છે. એને ક્યારે કોઈ દી નફરત ના કરતા એના પ્રત્યે તમારા હદયમાં પ્રેમ રાખજો અને જે માણસ તમારા સૌથી ખરાબ સમયમાં મદદ કરેને અને માણસને જયારે જરૂર પડેને ત્યારે એની મદદ કરવામાં કોઈ દી પાછા નહીં પડતા અને આ વાત ખાસ યાદ રાખજો કોઈએ આપણી સેવા કરી હોય તો તેને ક્યારેય ભૂલવી ન જોઈએ અને આપણે જેની સેવા કરી હોય તો તેને ક્યારે યાદ ન રાખવી જોઈએ જિંદગી ત્યારે સારી લાગે છે જયારે આપણે પોતાના જીવનમાં ખુશ હોઈએ છીએ પણ શ્રેષ્ઠ જીવન તો તેને જ કહેવાય જયારે લોકો આપણાથી ખુશ હોય છે.

## ઘરમાં ધર્મને સ્થાન આપો

**હર્ષદ દેસાઈ**
**વટાર**



ધર્મની ક્રિયાઓ કરનારો માણસ પોતાના ઈષ્ટદેવને આરાધતો જ હોય એટલે એના અહંકારનો ભૂકો થાય છે છેવટે તે ઈષ્ટદેવી તરફ શિર ઝુકાવીને એટલો સમય તે અભિમાનને દુર મુકે જ છે. જેમ પશુલાનથી કરુણા ગુણ કેળવાય છે જેમ સંયુકત કુટુંબ પ્રાણાલીથી સહિષ્ણુતા ગુણ વિકસે છે. તેમ પરમાત્મ પૂજનથી નમ્રતા ગુણની કેળવણી મળે છે.. વળી ધર્મની ક્રિયાઓ કરનાર માણસ સામાન્ય રીતે ધર્મતત્વનું જ્ઞાન પણ અવાર નવાર સત્સંગ વગેરે દ્વારા પામતો રહે છે. જીવનનું મુલ્ય પણ સમજે છે. ગુણોની વિશેષતાઓ અને દોષોની અધમતાને પણ તે જાણે છે એટલે તેના જીવનમાં સુંદર વિકાસ થવાની શકયતા પુરેપુરી રહે છે. બેશક જે તે રીતે સાવ જડપણે ધર્મક્રિયા કરનાર માણસો આવો જીવન વિકાસ પામવાને બદલે ક્રોધી,, અભિમાની, અસહિષ્ણુ, કપટી, કંજુશ, દુરાચારી વગેરે સ્વરૂપમાં જરુર કેટલીકવાર જોવા મળે છે ખરા પણ તે બધાને કારણે ધર્મને દોષ દેવાય નહી કે તેથી ધર્મ ક્રિયાઓ ત્યાગવાની વાત કરી શકાય નહી કેમ કે એક પણ ધર્મશાસ્ત્ર આવા દોષવાળા જીવનની કદી પણ હિમાયત કરતુ નથી. ધાર્મિક કુટુંબોમાં માત્ર શિક્ષણ હોતુ નથી. કેળવણી પણ હોય છે. જીવનનું ઘડતર અને આત્માનું સંસ્કરણ પણ હોય છે. આમાનું કશુંયે વિલાસી ઘનાઢય અને શિક્ષિત વિધર્મી કુટુંબમાં તમને જોવા મળે નહી. માટે વ ક્રોધાદિ દોષવાળુ પણ ધર્મ ક્રિયાઓ પ્રચુર કટુંબ સારુ. પરંતુ ક્ષમાદિ દેખીતા ગુણોવાળુ પણ નિધર્મી કુટ્ટુબ ખોટું. એમાં કયારે કયો ભડકો થાય તે કહી ન શકાય. કન્યા માટે શ્રીમંત, શહેરી કે શિક્ષિત મુરતીયો પસંદ કરવામાં રસ ધરાવતા તમામ માબાપણો ભીત ભુલ્યા છે. તેઓ સામે ચડીને કન્યાને ખાટકીને ઘરે મોકલી રહ્યા હોય તેવી લાગણી કેટલાાક લોકોમાં થાય છે.

આવા કુટુંબના છોકરાઓના ભીતર જીવન એકદમ ભેદી, અજ્ઞાત અને સાવ જ્ઞાનકક્ષાના હોય છે. જેની જાણકારી પત્નીને મળે છે ત્યારે તો ઘણુ મોડુ થઈ ગયુ હોય છે. પછી તો એ મારખુટ અને ગાળોનો ભોગ બનતી હોય છે. છુટાછેડા લખી દેવાની રોજની ધમકીથી પ્રેરાઈને એ નારી છુટાછેડા લખીને પિયર ભેગી થઈ જાય છે. એના સંતાનોનો પ્રશ્ન વિકરાળ બને છે એ સંતાનો ધોબીના કુતરા જેવી હાલતમાં મુકાય છે. એની મા પણ કા હારે જાય છે. કા મોતને મીઠુ કરી લે છે.

શિક્ષિત શ્રીમંત અને શહેરી કન્યાની પસંદગીમાં વર પક્ષના માબાપો પણ આજી જ રીતે ભાન ભુલે છે સાસરે આવેલી તે કન્યાની દાદાગીરી, અણઆવડતો, સ્વચ્છંદતા, પુરુષમિત્રો, સાથેની મૈત્રી, પુષ્કળ શોખીન જીવન, વગેરે ૦દષો ઉત્તરોત્તર વધતા જઈને એ ઘરને કજિયા કંકાસથી ભરપુર બનાવે છે. પતિ માટે એ ત્રાસરૂપ બને છે કો પતિને લઈને જુદી રહે છે.

જીવન ખતમ કરે છે. કા સાસરીઓના જીવતર ઝેર કરી નાંખે છે. તેઓને દીકરી ગુમાવ્યાનો આભાસ સતત થયા કરે છે.દરેક ભારતવાસીઓએ તમામ ઘરોમાં એક બોર્ડ ઘરના મુખ્ય સ્થળે લગાડાવી દઉ જેમાં લખ્યું હોય કે મારે બધા વિના ચાલશે પણ ધર્મ વિના તો નહી જ ચાલે..પહેલા પ્રભુભજન કે પહેલા ગર્ભપાતનો ત્યાગ, પહેલા ગુરુ-પુજન કે પહેલું નારીને અપમાન - મુકિત ? પહેલા ગુરુ સેવા કે પહેલી મા બાપની સેવા ? ખેર, યોગ્ય રીતે કુટુંબને જો ધર્મક્રિયાવાન બનાવશો તો કુટંબને સુખ, શાંીત, પ્રસન્નતા, આરોગ્ય અને સંપવાળુ અવશ્ય બની જશે. ચાલો ત્યારે ઉપયુકત દસ ગુણોને તમે કેળવો, તમારા કુટુંબને એનાથી સભર બનાવો અને તમારા સહ્નો માનવ ભવ સફળ કરો.

## વારંવારના પૂરથી માર્ગ-રેલ વ્યવહાર ખોરવાયો

**સતીશ પટેલ**
**સુખાલા**

દક્ષિણ ગુજરાત સહિત વિવિધ વિસ્તારોમાં ચોમાસા દરમિયાન પડતા ભારે વરસાદ અને સર્જાતી પૂર જેવી પરિસ્થિતિને કારણે આંતરરાજ્ય માર્ગો, રાષ્ટ્રીય ધોરીમાર્ગો, પુલો તેમજ રેલવે વ્યવહાર પર ગંભીર અસર થતી હોવાના બનાવો સામે આવી રહ્યા છે. માર્ગો પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર બંધ થઈ જાય છે, જ્યારે અનેક સ્થળોએ પુલો પર પાણી ચઢી જવાથી લોકોની અવરજવર અટકી જાય છે. આવી પરિસ્થિતિમાં માત્ર તાત્કાલિક રાહત અને રસ્તા ખુલ્લા કરવાની કામગીરી પૂરતી ન ગણાય, પરંતુ વર્ષોથી યથાવત રહેલી સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લાંબા ગાળાનું આયોજન કરવું જરૂરી બન્યું છે. દર વર્ષે ભારે વરસાદ દરમિયાન માર્ગો અને પુલો પાણીમાં ગરકાવ થવાથી વાહનવ્યવહારને મોટું નુકસાન થાય છે. વેપાર-ધંધો, ખેતી, ઉદ્યોગો અને રોજિંદા જીવન પર તેની સીધી અસર પડે છે. અનેક વખત કલાકો સુધી અને કેટલીક જગ્યાએ દિવસો સુધી રસ્તાઓ બંધ રહેતા લોકોની મુશ્કેલીમાં વધારો થાય છે. આ ઉપરાંત રેલવે વ્યવહાર ખોરવાતા મુસાફરો તેમજ માલ પરિવહનને પણ અસર પહોંચે છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે જ્યાં વારંવાર પાણી ભરાય છે તેવા માર્ગોના સ્તર ઊંચા કરવા, જૂના અને નીચા પુલોની ઊંચાઈ વધારવા તથા પૂરનાં પાણીના યોગ્ય નિકાલ માટે જરૂરી નાળાં અને કલ્વર્ટનું આયોજન કરવું જોઈએ.

દર વર્ષે કરોડો-અબજો રૂપિયાનું આર્થિક નુકસાન થતું હોય ત્યારે પ્રશ્ન એ છે કે સરકારો ક્યારે આ સમસ્યાને ગંભીરતાથી લઈને કાયમી ઉકેલ તરફ આગળ વધશે? આવનારા ચોમાસા પહેલાં સંવેદનશીલ સ્થળોની ઓળખ કરી માર્ગ, પુલ અને રેલવે વ્યવસ્થાને પૂરપ્રતિકારક બનાવવા માટે સંકલિત આયોજન કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

## ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ

**ડો. જે. એમ. નાયક**
**નવસારી**



આપણા દેશની યુવા પેઢી ડ્રગ્સના રવાડે ચડીને બરબાદ નહીં થઈ જાય તે માટે વડાપ્રધાન એ નશામુક્ત યુવા વિકસિત ભારત અભિયાનનો શુભ પ્રારંભ કર્યો તે એક ખૂબ જ સારી બાબત છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ડ્રગ્સ જેવી ઘાતક આદતોથી યુવાન યુવતીઓ દૂર રહે કે જેથી યુવા ધન અને મન અને તનથી સ્વસ્થ રહે ! આ અભિયાન અંતર્ગત દેશના લાખો યુવાઓએ નશા મુક્તિના શપથ લીધા. પરંતુ ફક્ત શપથ લેવાથી યુવાનો નશામુક્ત થઈ જવાના નથી. તેથી યુવાનોએ લીધેલા સંકલ્પ કે શપથને અમલમાં મૂકે એ પણ ખૂબ જ જરૂરી છે. આ અભિયાન અંતર્ગત આગામી ૧૦૦ રવિવાર સુધી દેશભરમાં કળા, સંસ્કૃતિ, અધ્યાત્મ અને સેવા સાથે જોડાયેલી વિવિધ ગતિવિધિઓના માધ્યમથી લોકો સુધી નશા મુક્તિનો સંદેશ પહોંચાડવામાં આવશે. ડ્રગ સામે દેશ વ્યાપી જંગ છેડવામાં આવ્યો છે જેની ઘણા લાંબા સમયથી જરૂરિયાત હતી. ડ્રગ્સ માફિયાઓ સામે કડકમાં કડક પગલાં લઈને એની સામે ફાસ્ટ ટ્રેકમાં કાયદાકીય કાર્યવાહી થાય એ ખૂબ જ જરૂરી છે. યુવાનોને ડ્રગ્સ મળતું જ બંધ થઈ જાય તે માટે સરકારે જરૂરી પગલાં આ લેવાની તાતી આવશ્યકતા છે. વડાપ્રધાનએ ભલે આ અભિયાન ૧૦૦ અઠવાડિયા માટે જાહેર કર્યું હોય પરંતુ આજ ઝુંબેશ કાયમ માટે ચાલુ રાખવી પડશે. જે રીતે આપણા દેશનું યુવાધન આલ્કોહોલ અને ડ્રગ્સના રવાડે ચડીને બરબાદ થઈ રહ્યું છે તે જોતા ખૂબ જ લાંબા ગાળા માટે ડ્રગ્સના કારોબાર સાથે સંકળાયેલાઓ પર સખત કોરડા વીંઝવાની જરૂર છે. આ અભિયાન ફક્ત સરકારી કાર્યક્રમ બનીને રહી જશે તો એના ઇચ્છિત પરિણામો મળી શકશે નહીં. સમગ્ર દેશમાં ડ્રગ્સ મુક્તિ સામેની ઝુંબેશ જનઆંદોલનમાં પરિવર્તિત થાય તો જ ધાર્યું રીઝલ્ટ મળી શકશે. ફક્ત ડ્રગ્સ લેનાર જ ડ્રગ્સ લેવાને પરિણામે બરબાદ થતો નથી પરંતુ એનું ફેમિલી સમાજ અને રાષ્ટ્ર પણ બરબાદ થાય છે.

## રમકડાં આપણને રમાડી રહ્યા છે

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



આપણે કેટલાંક લોકોને પૂછીએ કેમ છો? તો એ સહેજ ધીમે અવાજે કહે છે, જીવું છું એના અવાજને કારણે આપણે સમજીએ છીએ કે એ જીવે છે ખરો પણ, એની પાસે જીવન નથી. હું જીવું છું અને હું જીવંત છું એમાં ફેર હોય છે. આપણે બધા મળદાની જેમ જ જીવતા હોઈએ છીએ. આપણે શબવત થઈ ગયા છીએ. આપણે આપણી જાતને ઓળખતા જ નથી. આસપાસનાં જગત સાથેનો સંબંધ અતડો અને ઉપરછલ્લો છે. જાત કે જગત સાથે આત્મીયતા નથી. અહમના કુંડાળામાં આપણો પગ પડી ગયો છે, એને કારણે ઈર્ષા અને સ્પર્ધા આપણાં રમકડાં છે. આપણે એમ માનીએ છીએ કે, આપણે રમી રહ્યા છીએ. પણ સહેજ બારીક જોઈએ તો તે ખ્યાલ આવશે કે આપણને એ રમાડી રહ્યા છે. કોઈનાં શોખથી રાજી નથી થતાં પણ એનાં જેવા થવાનો પ્રયત્ન કરીએ છીએ. આ પ્રયત્નમાં આપણે કોઈનાં ચાળા પાડીએ છીએ. મૂળને ભૂલી જઈને ફળને નહીં, પણ ફળના પડછાયાને વળગીએ છીએ અને અંતે નિષ્ફળ થઈને કિંમત ચૂકવીએ છીએ. વાત તો સાવ નાની છે પણ એ ઘણું બધું સૂચવી જાય છે. કોઈનુંય સુખ કયારેય ઉછીનું મળતું નથી. ઉછીનું મળે એ સુખ હોય નહીં અને હોય તો કાયમ માટે ટકે નહીં. કોઈએ પોતાની સરખામણી બીજા જોડે ન કરવી જોઈએ.

આપણું જ આપણને મળે અને આપણું જ આપણને ફળે. ગમે એટલી સુંવાળી શય્યા હોય પણ એ જેની હોય એને માટે સુંવાળી છે. આપણે માટે તો કાંટાળી છે. જેમ કોઈનું ધન ન ખપે, તેમ કોઈ ની ચીજ પણ નખપે. આપણે વસ્તુઓનાં મોહમાં પડીએ છીએ.

કોઈકે કહ્યું હતું કે, અંગ્રેજીમાં નથીંગ શબ્દ બહુ મહત્વનો છે. એનો અર્થ માણસ થઈને જણસમાં રસ લઈએ ત્યારે માણસનું એટલે કે આપણું પોતાનું મહત્વ ઘટી જાય છે. અને વસ્તુનું મહત્વ વધી જાય છે.

મોટા ભાગના માણસો બજારમાં જઈને કેવળ ખરીદીઓ જ કરતાં હોય છે. કારણ કે, એટલો બધો ખાલીપો છે કે એને વસ્તુઓથી ભરાય એટલો ભરવો. ખરીદી પાછળ પણ ઈર્ષા અને સ્પર્ધાની સરખામણી હોય છે. બીજું કશું જ હોતું નથી. બાજુવાળા ના ઘર જેવા પડદા, ક્યાં છે? એવું એરકન્ડિશનર. આપણે ત્યાં તો ખાલી ટીવી છે. બાજુવાળાને ત્યાં તો વિડિયો છે. આપણે ત્યાં તો સ્કૂટર છે. બાજુવાળાને ત્યાં તો કાર છે.

આપણી ખરીદી એ બાહ્ય પરિણામ છે. પણ એની પાછળ રહી હોય છે અંદરની ખેંચતાણ. અને જ્યારે યેનકેન પ્રકારે આપણે વસ્તુઓ મેળવીએ છીએ ત્યારે એની કિંમત ચૂકવવી પડે છે.


આપણે જ્યારે કાયમનો કે ક્ષણનો વૈભવ માનીએ છીએ ત્યારે આ ભવે કે અન્ય કોઈ ભવે આપણાં પર કોઈને કોઈ પ્રકારની અદીઠ ચાબૂક વીઝાવાની જ છે.

એટલું પણ જો આપણે સમયસર મનોમન સમજી લઈએ તો પણ કદાચ ઊગરી જઈએ. આજના મોટાભાગનાં માનવીઓ દેખાદેખીના દરિયામાં ડૂબતા જાય છે. ઈર્ષા અને અદેખાઈની આગમાં હોમાતા જાય છે. ઈર્ષા અને દેખાદેખીના ઉંબરેથી હવે તો પાછા વળીએ !!!

ઈર્ષા, અદેખાઈ, દેખાદેખીની
આગને હાલોને ઓલવીએ.
જેટલું મળ્યું છે તેમાં મજા માણીએ
સંતોષ માનીને હાલોને જીવીએ.

## એક ધન્યવાદ એને પણ જરૂર આપજો

**નીતા પી.જાદવ**
**રાજકોટ**



એક ધન્યવાદ એને પણ જરૂર આપજો ....

જે બેલોકોના મનનાતારનેમજબૂત કરી શકે એવો જાદુઈ શબ્દ એટલે ધન્યવાદ

આમ તો આજકાલ બોલચાલમાં Thank You, Thanks જેવા અંગ્રેજી શબ્દોએ ધન્યવાદનીમીઠાસ અને અને મહત્ત્વને ઠેસ પહોંચાડી છે, પણ અંગ્રેજી પાછળ ઘેલા લોકોને ધન્યવાદ અને એની ગરિમાથીથોડા તોવાકેફ કરાવવા પણ જરૂરી છે. દુનિયામાંધન્યવાદના અઢળક સમાનાર્થી શબ્દો મળી જશે, પણ એનો ભાવ દુનિયાના કોઈ પણ દેશના કોઈ પણભાષા બોલતા કે મૂક જીવોમાંસમાન દેખાશે.જીવનમાં ઘણી એવી કપરી અને અણધારી આફત આવી પડતી હોય ત્યારે માણસને ફરી બેઠો કરવા કુદરત કોઈ માનવતાથી તરબોળ જીવને નિમિત્ત બનાવી આ દુનિયામાંમાણસાઈને જીવંત રાખે છે.

આ એક કૃતજ્ઞતાના ભાવથી ભરપૂરશબ્દ એક જીવ બીજા જીવ માટે અનુભવે છે.જીવનમાં તમે દવાખાને હોય અને પૈસા ખર્ચતા પણ જોઈતું બ્લડગ્રુપવાળું લોહી ના મળે ને કોઈ ભગવાનનો દૂત આવી રકતદાન કરી જાય ને જે ભીતરના ભાવ બોલે એનું નમ ધન્યવાદ...

મેળાની ભીડમાં અચાનક બાળકનોહાથ છૂટી જાય ને ગોતવા છતાં ના મળે ને જીવ તાળવે ચોંટી જાય ને ઈશ્વર સિવાય કોઈ ના દેખાય ત્યારે અચાનક કોઈ આવી બાળકને હેમખેમ પહોંચાડી જાય ને જે ભાવ બોલે એનું નામ ધન્યવાદ ...

કોઈ ગરીબીમાં ઉછરેલા બાળકોને જીવનની સાચીદિશાબતાવી એનું સોનેરીભવિષ્યઘડે એવા ગુરુને જ્યારે માતાપિતા અને બાળક અંતરના આશીર્વાદ આપે એનું નામ ધન્યવાદ ....રસ્તે જતા બસચૂકી જવાય કે સફરમાં વાહન છૂટી જાય ને કોઈ તમને મંઝિલસુધી વગરઓળખાણે નિસ્વાર્થ ભાવે પહોંચાડી દે ત્યારે જે હૃદયમાં ભાવ ઝરે એનું નામ ધન્યવાદ ....

જ્યારે દુનિયાની થપાટો ખાઈને પરિવારને પણ કહી ના શકાય એવા દુઃખથી થાકીને છેલ્લાં વિચાર આવે ત્યારે અચાનક નિઃસ્વાર્થ ભાવે કોઈ આવીને હતાશામાંથી ઉગારી લઈ જીવનમાં ફરી બેઠા થવાની હિંમતબંધાવી જાય ને જે વણબોલ્યા આશીર્વાદ નીકળે એનું નામ ધન્યવાદ ....

જીવનમાં દરેકવ્યક્તિના જીવનમાં સુખ અને દુઃખના તડકા- છાંયા આવ્યા જ કરતાં હોય છે, એમાં લાગણીશીલ લોકો ઘણીવાત ક્રૂર દુનિયાસામેઝઝૂમીનેથાકીને ઈશ્વરના શરણે જાતને સમર્પણ કરે ત્યારે ઈશ્વર એના હોવાના પુરાવારૂપે એવા લોકો અને અબોલ જીવો કે પ્રકૃતિને નિમિત્ત બનાવી માનસને ઉગારી લેછે ત્યારે ઈશ્વર માટે જે આભાર પ્રકટ થાય એને શબ્દોમાં વર્ણવો અશક્ય છે.

પણ આજે એક આભાર અને એક ધન્યવાદ એ લોકોને પણ જરૂરથી આપજો, જેણે તમને ખાડામાં ધક્કો માર્યો, જેણે તમને મધદરિયે વહાણમાંથી ધક્કો માર્યો, જેણે તમારા ઉજળાચારિત્રનીસફેદચાદર પર નિંદાના છાંટાઉડાવ્યા, જેણે તમારોવિશ્વાસ જીતીને દગો કર્યો, કોઈ તમારા પૈસા ખાઈ ગયાહશે ને કોઈ તમારી લાગણીઓ લૂંટીગયુંહશે, કોઈ તમારાસપનાઓ તોડીગયુંહશે ને કોઈએ તમારા કામની પ્રશંસા પડાવી લીધી હશે.કોઈએ તમારુંમૂલ્યબે કોડીનું આંક્યુ હશે ને કોઈએ પોતાના બનીપીઠમાં ખંજર ઉતાર્યા હશે...

આમ તો આવા લોકો માટેદિલથી જ નહિ, પણ આત્માથી હાય ! નીકળતી હોયછે, પણ જીવનમાં આવા ધૂતારા અને ઈજ્જતદાર લોકોનો જરૂરથી આભાર વ્યક્ત કરવો જોઈએ. આખી જિંદગી તમે ભ્રમમાં રહીનેછેતરાયા કરતાં હોત, એના કરતાં વહેલાં આવા કાચિંડા રંગબદલી જાય તો ફાયદો તમારો છે. દુનિયામાં સારા લોકોની કોઈ કમી નથી, પણ તકલીફ ત્યારે ઊભીથાય છે,જ્યારે નીચ અને બનાવટી લોકો સભ્ય, સુશીલ, દાતારઅનેઈજ્જતદાર હોવાનો ઢોંગ કરી લોકોને પોતાના ફાયદામાટે USE & THROUGH ની માનસિકતા સાથે છેતરી લેતા હોય છે.આવા લોકોને જરૂરથી ધન્યવાદ કહેવું જોઈએ કે, બગલાને હંસ સમજી લેવાની આપણી ભૂલને સુધારી શીખવે છે કે, ભરોસો, ધન અને લાગણી સમજીને ખર્ચવાનહિ તો લોકો તમારું ઘર લૂંટીને પણ ખબર પડવા નહિ દે એટલા હલકટ હોય છે. આજે એક ધન્યવાદ અવિરત આપણી સાથે રહી અમૂલ્ય જીવન આપ્યું એવા ઈશ્વર પિતાને અને એમની રચેલી પ્રકૃતિ અને અબોલ જીવોને પણ જરુર આપજો. કારણકે, માણસદુનિયા અને ખુદથી થાકે ત્યારે એને ફરીથી પગભર થવાની હિંમત અહીંથી જ મળે છે.જીવનમાં સારાલોકો સાથે ખરાબ લોકોનો પણ આભાર વ્યક્ત કરો કે, એ સાવચેતરહેતા શીખવે છે.

# અન્ય સમાચારો

Thursday 13, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## સેલવાસમાં સૂટકેસમાંથી પ્રેમીકાની લાશ પ્રકરણનો આરોપી વારાણસીથી ઝડપાયો

### CCTV, ફોરેન્સિક અને CDRની મદદથી પોલીસ તપાસ આગળ ધપાવી : આરોપીને ૬ દિવસના પોલીસ રિમાન્ડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૧૨ :** પાટલિયા ફળિયામાં ચૉલના એક રૂમમાંથી સૂટકેસમાં મહિલાની લાશ મળી આવવાના કેસમાં સિલવાસા પોલીસે ઉત્તર પ્રદેશના વારાણસીમાંથી આરોપીની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ મૃતક મહિલાની ઓળખ છોટીકુમારી મનીષ ઉપાધ્યાય તરીકે થઈ છે. આરોપી રિષવ પિંકુ સિંહને ૧૦ ઓગસ્ટે વારાણસીના મંડુઆડીહ વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો.



પોલીસના જણાવ્યા અનુસાર, ૩ ઓગસ્ટે સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે પાટલિયા ફળિયાના રહેવાસી જુગેશભાઈ નાગિનભાઈ પટેલ પંચવટી બિલ્ડિંગની સામે અને ડેન હોટલની પાછળ આવેલી ચૉલના રૂમ નંબર-૪ની સફાઈ માટે ગયા હતા. રૂમના બાથરૂમમાંથી દુર્ગંધ આવતાં તપાસ કરતાં એક શંકાસ્પદ સૂટકેસ મળી આવ્યો હતો. સૂટકેસ ખોલતાં તેમાં વાળ જોવા મળ્યા હતા. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી વલસાડની મોબાઈલ એફએસએલ ટીમની હાજરીમાં સૂટકેસ ખોલતાં તેમાં મહિલાની લાશ મળી આવી હતી.

મૃતક મહિલા આ જ રૂમમાં રિષવ પિંકુ સિંહ સાથે રહેતી હતી. બંનેએ પોતાને પતિ-પત્ની તરીકે ઓળખાવ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ રિષવ છેલ્લા કેટલાક દિવસોથી રૂમમાં જોવા મળ્યો ન હતો. લાશને પોસ્ટમોર્ટમ માટે નામો હોસ્પિટલ, સિલવાસા ખાતે મોકલવામાં આવી હતી. પોસ્ટમોર્ટમમાં મહિલાનું મોત ગળું દબાવવાથી થયું હોવાનું સામે આવ્યું હતું.

આ કેસમાં સિલવાસા પોલીસ સ્ટેશનમાં ક્રાઇમ નંબર ૬૨/૨૦૨૬ હેઠળ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૦૩(૧) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો અને તપાસ PSI વિશાલ પટેલને સોંપવામાં આવી હતી. પોલીસે CCTV ફૂટેજ, ફોરેન્સિક પુરાવા, CDR તેમજ અન્ય ટેકનિકલ માહિતીનું વિશ્લેષણ કર્યું હતું. તપાસ દરમિયાન આરોપીની હાજરી વારાણસીમાં હોવાનું સામે આવતા પોલીસ ટીમ વારાણસી પહોંચી હતી અને આરોપીની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ પૂછપરછ દરમિયાન આરોપીએ હત્યામાં પોતાની સંડોવણી હોવાનું જણાવ્યું છે. હત્યાનું કારણ અને ઘટનાના અન્ય પાસાઓ અંગે વધુ તપાસ ચાલી રહી છે. આરોપીને સિલવાસાની CJM કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેને ૬ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપ્યો છે.

## ડુંગરીમાં ટ્રક ઝાડ સાથે અથડાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૨ :** પારડી તાલુકાના ડુંગરી ગામ પાસે કૃષિ પ્રોધ્યોગિક કેન્દ્ર પહેલાં, રેંટલાવથી પરીયા જતા રોડ પર અકસ્માત સર્જાયો હતો. ટ્રક નંબર GJ-15-AT-3115 દમણથી ઈલેક્ટ્રીક પેનલ બોર્ડ ભરીને વલસાડ ખાલી કરવા ગઈ હતી. પરત ફરતી વખતે ટ્રક ચાલક અનિલ બાબુરાવ ફુંડે ગાડી પૂરઝડપે હંકારતા ટ્રક રોડ કિનારે આવેલા આંબાના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેમાં ડ્રાઈવર અનિલભાઈને માથામાં ગંભીર ઈજા થતાં ૧૦૮ને બોલાવતા તપાસ કરતા ટ્રક ડ્રાઈવર અનિલ બાબુરાવ ફુંડે ને મૃત જાહેર કર્યા હતાં. ઘટનાની જાણ થતાં પારડી પોલીસે મૃતદેહને પીએમ અર્થે ઓરવાડ સીએચસીમાં રવાના કરી એડી નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ધરમપુરમાં નારિયેળનો ટપ્પા દાવ ફીક્કો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** આદિવાસી સમાજની વર્ષો જૂની પરંપરા અને ઉત્સાહ સાથે ઉજવાતા દિવાસા પર્વે ધરમપુર શહેરમાં નારિયેળની ટપ્પા રમતનો રંગ આ વખતે ફીક્કો જોવા મળ્યો હતો. એક સમયે દિવાસાના દિવસે ધરમપુર શહેરમાં કીડિયારીની માફક માનવ મહેરામણ ઉમટી

### રૂા. ૪૦ના નારિયેળે રસિકોનો ઉત્સાહ ઠંડો પાડ્યો : ગ્રામ્ય વિસ્તારોમાંથી દર વર્ષની જેમ માનવ મહેરામણ ન ઉમટયો

પડતું હતું અને ખાસ કરીને સમડી ચોક સહિતના વિસ્તારોમાં નારિયેળની ટપ્પા રમતને લઈને ભારે ઉત્સાહ જોવા મળતો હતો. જોકે છેલ્લા બે વર્ષથી આ પરંપરાગત રમતમાં લોકોનો રસ ઘટતો જોવા મળી રહ્યો છે.

દિવાસા પર્વે ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા આદિવાસી ભાઈઓ નારિયેળની ખરીદી કરી સામસામે ઊભા રહી એક હરિફ ખોબામા નારિયેળ પકડે છે જ્યારે બીજો હરીફ નાળિયેર થી પ્રહાર કરે છે બંનેમાંથી જેનું નારિયેળ ફૂટી જાય તેને સામેના વિજેતા થયેલ હરીફ ને નારિયેળ આપવું પડે છે. આ રીતે સમગ્ર દિવસ દરમિયાન નારિયેળની ટપ્પા રમત ચાલતી રહે છે

એક સમયે દિવાસાના દિવસે ધરમપુર શહેરમાં લાખો રૂપિયાના નારિયેળ ફૂટી જતા હોવાની પરંપરા રહી છે.

પરંતુ આ વર્ષે નારિયેળના વધેલા ભાવની સીધી અસર ટપ્પા રમત પર જોવા મળી હતી. આખા નારિયેળનો ભાવ આશરે ૪૦ સુધી પહોંચતા રમતના રસિકોને નારિયેળ ખરીદવામાં મુંજવણ અનુભવાઈ હતી, જ્યારે ફૂટેલા એક નારિયેળનો ભાવ પણ આશરે ૩૦ બોલાયો હતો. નારિયેળના ભાવ વધવાને કારણે ખરીદી અને ટપ્પા રમત બંને પર અસર જોવા મળી હતી.

ધરમપુરના મહત્વના સમડી ચોક વિસ્તારમાં દિવાસાના પર્વે દર વર્ષે અસંખ્ય લારીઓ પર નારિયેળનું વેચાણ થતું હતું, પરંતુ આ વખતે માત્ર બે જેટલી લારીઓ જોવા મળતાં બજારમાં પણ અગાઉ જેવો માહોલ જોવા મળ્યો નહોતો. ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ આ વખતે નહિવત પ્રમાણમાં લોકો શહેરમાં આવતા જોવા મળ્યા હતા. તેમ છતાં જે આદિવાસી ભાઈઓ દિવાસા પર્વની ઉજવણી માટે પહોંચ્યા હતા તેમણે પરંપરા જાળવી રાખી નારિયેળની ટપ્પા રમતની મજા માણી હતી.

દિવાસા પર્વના મહત્વ અંગે ડો. હેમંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ધરમપુર-કપરાડા સહિતના આદિવાસી વિસ્તારોમાં અષાઢી અમાસ સુધી રોપણીથી લઈને ખેતીનું મોટાભાગનું કામકાજ પૂર્ણ થઈ જાય છે. તેની ખુશીમાં આદિવાસી સમાજ પરંપરા મુજબ દિવાસા પર્વની આનંદ-ઉલ્લાસ સાથે ઉજવણી કરે છે. ઢીંગલા-ઢીંગલીની પૂજા-અર્ચના કરી સાંજના સમયે વાજતે-ગાજતે નદીમાં વિસર્જન કરવાની પણ વર્ષો જૂની પરંપરા છે. તેમણે ધરમપુર-કપરાડા વિસ્તારના ભાઈ-બહેનોને દિવાસા પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

એક સમયની ભીડ અને લાખો રૂપિયાના નારિયેળની ટપ્પા રમત માટે જાણીતા ધરમપુરમાં હવે વધતા ભાવ અને બદલાતા સમયની અસરથી આ પરંપરાગત રમત ધીમે ધીમે ફીક્કી પડી રહી હોવાનો માહોલ જોવા મળ્યો હતો.

## વાપી મનપાના તમામ વોર્ડમાં તિરંગા યાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** દેશના ૮૦મા સ્વતંત્રતા પર્વ અને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત વાપી મહાનગરપાલિકાના તમામ વોર્ડમાં ભવ્ય તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દરમિયાન 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના ગગનભેદી નારાઓ સાથે દેશભક્તિનો માહોલ છવાઈ ગયો હતો. વાપી ટાઉન ચલા ડુંગરા ચણોદ કરવડ છરવાડા કરવડ સહિતના વિવિધ વિસ્તારોમાંથી નીકળેલી આ વિશાળ તિરંગા યાત્રામાં વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ મનીષ દેસાઈ સહિત સંગઠનના હોદ્દેદારો, પાલિકાના ચૂંટાયેલા સભ્યો તેમજ મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

તિરંગા યાત્રા દરમિયાન રાષ્ટ્રધ્વજ સાથે જોડાયેલા નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વિવિધ વોર્ડમાં યોજાયેલી આ યાત્રાઓ દ્વારા દેશપ્રેમ અને રાષ્ટ્રભાવનાનો સંદેશ નગરજનોને તેમજ દેશના લોકોને આપવામાં આવ્યો હતો.

## વાપીની મોબાઈલ શોપમાં ગ્રાહકની તકરારમાં દુકાનદાર અને પત્રકાર વચ્ચે બબાલ

**વાપી, તા.૧૨ :** વાપીના ગોદાલ નગર ગેટ નંબર-૨ પાસે આવેલ ગુજરાત મોબાઈલ નામની દુકાનમાં પત્રકાર હોવાની ઓળખ આપીને ૩ શખ્સો દ્વારા તોડફોડ અને ધમકી આપ્યાની ફરિયાદ વલસાડ પોલીસમાં નોંધાઈ છે. બીજી તરફ કથિત પત્રકાર રાકેશ ઉત્તમ સાલ્વે એ દુકાનદાર રાહુલ અને ૨ કર્મચારી સામે પણ ફરિયાદ નોંધાવી છે. ગુજરાત મોબાઈલના દુકાનદાર રાહુલકુમાર વિનોદભાઈ પ્રજાપતિ, રહે. વલસાડ તીર્થ રોડએ તા.૧૨/૦૮/૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવી હતી કે તા.૦૯/૦૮/૨૦૨૬ના રોજ બપોરે ૧૨ વાગ્યે શિવ મુહરત ગુપ્તા નામનો ગ્રાહક દુકાને આવ્યો હતો. તેના ફોનમાં ધીમો ચાર્જ થતો હોવાથી દુકાનના ફ્લોર મેનેજરે વોરંટી માટે સર્વિસ સેન્ટરનો સંપર્ક કરવા કહ્યું હતું. ત્યારબાદ સાંજે સવા આઠ વાગ્યે રાકેશ ઉત્તમ સાલ્વે, અંજની વિશ્વનાથ શર્મા અને સંદીપ કુંડલીક નામના ત્રણ શખ્સો દુકાને આવ્યા હતા. તેઓએ પોતાની ઓળખ ન્યુઝના પત્રકાર અને કેમેરામેન તરીકે આપીને ગ્રાહકનો ફોન કેમ ન બદલ્યો તે અંગે દાદાગીરી કરી હતી. ફરિયાદીનું કહેવું છે કે, આ ત્રણેયએ દુકાનના સ્ટાફને નાલાયક ગાળો આપી, ધક્કામુક્કી કરી અને દુકાનમાં તોડફોડ કરવાની ધમકી આપી હતી. ફોન ન બદલો તો દુકાન બંધ કરાવી દઈશું, બહાર નીકળશો તો હાથ-પગ ભાંગી નાખીશું તેવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનો આક્ષેપ છે.

બનાવ બાદ તાત્કાલિક ૧૧૨ પર કોલ કરી પોલીસને જાણ કરાતા પોલીસે સ્થળ પર આવીને તપાસ હાથ ધરી છે. પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. બીજી તરફ પત્રકાર રાકેશ ઉત્તમ સાલ્વે એ દુકાનદાર રાહુલ સામે ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ ગ્રાહકને મોબાઈલ ન બદલી આપતા તેનો વ્યૂ જાણવા માટે દુકાનમાં ગયા તો યોગ્ય જવાબ ન આપી ગાળાગાળી કરી દુકાનમાં કામ કરતાં બે ઈસમો સાથે મળીને મારમારી કપડાં કાઢી દોડાવી મારમારવાની ધમકી આપી હતી. પોલીસે સમસમી ફરિયાદ નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

## ઘડોઈથી ત્રણ પૈકી એક દીપડો પાંજરે પુરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ તાલુકાના ઘડોઈ ગામે છેલ્લા કેટલાક સમયથી દેખા દેતા દીપડાઓને કારણે ગ્રામજનોમાં ભારે દહેશત વ્યાપેલી હતી. આ અંગે ગ્રામજનો દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને પગલે વન વિભાગે ગોઠવેલા પાંજરામાં આખરે એક દીપડો કેદ થઈ જતાં વન વિભાગે રાહતનો શ્વાસ લીધો છે. જોકે, વિસ્તારમાં હજુ પણ અન્ય ૨ દીપડા મુક્તપણે ફરી રહ્યા હોવા થી ગ્રામજનોમાં ફફડાટ યથાવત રહ્યો છે.




વલસાડ તાલુકા નાં ઘડોઈ ગામ અને આસપાસના સીમ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ૩ દીપડાઓની અવરજવર જોવા મળી રહી હતી. દીપડાની સક્રિયતાને કારણે સ્થાનિક ખેડૂતો અને માલધારીઓ પોતાના પશુઓ અને પરિવારની સલામતીને લઈને ચિંતિત બન્યા હતા. ગ્રામજનોની વારંવારની માંગ બાદ વન વિભાગની ટીમે વ્યૂહાત્મક સ્થળે પાંજરું ગોઠવ્યું હતું, જેમાં ગઈકાલે રાત્રે ૧ દીપડો આબાદ રીતે પાંજરે પુરાઈ ગયો હતો.

એક દીપડો પકડાઈ જતાં થોડી રાહત થઈ છે, પરંતુ હજુ પણ ૨ દીપડા સીમ વિસ્તારમાં રખડતા હોવાથી મોડી સાંજે કે વહેલી સવારે ખેતરે જવું જોખમી બની ગયું છે.ગામમાં કુલ ૩ દીપડા હોવાની ચોક્કસ માહિતી સામે આવી છે, જેમાંથી માત્ર ૧ જ દીપડો પકડાયો છે. બાકીના ૨ દીપડા હજુ પણ ગામની સીમમાં અને ઝાડી-ઝાંખરા વાળા વિસ્તારમાં ફરી રહ્યા છે. જેના કારણે ખાસ કરીને રાત્રિના સમયે અને ખેતરમાં સિંચાઈ માટે જતા ખેડૂતોમાં ભારે ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. વન વિભાગ દ્વારા પાંજરે પુરાયેલા દીપડાનો કબજો મેળવી તેને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. બાકીના ૨ દીપડાઓને પણ વહેલી તકે પાંજરે પુરવા માટે વધારાના પાંજરા ગોઠવવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

## તાન નદીમાંથી ૧૯ કલાક બાદ યુવકની લાશ મળી

**ધરમપુર, તા.૧૨ :** ધરમપુર તાલુકાના કાંગવી ગામના હિમાંશુભાઈ શંકરભાઈ ગાવીત તાન નદીમાં તણાઈ ગયા હોવાની ઘટનામાં આશરે ૧૯ કલાકની સતત શોધખોળ બાદ તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. આંબા તલાટ ખાતે આવેલા તાન નદીના પુલ ઉપરથી હિમાંશુભાઈની મોટરસાયકલ તેમજ મોબાઈલ ફોન મળી આવ્યા હતા, જેના આધારે તેમણે નદીમાં કૂદકો માર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.



ઘટનાની જાણ થતાં ધરમપુર પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ ધરમપુર નગરપાલિકાના ફાયર વિભાગના જવાનો દ્વારા તાન નદીમાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. નદીમાં પાણીના પ્રવાહ અને સ્થળની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાવચેતીપૂર્વક શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

હિમાંશુભાઈની ભાળ મેળવવા માટે ચંદ્રપુરથી તરવૈયાઓની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ધરમપુર પાલિકાના ફાયર વિભાગના જવાનો અને ચંદ્રપુરના તરવૈયાઓ દ્વારા સતત અને અથાગ પ્રયાસો કરવામાં આવ્યા હતા. લાંબા સમયની શોધખોળ બાદ આશરે ૧૯ કલાક પછી તાન નદીમાંથી હિમાંશુભાઈ ગાવીતનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ મળી આવતાં પરિવારજનો અને ગ્રામજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ત્યારબાદ મૃતદેહને ધરમપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમની પ્રક્રિયા માટે ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાને પગલે કાંગવી ગામ સહિત આસપાસના વિસ્તારમાં પણ શોકની લાગણી પ્રસરી હતી.

## ડુંગરી હાઈવે પર ટામેટા ભરેલો ટેમ્પો પલટ્યો



**ચીખલી,તા.૧૨ :** નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ ડુંગરી નજીક સોનવાડા ગામની હદમાં બેંગ્લોર થી ટામેટા ભરીને સુરત જઈ રહેલ એક ટેમ્પો નંબર કેએ ૦૬ આઈબી ૩૪૨૨ અચાનક પલટી મારી જતા ટેમ્પામાં ભરેલા ટામેટા રસ્તા ઉપર વેર વિખેર થઈ જતા આ ઘટનાની જાણ સ્થાનિક રહીશો તેમજ રાહદારીઓ અને વાહન ચાલકોને થતા જે બેગો અને થેલામાં ટામેટા ભરી ભરીને લોકો લઈ ગયા હતા તો બીજી તરફ મુંબઈથી અમદાવાદ વચ્ચેનો ટ્રાફિક પણ જામ થઈ જવા પામ્યો હતો અંદાજિત રૂપિયા પાંચ લાખના ટામેટા વેર વિખેર થતા ટેમ્પામાં સવાર ટામેટા લઈ જનાર માલિક પણ મુક પ્રેક્ષક બનીને જોઈ રહ્યો હતો.

## દમણમાં ઉપાધિ ચેરિટેબલ ટ્રસ્ટનો પ્રતિભા સન્માન સમારોહ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** દમણ મા ઉપાધિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા યોગ અને રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવા માટે એક એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્કૃષ્ટ દેખાવ કરનારા વિદ્યાર્થીઓનું સન્માન અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ઉપાધિ ચેરીટેબલ ટ્રસ્ટદ્વારા શિક્ષણ ક્ષેત્રે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે છે અને અન્ય ઘણા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રદાન કરે છે. દમણ મા અનેક વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવ્યા હતા આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ ડી.કે. પાંડેએ તેમના સંબોધનમાં વિદ્યાર્થીઓ સખત મહેનત અને સમર્પણ દ્વારા કઈ સફળતા મેળવી શકે છે તે વિશે વાત કરી અને દરેકનો આભાર માન્યો.

## દમણ-દીવ સાંસદે લોકસભામાં રેલ્વે ટિકિટ દલાલોનો મુદ્દો ઉઠાવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૨ :** દમણ અને દીવના સાંસદ ઉમેશભાઈ બાબુભાઈ પટેલે આજે લોકસભામાં પશ્ચિમ રેલવેના સ્ટેશનો પર લિફ્ટ, એસ્કેલેટર અને ફૂટ ઓવર બ્રિજની વાસ્તવિક સ્થિતિ તથા ટિકિટ દલાલીમાં સંભવિત આંતરિક મિલિભગતનો ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો.

સાંસદ પટેલે પૂછેલા પ્રશ્નોના જવાબમાં રેલ મંત્રાલયે પશ્ચિમ રેલવેમાં ઉપલબ્ધ સુવિધાઓની વિગતો આપી હતી. જોકે, સાંસદ પટેલે મંત્રાલયના જવાબો સામે અસંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રેકોર્ડ પર સુવિધાઓ ચાલુ હોવાના દાવા અને જમીની હકીકત વચ્ચે મોટો તફાવત છે. તેમણે રેકોર્ડ અને વાસ્તવિક સ્થિતિ વચ્ચેની વિસંગતતા પર સ્પષ્ટતા માંગી હતી.

રેલ મંત્રાલયે માહિતી આપી હતી કે ૨૦૨૩ થી જૂન ૨૦૨૬ સુધીમાં ભારતીય રેલવેમાં ૧૩,૫૮૦ ટિકિટ દલાલોની ધરપકડ કરવામાં આવી છે.

જેમાં પશ્ચિમ રેલવેના ૯ કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે.સાંસદ પટેલે આ આંકડાઓને ગંભીર ગણાવતા જણાવ્યું હતું કે રેલવે કર્મચારીઓની સંડોવણી સાબિત થતી હોવાથી આ સમગ્ર નેટવર્કની ઊંડાણપૂર્વક અને સ્વતંત્ર તપાસ થવી અત્યંત જરૂરી છે.

યાત્રિકોની સુવિધા અને પારદર્શિતા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ન થવી જોઈએ.

## મોગરાવાડી અક્ષરધામ રેસિડેન્સીમાં સ્ટ્રીટ લાઈટ હટાવવા મુદ્દે વિવાદ

**વલસાડ તા ૧૨ :** વલસાડ શહેરના મોગરાવાડી વિસ્તારમાં આવેલી અક્ષરધામ રેસિડેન્સી ખાતે નગરપાલિકાની કામગીરી સામે રહીશોમાં અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે. સોસાયટીના રહીશો દ્વારા પોતાની સલામતી અને સુવિધા માટે જે સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવી હતી, તેને વલસાડ નગરપાલિકાની ટીમ દ્વારા ઉતારી લેવામાં આવતા વિવાદ સર્જાયો છે. વલસાડ શહેરના મોગરાવાડી વિસ્તારમાં આવેલા અક્ષરધામ રેસીડેન્સી વિસ્તારમાં નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઇટો લગાવવામાં આવી હતી પરંતુ કોઈ કારણોસર સ્ટ્રીટ લાઈટ ઉતારી લેવામાં આવતા વિવાદ સર્જાયો છે.



અક્ષરધામ રેસિડેન્સીના રહીશોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં રાત્રિના સમયે અંધારાના કારણે રખડતા ઢોર, અસામાજિક તત્વો અને અકસ્માતનો ભય રહેતો હતો. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સોસાયટીના રહીશોએ પોતાના ખર્ચે અને લોકભાગીદારીથી સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરી હતી.

પરંતુ, તાજેતરમાં વલસાડ નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા સોસાયટીમાં આવીને આ રહીશો દ્વારા લગાવવામાં આવેલી સ્ટ્રીટ લાઈટો ઉતારી લેવામાં આવી હતી. રહીશોના મતે, પાલિકા દ્વારા કોઈ પૂર્વ સૂચના આપ્યા વિના કે યોગ્ય ખુલાસો કર્યા વગર જ આ કાર્યવાહી કરવામાં આવી છે, જેને પગલે સોસાયટીમાં વિવાદ ઘેરો બન્યો છે. સ્થાનિક રહીશોએ નગરપાલિકાની આ નીતિ સામે વિરોધ દર્શાવતા જણાવ્યું હતું કે?પાલિકા પોતે પૂરતી સુવિધા આપવામાં નિષ્ફળ રહી છે.જ્યારે રહીશોએ સ્વખર્ચે અંધારપટ દૂર કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે પ્રોત્સાહન આપવાને બદલે લાઈટો હટાવી દેવામાં આવી.

રાત્રિના સમયે અંધારું થતાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધો માટે અવરજવર કરવી જોખમી બની ગઈ છે. જો નગરપાલિકા પોતે લાઈટ ન નાખી શકતી હોય, તો રહીશોએ કરેલી વ્યવસ્થા હટાવવાનો તેમને કોઈ અધિકાર નથી. તાત્કાલિક ધોરણે આ લાઈટો પુનઃ લગાવવામાં આવે અથવા પાલિકા પોતે નવી લાઈટો નાખી આપે.આ ઘટના બાદ અક્ષરધામ રેસિડેન્સીના રહીશો એકઠા થયા હતા અને નગરપાલિકા ચીફ ઓફિસર તેમજ સંબંધિત વોર્ડના સભ્યોને લેખિતમાં રજૂઆત કરવાની તૈયારી દર્શાવી છે. જો પાલિકા દ્વારા ટૂંક સમયમાં યોગ્ય ઉકેલ લાવવામાં નહીં આવે, તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 13, August 2026


## ઈસ્લામિક નાટોના પગરણ અને પડકારો

પાકિસ્તાન, તુર્કી અને સાઉદી અરેબિયાએ મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર પર કરેલી સહીથી એક પર હુમલો ત્રણેય પર હુમલા બરાબર ગણાશે. આ કરારને ઈસ્લામિક નાટોની દિશામાં પહેલું પગલું ગણાવવાનું નિરીક્ષણ કરાઈ રહ્યું છે. નૉર્થ ઍટલાન્ટિક ટ્રીટી ઑર્ગેનાઈઝેશન (નાટો) કરાર જેવી ભાષાને જોગવાઈ ધરાવતા આ કરારને કારણે ભારત પર કોઈ અસર થશે કે કેમ એ ચર્ચા થઈ રહી છે એ યોગ્ય પણ છે. જોકે, અત્યારની પરિસ્થિતિમાં આ કરારને કારણે અનેક સવાલ પુછાઈ રહ્યા છે. ભારત પ્રત્યે નકારાત્મક વલણ ધરાવતા તુર્કીના રાષ્ટ્રપતિ એરડોગને આ કરારને વિશુદ્ધપણે સંરક્ષાત્મક ગણાવતાં કહ્યું છે કે આ કરાર કોઈ ચોક્કસ દેશ સામે નથી. ઈરાનનું પીઠબળ ધરાવતાં પ્રૉક્સી જૂથ હૂથીઓએ ગત માર્ચ મહિનાથી સાઉદીના મહત્ત્વના લક્ષ્યાંકો પર મિસાઈલ-ડ્રૉન હુમલા કર્યા છે અને હૉર્મુઝ ખાડીમાંથી પસાર થતાં આ આરબ રાષ્ટ્રનાં તેલ ટેન્કરો પર ઍટેક કર્યા છે. ઈરાનના વધતા હુમલાઓને જોતાં અન્ય રાષ્ટ્રો પણ આ ઈસ્લામિક નાટોમાં જોડાઈ શકે એવી શક્યતા છે. જોકે, ઈરાન જેવા ઈસ્લામિક રાષ્ટ્ર સામે તો આ રાષ્ટ્રોનું સંગઠન શસ્ત્ર ઉગામે નહીં. સાઉદી અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં તણાવ છે, આથી અમેરિકાની સંરક્ષણ બાંયધરી પર અરબ રાષ્ટ્રોને બહુ વિશ્વાસ નથી. ખાડીના દેશો નજીકના ઈઝરાયલ પાસે પરમાણુ શસ્ત્ર છે અને ન્યુક્લીયર પાવર પાકિસ્તાનને પોતાની પડખે કરી સાઉદી ઈસ્લામી બિરાદરીની એકતાનું પત્તું ઉતર્યું હોય એ નકારી શકાય નહીં. ગયા વર્ષે ઑપરેશન સિંદૂર પછી સાઉદીએ પાકિસ્તાન સાથે સંરક્ષણ કરાર કર્યા ત્યારે એક રાષ્ટ્ર પર હુમલો બન્ને પર હુમલો ગણાશે અને તેનો એવો જ જવાબ અપાશે, એવો તેનો સૂર હતો. હવે તેમાં તુર્કી ઉમેરાયું છે. તુર્કી હાલ દસ અબજ ડૉલરથી વધુના સંરક્ષણ ઉત્પાદનોનો નિકાસ કરનારો દેશ છે અને ત્યાં ડિફેન્સ સાધનોનું ઉત્પાદન કરતી ચારેક હજાર કંપનીઓ છે. ઑપરેશન સિંદૂરના જવાબમાં પાકિસ્તાને કરેલા હુમલામાં વપરાયેલા ડ્રૉન્સ ટર્કિશ બનાવટના હતા. આમ, તુર્કી શસ્ત્રાસ્ત્રો વેચવા માટે કરારમાં જોડાયું છે એવું અનુમાન લગાડી શકાય. બીજી તરફ, ભારત અને સાઉદી સંબંધો ઉષ્માભર્યા છે, એ એકમાત્ર રાહતની બાબત છે. જોકે, અત્યાર સુધી અમેરિકાની કદમબોસી કરનારાં આ ત્રણ રાષ્ટ્રો સાથે આવ્યાં છે એ ચિંતાનો વિષય ખરો. અમેરિકા ઈઝરાયલની છૂંછીઓને નજરઅંદાજ કરી રહ્યું છે, આથી આરબ રાષ્ટ્રોના રક્ષક તરીકેની તેની ભૂમિકા નબળી પડી છે. તો બીજી તરફ, પાકિસ્તાન આમ પણ કંઈકને કંઈક કારસ્તાન કરી ભારતને હેરાન કરતું રહે છે. વળી, પાકિસ્તાન ચીનનું બગલબચ્ચું છે અને પાકિસ્તાનના નબળા શાસકોને સાધી બાજિંગ, સાઉદી તથા અન્ય આરબ દેશોમાં અમેરિકાની સંરક્ષક તરીકેની ખાલી જગ્યા ભરી કાઢી શકે છે. આ બધી શક્યતાઓ જોતાં આ સમગ્ર પરિસ્થિતિ અને ચિત્ર ભારતની ચિંતા વધારનારું અને ચિંતન માટે ફરજ પાડનારું છે.




## ટેબલસ્પેસ ટેક્નોલોજીસ લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

**સુરત, તા. ૦૧ :** વર્કસ્પેસ સોલ્યુશન્સ પ્રોવાઈડર ટેબલસ્પેસ ટેક્નોલોજીસ લિમિટેડે(Tóible Space)તેના પ્રસ્તાવિત આઈપીઓ માટે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યુ છે. ડીઆરએચપી મુજબ, પ્રસ્તાવિત આઈપીઓમાં રૂ. ૮૦૦ કરોડ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૧ની ફેસ વેલ્યૂ ધરાવતા ૬,૫૪,૭૫,૪૩૨ સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ)નો સમાવેશ થાય છે. કંપની ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી), ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ અને બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે તેમની જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં આવેલા, એન્ટરપ્રાઈઝ-ગ્રેડ મેનેજડ વર્કસ્પેસ સોલ્યુશન્સ પૂરા પાડે છે.

એક્સિસ કેપિટલ લિમિટેડ, બેંક ઓફ અમેરિકા સિક્યોરિટીઝ ઈન્ડિયા લિમિટેડ, સીએલએસએ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ આઈઆઈએફએલ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે જાણીતી) અને જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે, જ્યારે કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ રજિસ્ટ્રાર છે.

# વિપક્ષ ચર્ચા માટે સામે આવે, હું દરેકનો જવાબ આપીશ :અમિત શાહ



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૨ : સંસદના ચોમાસુ સત્રમાં ચાલી રહેલા મડાગાંઠ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે તેઓ બધા પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, "તમે લખીને આપો કે ચર્ચા ઈચ્છો છો, હું જવાબ આપીશ. શાહના નિવેદન પછી તરત જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "અમિત શાહના ભાષણોમાં અમને રસ નથી. અમે જાણવા માંગીએ છીએ કે બાળકોને કોણે ગોળી મારી."વિપક્ષ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું હતું કે "હું એ પણ ચર્ચા કરીશ કે તમે ચર્ચા કેમ નથી ઈચ્છતા. ભાજપ સરકાર, પીએમ મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકાર દરેક બાબત પર ચર્ચા કરવા તૈયાર છે. તેઓ સંસદને કામ કરવા દેતા નથી."અમિત શાહે કહ્યું કે સૌ પ્રથમ તો "ગુમ થઈ જવું," "ફરાર થવું," અને "ભાગેડુ" જેવી ભાષા સંભળાઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, "વિપક્ષ સંસદને બંને ગૃહોમાં કામ કરવા દેતું નથી, તો ત્યાં જવાથી શું થશે? હું સંસદમાં કોઈપણ પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છું. અમે આજે બપોરે ૩ વાગ્યાથી કાલે બપોરે ૩ વાગ્યા સુધી ચર્ચા માટે તૈયાર છીએ." વિપક્ષે પત્ર લખીને બપોરે ૨ વાગ્યા સુધીમાં સ્પીકર ઓમ બિરલાને સુપરત કરવો જોઈએ. અમિત શાહે કહ્યું, "સરકાર દરેક બાબતમાં ચર્ચા કરવા તૈયાર છે. વિપક્ષે સંસદને કામ કરવા દેવી જોઈએ." તેમણે વિપક્ષને ચર્ચા માટે બપોરે ૨ વાગ્યા સુધીમાં સ્પીકરને પત્ર સુપરત કરવા કહ્યું. આ પછી સરકાર આજે બપોરે ૩ વાગ્યાથી મધ્યરાત્રિ અને કાલે બપોરે ૩ વાગ્યા સુધી પણ ચર્ચા માટે તૈયાર છે. અમિત શાહે કહ્યું કે તેઓ પોતે ચર્ચામાં ભાગ લેશે. તેમણે કહ્યું કે વિપક્ષ સંસદને કામ કરવા દેતું નથી. અમિત શાહે સ્પષ્ટતા કરી કે સત્ર શરૂ થયું ત્યારથી તેઓ નિયમિતપણે સંસદમાં આવી રહ્યા છે.અમિત શાહે જણાવ્યું હતું કે સરકાર પાસે છૂપાવવા માટે કંઈ નથી અને NEET પેપર લીક અંગે વિદ્યાર્થીઓના વિરોધને લગતા તમામ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ વિપક્ષે સંસદને કેમ કામ કરતા અટકાવી તે પ્રશ્નનો જવાબ આપશે. અમિત શાહે વિપક્ષને કહ્યું હતું કે હવે ચર્ચામાં જોડાવું કે ચર્ચા ટાળવી તે નિર્ણય તેમણે કરવાનો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સરકાર હંમેશા દરેક મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે. તેમણે વિપક્ષને સંસદને કામ કરવા દેવાની અપીલ કરી હતી.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે સંસદમાં ચર્ચા માટે સ્થાપિત નિયમો અને પ્રક્રિયાઓ છે. આવા ગંભીર મુદ્દા પર ફક્ત નિવેદન આપીને ચર્ચા કરી શકાતી નથી. સંસદ કોઈપણ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરે છે, અને સરકાર દરેક પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છે. અમિત શાહે જણાવ્યું હતું કે જો સ્પીકર પરવાનગી આપે તો સરકાર જરૂર પડ્યે પ્રશ્નકાળ મુલતવી રાખવા તૈયાર છે.

## રીલ્સ છોડો, આત્મકથા વાંચો :મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૨ : નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે યુવાનોને આત્મકથાઓ વાંચવા અને બીજાના સંઘર્ષમાંથી શીખવાની અપીલ કરતાં કહ્યું કે રીલના યુગમાં જીવી રહેલા યુવાનોએ યાદ રાખવું જોઈએ કે, શોર્ટકટ તમને નુકસાન પહોંચાડી શકે છે. મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથા ટ્રાયમ્ફ ઑફ ધ ઈન્ડિયન રિપબ્લિકઃ માય લાઈફ, માય સ્ટ્રગલ્સના વિમોચન કાર્યક્રમને સંબોધતા કહ્યું કે કોવિંદનું જીવન દર્શાવે છે કે દઢ સંકલ્પ કોઈ વ્યક્તિને મુશ્કેલીઓમાંથી બહાર આવવામાં અને સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચવામાં કેવી રીતે મદદ કરી શકે છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "હું ખાસ કરીને યુવા પેઢીને આગ્રહ કરીશ. રીલ્સનો જમાનો છે. ઈન્ફ્લુએન્સર તમને ખેંચીને ક્યાંક ને ક્યાંક લઈ જ જાય છે. શોર્ટકટના આ યુગમાં પણ એક વાત જરૂર યાદ રાખજો... રેલવે સ્ટેશનો પર લખેલું હોય છેઃ શોર્ટકટ તમારી જિંદગી ટૂંકી કરી શકે છે..." PM મોદીએ આગળ કહ્યું કે, "હું યુવાનોને વિનંતી કરીશ કે તેઓ જે લોકોને પસંદ કરે છે તેમની આત્મકથાઓ વાંચે. આત્મકથા કોઈ ખાસ સમયગાળાની ઐતિહાસિક ઘટનાઓને એક અનોખા દૃષ્ટિકોણથી રજૂ કરે છે. તેમાં જણાવવામાં આવેલો સમય આપણને ઈતિહાસની ખૂબ નજીક લઈ જાય છે. તેથી મને પૂરી આશા છે કે કોવિંદજીની મહેનત આવનારી પેઢીઓ અને ખાસ કરીને યુવાનો માટે લાભદાયી સાબિત થશે..."

વડાપ્રધાને રાષ્ટ્રપતિ પદ છોડ્યા બાદ પણ કોવિંદ સતત જાહેર જીવનમાં સક્રિય રહ્યા હોવાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, પદ છોડ્યા બાદ પણ તેમણે આરામ કર્યો નથી, પરંતુ એક રાષ્ટ્ર, એક ચૂંટણી પહેલ પર કામ કરી રહ્યા છે, જે ભારતીય લોકશાહીમાં એક નવું અધ્યાય ખોલી શકે છે. મોદીએ કહ્યું કે આ મુદ્દા પર પૂર્વ રાષ્ટ્રપતિના પ્રયાસો ભારતીય લોકશાહીને મજબૂત બનાવવામાં તેમના સતત યોગદાનનો એક ભાગ છે.મોદીની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે સરકાર અને સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ સોશિયલ મીડિયા પર Gen-Z સાથે જોડાવાની કોશિશો તેજ કરી છે. તબીબી સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે યોજાતી રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET)નું પ્રશ્નપત્ર લીક થવાના વિરોધમાં ગયા મહિને થયેલા પ્રદર્શનો બાદ મોદીએ પોતાના મંત્રીઓને કહ્યું હતું કે તેઓ યુવાનો સાથે જોડાવા માટે ઈન્સ્ટાગ્રામનો સક્રિયપણે ઉપયોગ કરે અને રીલ પોસ્ટ કરે.

## કેન્દ્ર સરકારે FCRA બિલ સંયુક્ત સંસદીય સમિતિને મોકલ્યું

(જી.એન.એસ) તા. ૧૨ નવી દિલ્હી, કેન્દ્ર સરકારે ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬ (હ્લઝઇછ) ને વિગતવાર તપાસ માટે સંયુક્ત સંસદીય સમિતિ (ત્નઝ) ને મોકલ્યું છે. હ્લઝઇછ એમેન્ડમેન્ટ બિલની જોગવાઈઓ અંગે વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬, અત્યાર સુધી લોકસભાના એજન્ડામાં વિચારણા અને પસાર કરવા માટે સૂચિબદ્ધ નથી.અગાઉ ૭ ઓગસ્ટના રોજ, મિઝોરમના મુખ્યમંત્રી લાલદુહોમાએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા બાદ કહ્યું હતું કે હ્લઝઇછ બિલ ૧૨ ઓગસ્ટના રોજ સંસદમાં ચર્ચા અને પસાર કરવા માટે લેવામાં આવશે અને તેનો અમલ પાછલી અસરથી કરવામાં આવશે નહીં.લાલદુહોમા, મિઝોરમના ચર્ચ નેતાઓના પ્રતિનિધિમંડળ સાથે, શાહને મળ્યા અને પ્રસ્તાવિત કાયદા અંગે ચિંતા વ્યક્ત કરી, જે વિદેશી ભંડોળ પ્રાપ્ત સંસ્થાઓ પર દેખરેખને કડક બનાવવાનો પ્રયાસ કરે છે જેથી દ્બર્ હ્જ જે તેમનું હ્લઝઇછ લાઈસન્સ ગુમાવે છે તેમની સંપત્તિ પર નિયંત્રણ મેળવી શકે. "અમે નવા હ્લઝઇછ બિલ અંગે ગૃહમંત્રીને અમારી આશંકા વ્યક્ત કરી છે. તેમણે અમને ખાતરી આપી છે કે આ બિલ પાછલી અસરથી અમલમાં આવશે નહીં," લાલદુહોમાએ સંસદ ભવનના સંકુલમાં પત્રકારોને જણાવ્યું. વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ, ૨૦૨૬ સરકારને વિદેશી યોગદાન અને વિદેશી યોગદાનનો ઉપયોગ કરીને બનાવેલી સંપત્તિનું સંચાલન સંભાળવા માટે "નિયુક્ત સત્તા" બનાવવાની સત્તા આપવાનો પ્રયાસ કરે છે જ્યારે કોઈ સંસ્થાની હ્લઝઇછ નોંધણી રદ કરવામાં આવે છે, સોંપવામાં આવે છે અથવા તેને નવીકરણ ન કરવામાં આવે છે તેથી બંધ કરવામાં આવે છે.આ બિલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પૂજા સ્થળ જેવી સંપત્તિઓના કિસ્સામાં, સત્તાધિકારીએ ખાતરી કરવી જોઈએ કે તેનું ધાર્મિક પાત્ર જાળવી રાખવામાં આવે. આ ઉપરાંત, પ્રસ્તાવિત કાયદો કાયદાના ઉલ્લંઘન માટે મહત્તમ દંડને પાંચ વર્ષની જેલથી ઘટાડીને એક વર્ષ કરશે. હ્લઝઇછ પોર્ટલ સૂચવે છે કે, ૧૫ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં, ૧૪,૪૪૯ સક્રિય હ્લઝઇછ પ્રમાણપત્રો, ૨૨,૪૯૮ રદ કરવામાં આવ્યા છે, અને ૧૫,૨૧૨ સમાપ્ત થયા છે.ખ્રિસ્તી સંગઠનો હ્લઝઇછ બિલનો વિરોધ કેમ કરી રહ્યા છે?ભારતમાં ચર્ચ અને ખ્રિસ્તી સંગઠનો વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ, ૨૦૨૬ નો સખત વિરોધ કરે છે કારણ કે તેઓ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે પ્રસ્તાવિત કાયદો તેમની સંસ્થાઓને લક્ષ્ય બનાવે છે અને તેમની નાગરિક સ્વતંત્રતાઓને જોખમમાં મૂકે છે.કેરળ લેટિન કેથોલિક એસોસિએશન (દ્બન્ઝછ) એ ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે કાયદાથી સીધી રીતે પ્રભાવિત હિસ્સેદારો સાથે પર્યાપ્ત પરામર્શ વિના સુધારા રજૂ કરવામાં આવ્યા છે અને ઉમેર્યું કે આ ફેરફારો દેશમાં કાયદેસર અને શાંતિપૂર્ણ રીતે કાર્યરત સંસ્થાઓમાં અનિશ્ચિતતા પેદા કરશે.ખ્રિસ્તી સમુદાયના કેટલાક સભ્યોએ હ્લઝઇછ બિલ અંગે ગૃહમંત્રી સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કર્યા અને માંગ કરી કે બિલને પાછું ખેંચવામાં આવે અથવા ત્નઝ ને મોકલવામાં આવે. ગૃહમંત્રીએ તેમની ચિંતાઓ ધ્યાનથી સાંભળી અને તેમને ખાતરી આપી કે તેઓ આ બાબત પર ધ્યાન આપશે અને સરકારના અન્ય સભ્યો સાથે ચર્ચા કરશે.

## લોકસભામાં ખાણ અને ખનિજ સુધારા બિલ પસાર થયું

(જી.એન.એસ) તા. ૧૨ નવી દિલ્હી,

બુધવારે લોકસભામાં ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) સુધારા બિલ ૨૦૨૬ ચર્ચા વિના પસાર થઈ ગયું.બિલ રજૂ થતાં જ વિપક્ષના સાંસદોએ ગૃહના વેલમાં વિરોધ ચાલુ રાખ્યો.અધ્યક્ષ સ્થાને રહેલા જગદંબિકા પાલે વિપક્ષને ગૃહની શિષ્ટાચાર જાળવવાની સલાહ આપીને કાર્યવાહી શરૂ કરી; જોકે, હોબાળો ઓછો થયો નહીં. ત્યારબાદ, ગૃહને દિવસભર માટે મુલતવી રાખવામાં આવ્યું.

વિપક્ષ વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ, ૨૦૨૬ ને સંપૂર્ણપણે પાછું ખેંચવાની માંગ કરી રહ્યું હતું. પાલે જણાવ્યું હતું કે જો કોઈ બિલ સંયુક્ત સંસદીય સમિતિ (ત્નઝ) ને મોકલવામાં આવે છે, તો તે "વિપક્ષ માટે સ્કોર" છે.

આ અગાઉ, કેન્દ્ર સરકારના વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ, ૨૦૨૬ ને ત્નઝ માં મોકલવાના ઠરાવને બુધવારે વિપક્ષના સભ્યો દ્વારા ભારે હોબાળા વચ્ચે લોકસભા દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

ત્નઝમાં લોકસભાના ૨૧ સાંસદો અને રાજ્યસભાના ૧૦ સભ્યો હશે. સમિતિ શિયાળુ સત્ર ૨૦૨૬ ના પહેલા અઠવાડિયાના છેલ્લા દિવસ સુધીમાં આ ગૃહને રિપોર્ટ સુપરત કરશે.આ દરમિયાન, અધ્યક્ષે વિપક્ષના સાંસદોને તેમની બેઠકો પર પાછા જવા અને દ્બઈઈ વિદ્યાર્થીઓના વિરોધ મુદ્દા પર ચર્ચા કરવાનું સૂચન પણ કર્યું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા સ્પીકર ઓમ બિરલાને લખેલા તાજેતરના પત્રનો ઉલ્લેખ કરતા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું: "અમે તૈયાર છીએ અને ગૃહના ૮૦ ટકા સભ્યો પણ વિદ્યાર્થીઓના વિરોધ પર તાત્કાલિક ચર્ચા શરૂ કરવા માટે તૈયાર છે.

તેમણે વિપક્ષના સાંસદોને તેમની બેઠકો પર પાછા જવા અને વિદ્યાર્થીઓના મુદ્દાઓ પર ચર્ચા થાય તે માટે સહયોગ આપવા પણ વિનંતી કરી.અધ્યક્ષ પદે રહેલા પાલએ કહ્યું, "હું ચર્ચા શરૂ કરીશ; પરંતુ હું તમને ગૃહનો વેલો ખાલી કરવા વિનંતી કરું છું... સરકાર અને ગૃહમંત્રી તમારા બધા પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે."

જોકે, વિપક્ષની બેન્ચોએ વિરોધ ચાલુ રાખ્યો અને તેથી, ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી.

## પાકિસ્તાનની બલૂચિસ્તાન પર એરસ્ટ્રાઈક, ૨૭નાં મોત



(સંપૂર્ણ સમાચાર સેવા) ઈસ્લામાબાદ, તા.૧૨

પાકિસ્તાની સેનાએ ફરી એકવાર પોતાની નિષ્ફળતા છુપાવવા માટે બલૂચિસ્તાનના લોકો પર હવાઈ હુમલા કર્યા છે. બલૂચ મીડિયા અનુસાર, એક દિવસ પહેલાં આ વિસ્તારમાં આઝાદીની ઉજવણી કરવામાં આવી હતી, જેના તરત બાદ અહીં પાકિસ્તાની લડાકુ વિમાનોએ મોત વરસાવ્યું હતું. સોરાબના ગિદાર વિસ્તારના ગોંધનમાં અનેક સ્થળોને નિશાન બનાવીને પાકિસ્તાની વાયુસેનાએ બોમ્બમારો કર્યો હતો. અહેવાલમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે આ હુમલામાં ઓછામાં ઓછા ૨૭ નાગરિકોના મોત થયા છે, જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. બોમ્બમારામાં મોટી સંખ્યામાં ઘરોને પણ નુકસાન થયું હોવાનું જણાવવામાં આવ્યું છે. ધ બલૂચિસ્તાન પોસ્ટના અહેવાલ અનુસાર, મંગળવાર મોડી રાતથી બુધવાર સવાર સુધી બલૂચિસ્તાનના અલગ-અલગ વિસ્તારોમાં હવાઈ હુમલા ચાલુ રહ્યા હતા. સ્થાનિક સંગઠનોનો આરોપ છે કે સૈન્યની કાર્યવાહીમાં સામાન્ય લોકોના ઘરોને પણ નુકસાન થયું છે, જેના કારણે ઘણા પરિવારો સામે જીવ અને માલમત્તા સાથે ઘર ગુમાવવાનું સંકટ ઊભું થયું છે. આ હુમલામાં માર્યા ગયેલા લોકોમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા પર આ ઘટનાને લગતી અનેક પોસ્ટ જોવા મળી રહી છે.એક તરફ પાકિસ્તાની સરકાર આ વિસ્તારમાં રહેલી કુદરતી સંપત્તિ છોડવા માગતી નથી, તો બીજી તરફ આ જ સ્થળે બોમ્બ વરસાવી રહી છે. હાલમાં આ હવાઈ હુમલાઓ અંગે પાકિસ્તાની સેના તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. જોકે, સેનાએ ૧૧ ઓગસ્ટે બલૂચિસ્તાનના પંજગુર જિલ્લામાં આતંકવાદ વિરોધી કાર્યવાહી હાથ ધરવાની માહિતી આપી હતી. યાદ રહે કે આ જ દિવસે અહીં સ્વતંત્રતા દિવસ જાહેર કરીને મોટા પાયે ઉજવવામાં આવી રહ્યો હતો.

પાકિસ્તાની સેનાની મીડિયા પાંખનું કહેવું છે કે વિસ્તારમાં કાર્યવાહી ગુપ્ત માહિતીના આધારે કરવામાં આવી રહી છે. સેનાએ દાવો કર્યો કે કાર્યવાહી દરમિયાન ૫ શંકાસ્પદ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ દરમિયાન આ વિસ્તારમાં સક્રિય બળવાખોર સંગઠન મ્હ્છએ પણ દાવો કર્યો છે કે તે વિસ્તારમાં હાજર પાકિસ્તાની સેનાના બાતમીદારોને મોતને ઘાટ ઉતારવાનું અભિયાન ચલાવી રહ્યું છે.

### ભારેથી અતિભારે વરસાદની આગાહી

## બંગાળની ખાડીમાં લો-પ્રેશર સર્જાયું

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૧૨ : ગુજરાતમાં ફરી વરસાદી માહોલ સક્રિય થવાના સંકેતો મળી રહ્યા છે. હવામાન વિભાગની માહિતી મુજબ, ઉત્તરપશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં રહેલું લો-પ્રેશર ક્ષેત્ર આજે, ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે ૮.૩૦ વાગ્યે પણ યથાવત છે. આ સિસ્ટમ સાથે સંકળાયેલું ચક્રવાતી પરિભ્રમણ પણ સક્રિય છે. બીજી તરફ ઉત્તર બંગાળની ખાડીમાં પણ નવું લો-પ્રેશર ક્ષેત્ર સર્જાયું છે. આગામી ૨૪ કલાક દરમિયાન આ સિસ્ટમ ડિપ્રેશનમાં કેન્દ્રિત થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેની અસર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ વધારી શકે છે. હવામાન વિભાગે ૧૮મી ઓગસ્ટ સુધી ગુજરાતના વિવિધિ જિલ્લાઓમાં વરસાદની આગાહી આપી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ઉત્તરપશ્ચિમ બંગાળની ખાડી પરના ઉપલા હવાના ચક્રવાતી પરિભ્રમણના પ્રભાવ હેઠળ ૧૨ ઓગસ્ટે સવારે ૫.૩૦ વાગ્યે પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠા નજીક ઉત્તર બંગાળની ખાડીમાં લો-પ્રેશર ક્ષેત્ર રચાયું છે. સવારે ૮.૩૦ વાગ્યે પણ આ સિસ્ટમ યથાવત રહી હતી.

આ સિસ્ટમ સાથે સંકળાયેલું ચક્રવાતી પરિભ્રમણ સરેરાશ સમુદ્ર સપાટીથી આશરે ૭.૬ કિલોમીટર ઉપર સુધી વિસ્તરેલું છે. આગામી ૧૨ કલાક દરમિયાન સિસ્ટમ વધુ સંગઠિત થવાની શક્યતા છે. ત્યારબાદ આગામી ૨૪ કલાકમાં તે ડિપ્રેશનમાં કેન્દ્રિત થઈને પશ્ચિમ બંગાળ અને નજીકના બાંગ્લાદેશના દરિયાકાંઠે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી શકે છે.

ઉત્તરપશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં રહેલું લો-પ્રેશર ક્ષેત્ર પણ આજે યથાવત છે. તેની સાથેનું ચક્રવાતી પરિભ્રમણ સરેરાશ સમુદ્ર સપાટીથી ૭.૬ કિલોમીટર સુધીની ઊંચાઈએ જોવા મળી રહ્યું છે અને ઊંચાઈ સાથે દક્ષિણ તરફ ઝુકેલું છે. આ ઉપરાંત મોનસૂન ટ્રફ પણ સક્રિય છે. મોનસૂન ટ્રફ ઉત્તરપશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારોમાંથી પસાર થઈ રહ્યો છે. આ હવામાન પરિબળોને કારણે મધ્ય ભારત અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ ચાલુ રહેવાની શક્યતા છે.

૧૩ ઓગસ્ટે મધ્યપ્રદેશને અડીને આવેલા ગુજરાતના જિલ્લાઓમાં વરસાદનું જોર જોવા મળી શકે છે. હવામાન વિભાગે દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગ માટે યલો એલર્ટ આપ્યું છે. આ પાંચેય જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે.

હાલમાં એક તરફ મધ્યપ્રદેશમાં લો-પ્રેશર અને બીજી તરફ ઉત્તર બંગાળની ખાડીમાં નવી સિસ્ટમ સક્રિય થઈ છે. બંને સિસ્ટમની ગતિવિધિ અને મોનસૂન ટ્રફની સ્થિતિ આગામી દિવસોમાં ગુજરાતના વરસાદને અસર કરી શકે છે. ખાસ કરીને મધ્ય ગુજરાત

## જંતર-મંતર સિઝન-૨ ટૂંક સમયમાં શરૂ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)ના કાર્યકરોની બેઠક માટે હોલ બુકિંગ કરવા મામલે વિવાદ સર્જાયો છે. પાર્ટીના સ્થાપકે શાસક પક્ષ પર હોલ માલિકોને ધમકાવવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે જ પાર્ટીએ દેશમાં સરકારી શાળાઓની સ્થિતિ સુધારવા માટે ટૂંક સમયમાં જંતર-મંતર ખાતે આંદોલનનો બીજો તબક્કો શરૂ કરવાની જાહેરાત કરી છે.

સીજેપીના સ્થાપક અભિજિત દીપકેએ દાવો કર્યો હતો કે, દિલ્હીમાં કાર્યકરોની બેઠક યોજવા માટે ભારે મુશ્કેલીથી એક હોલ બુક કરાવ્યો હતો. જોકે, હોલ માલિકો પર ઉપરથી દબાણ લાવીને જો બેઠક થવા દેવાશે તો ઉલ્ટા લટકાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે યુવાનોના અવાજથી ડરીને ભાજપ દ્વારા આ પ્રકારના કૃત્યો કરવામાં આવી રહ્યા

### CJP ફાઉન્ડર અભિજિત દીપકેની મોટી જાહેરાત

છે. આ મામલે પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંકા દિલ્હી પોલીસની ભૂમિકા પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે પૂછ્યું હતું કે શું દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે અને પોલીસ માત્ર શાસક પક્ષ માટે કામ કરી રહી છે?

પાર્ટીના અન્ય એક પ્રવક્તા સૌરવ દાસ માહિતી આપતા જણાવ્યું હતું કે જંતર-મંતર સિઝન ૨ હેઠળ દેશવ્યાપી લિસનિંગ ટૂર શરૂ કરવામાં આવશે. ૧૫ ઓગસ્ટથી શિક્ષણના મુદ્દાને પ્રાથમિકતા આપીને ગામડાઓની સરકારી શાળાઓની પાયાની સુવિધાઓ સુધારવા માટે વાલીઓ અને નાગરિકો સાથે મળીને સોશિયલ ઓડિટ અભિયાન

## ભારત બાંગ્લાદેશ માટે ૧૯ પેસેન્જર રેલ કોચનો પ્રથમ સેટ રજૂ કરવા માટે તૈયાર

(જી.એન.એસ) તા. ૧૨ નવી દિલ્હી/ઢાકા, બાંગ્લાદેશમાં રેલ્વે રેકની અછત વચ્ચે, ભારત પાડોશી દેશને ૧૯ ન્ઁમ્બ્રોડ-ગેજ પેસેન્જર કોચનો રેક પૂરો પાડવા માટે તૈયાર છે, જે તેના રેલ નેટવર્કને ખૂબ જ જરૂરી ટેકો આપશે.બાંગ્લાદેશ રેલ્વે માટે ૧૯ ન્ઁમ્ બ્રોડ-ગેજ પેસેન્જર કોચનો પ્રથમ રેક પંજાબના કપૂરથલામાં રેલ કોચ ફેક્ટરીમાંથી શરૂ કરવામાં આવ્યો છે.આ રેકમાં બે એસી સ્લીપર કાર, ત્રણ એસી ચેર કાર, અગિયાર નોન-એસી ચેર કાર અને બે પાવર કારનો સમાવેશ થાય છે. આ કોચમાં ઘણી અનન્ય ડિઝાઈન સુવિધાઓ અને ફેરફારોનો સમાવેશ થાય છે, જેમાંથી ઘણા પ્રથમ વખત ન્ઁમ્-પ્રકારના કોચમાં વિકસાવવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે તે ખાસ કરીને બાંગ્લાદેશ રેલ્વેના સ્પષ્ટીકરણો માટે બનાવવામાં આવ્યા છે અને નિયમિત લીલા અને સફેદ રંગોમાં રંગવામાં આવ્યા છે. આ કોચ ખાસ કરીને બાંગ્લાદેશ રેલ્વેની કાર્યકારી અને મુસાફરોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કસ્ટમાઈઝ કરવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બેઠક વ્યવસ્થામાં સ્ટેનલેસ સ્ટીલ આર્મરેસ્ટ અને સ્ટેનલેસ-સ્ટીલ ફૂટરેસ્ટ સાથે ખાસ ડિઝાઈન કરાયેલ રિક્લાઈનિંગ ખુરશીઓ શામેલ છે, જે મુસાફરોના આરામમાં વધારો કરવા માટે બહુવિધ રિક્લાઈનિંગ પોઝિશન પ્રદાન કરે છે.

આ કોચમાં મુસાફરોને કેન્દ્રિત અનેક સુવિધાઓ છે, જેમાં એસી કોચમાં પંખા, એક સંકલિત સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ, પેસેન્જર એલાર્મ સિસ્ટમ, આંશિક રીતે ખુલી શકે તેવી બારીઓ, બેબી કેર રૂમ અને પ્રાર્થના રૂમનો સમાવેશ થાય છે.ચોક્કસ ઓપરેટિંગ પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતા, છતનું માળખું મજબૂત બનાવવામાં આવ્યું છે જેથી તે પીક ટ્રાફિક કલાકો દરમિયાન છત પર મુસાફરી કરતા મુસાફરોથી થતા વધારાના ભારણનો સામનો કરી શકે. બાંગ્લાદેશ રેલ્વે ટ્રેનોની છત પર મુસાફરી કરતા મુસાફરો માટે કુખ્યાત છે કારણ કે દેશમાં રેલ્વેનું વીજળીકરણ કરવામાં આવ્યું નથી.બાંગ્લાદેશ રેલ્વે ગંભીર પ્રણાલીગત અવરોધોનો સામનો કરે છે, જેમાં વૃદ્ધ માળખાકીય સુવિધાઓ, લોકોમોટિવ્સ અને પેસેન્જર કોચની તીવ્ર અછતનો સમાવેશ થાય છે જેના કારણે નાણાકીય નુકસાન અને ક્રોનિક શેડ્યુલિંગ વિલંબ થાય છે. મોટાભાગના રોલિંગ સ્ટોક અને ટ્રેક તેમના કાર્યકારી જીવનકાળ કરતાં વધી જાય છે.ભારતમાંથી આ કોચ એવા સમયે આવે છે જ્યારે નવા રોલિંગ સ્ટોકની જરૂરિયાત દેશમાં રેલ્વે સેવાઓ પર ગંભીર અસર કરી રહી છે.એક મુખ્ય તકનીકી સુવિધા એ છે કે યુરોપિયન સ્ટાન્ડર્ડ ઈદ્ભ ૧૫૨૨૭ નું પાલન કરતી કેશ

## ધરમપુરમાં ધો.૧૦ પાસ/નાપાસ વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ

**વલસાડ, તા.૧૨ :** ધરમપુર સ્થિત અને ગુજરાત રાજ્યના ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી હેઠળ ચાલતી સંપૂર્ણ સરકારી સંસ્થા વેર ઈન્ડસ્ટ્રિયલ ઈન્સ્ટીટયુટ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે.

આ સંસ્થામાં ૧ વર્ષના ઈલેક્ટ્રિકલ ઈન્સટોલેશન વાયરિંગ એન્ડ જોઈન્ટિંગ ટ્રેડ (ટીઈબી પેટર્ન) માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ અભ્યાસક્રમમાં ધોરણ-૧૦ પાસ કે નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓ આગામી તારીખ ૨૮-૦૮-૨૦૨૬ સુધીમાં પોતાના પ્રવેશ ફોર્મ જમા કરાવી શકશે. પ્રવેશ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૯૭૧૨૩૮૯૧૬૯ પર સંપર્ક કરી શકાશે અથવા વેર ઈન્ડસ્ટ્રિયલ ઈન્સ્ટીટયુટ, ૩ ગેટ, લ્પ્લ હાઈસ્કૂલની સામે, ધરમપુર, વલસાડ ખાતે રૂબરૂ મુલાકાત લઈ શકાશે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM SHIFA NAZEEM SAYYED TO NEW NAME SHIFA NAJIM SAYYED AS PER DOCUMENTS

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM SHIFA NAZEEM SAYYED TO NEW NAME SHIFA NAJIM SAYYED AS PER DOCUMENTS

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Land Acquisition- Dadra and Nagar Haveli

**PUBLIC NOTICE**

Purpose: Declaration issued for the land acquisition for Upgradation and Rehabilitation of road Stretch from Samarvarni up to Rakholi Bridge.

Village: Samarvarni, Masat, Sayli, Rakholi.

Declaration Notification No. LAQ/Samaravarni/Rakholi Bridge/2024/926(A) Dated: 28/07/2026.

Note: Detailed Declaration can be downloaded by scanning the above QR code

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

NO.: IP/DMN/2/5/2026-27/416 DATED :12/08/2026

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૦૬/૨૦૨૫

**અરજદાર : શ્રી જયશ્રી સુખદેવ અંભીરે**
**સુખદેવ અંભીરે પુત્રી**
**રહે.** જીગ્નેશ મહાદેવ અરેકાર ૬/૧૯૬ માંગેલવાડ, મોટી દમણ, દમણ અને દીવ ૩૯૬૨૨૦
મો.૯૧ ૯૬૩૮૫૫૫૪૭૮
તા.ઉમરગામ, જી. વલસાડ **(વ.શ્રી. ડી.એમ. ધોડી)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી (પોતે) **જયશ્રી સુખદેવ અંભીરે,** રહે. જીગ્નેશ મહાદેવ અરેકાર ૬/૧૯૬ માંગેલવાડ, મોટી દમણ અને દીવ ૩૯૬૨૨૦, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના (પોતે) જયશ્રી સુખદેવ અંભીરેનો જન્મ તા.૦૧-૧૨-૧૯૮૪ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૦૬/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૧૮/૨૦૨૬

**અરજદાર : ગજરીબેન હીરાલાલ મિતના**
**રહે.** ફણસા
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ફણસા**
**ગ્રામ પંચાયત કચેરી ફણસા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગજરીબેન હીરાલાલ મિતના,** રહે. ફણસા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાની **રતનબેન કેશવભાઈ મિતનાનું** જન્મ/મરણ તા.૨૫-૦૫-૧૯૮૫ના રોજ મોજે - ફણસા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૧૧૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**









## ડુંગરાના રાયોટિંગના ગુનામાં વોન્ટેડ બાળ કિશોરને ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૨ :** વલસાડ જિલ્લા પોલીસ દ્વારા નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે હાથ ધરાયેલી કામગીરીમાં વધુ એક સફળતા મળી છે. વલસાડ જિલ્લા LCBએ ડુંગરા પોલીસ સ્ટેશનના રાયોટિંગના ગુનામાં નાસતા ફરતા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને વાપી વિસ્તારમાંથી શોધી કાઢ્યો છે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા IPSની સુચના અને LCB વલસાડના PI એ.યુ. રોઝના માર્ગદર્શન મુજબ LCB ના PI જે.બી. ધનેશા તથા ટીમ વોન્ટેડ આરોપીઓને પકડવા માટે કામગીરી કરી રહી હતી.

દરમિયાન LCB ના ASI અજય અમલાભાઈને મળેલી ખાનગી બાતમીના આધારે ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને વાપી વિસ્તારમાંથી શોધી કાઢવામાં આવ્યો.

પોલીસે તેની પૂછપરછ કરી ખાતરી કરતા જાણવા મળ્યું કે ગુનો બન્યો તે સમયે તે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક હતો. હાલ તેની વિરુદ્ધમાં કાયદાકીય જોગવાઈ અનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**CHANGE OF NAME**

OLD NAME:PATEL SEJALKUMARI VIJAYBHAI
NEW NAME:SEJAL MEHUL THAKOR
ADDRESS:F/10,PRAMUKH VATIKA,BAVISA FALIYA,SILVASSA, U.T.OF DADRA NAGAR HAVELI.

## ધરમપુર ધારાસભ્યની રજૂઆત ફળી : છાત્રાલય કર્મીઓનો પગાર વધશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૨ :** આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોના કર્મચારીઓની લાંબા સમયથી પડતર પગાર વિસંગતતાનો પ્રશ્ન ઉકેલાયો છે. ધરમપુરના ધારાસભ્ય તથા ભાજપ ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલની અસરકારક રજૂઆત બાદ સરકાર દ્વારા કર્મચારીઓના પગાર દરમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૭ જુલાઈ ૨૦૨૬ના ઠરાવ મુજબ પગાર દરમાં વધારો કરવામાં આવ્યો છે. સાથે જ કર્મચારીઓને ૮ એપ્રિલ ૨૦૨૪થી ૩૧ મે ૨૦૨૬ સુધીના બાકી એરિયર્સની રકમ ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એરિયર્સની કુલ રકમમાંથી ૯૦% રકમ મદદનીશ કમિશનર (તકેદારી), વલસાડ દ્વારા અને ૧૦% રકમ સંબંધિત સંસ્થા દ્વારા કર્મચારીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Land Acquisition- Dadra and Nagar Haveli

**PUBLIC NOTICE**

Purpose: Final R&R issued for the land acquisition for Upgradation and Rehabilitation of road Stretch from Bhasta Faliya Junction to SSR College.

Village: Silvassa/Amli, Sayli.

Final R&R No. LAQ/SMC/BhastaJunction-SSRCollage/SSCL/2023/926 Date: 29/07/2026.

Note: Detailed R&R can be downloaded by scanning the above QR code

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

NO.: IP/DMN/2/5/2026-27/417 DATED :12/08/2026

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૧૦/૨૦૨૬

**અરજદાર : સુરેશભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ**
**રહે.** કુંભારવાડા, ઉદવા રોડ, સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. બી.એમ. માંગેલા)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સંજાણ**
**ગ્રામ પંચાયત કચેરી સંજાણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુરેશભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ,** રહે. કુંભારવાડા, ઉદવા રોડ, સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રીનો જન્મ તા.૨૮-૦૪-૧૯૮૯ના રોજ મોજે - સંજાણ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૧૧૦/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૧૬/૨૦૨૬

**અરજદાર : ગજરીબેન હીરાલાલ મિતના**
**રહે.** ફણસા
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ફણસા**
**ગ્રામ પંચાયત કચેરી ફણસા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગજરીબેન હીરાલાલ મિતના,** રહે. ફણસા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાના **કેશવભાઈ કોયલાભાઈ મિતનાનું** મરણ તા.૨૨-૦૨-૧૯૮૨ના રોજ મોજે - ફણસા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૧૧૬/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**






## વાપીનાં જાહેર માર્ગો પર તહેવારો શરૂ થતાં ધ્વનિ પ્રદૂષણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૨ :** વાપી શહેર તથા ગ્રામ્ય પંથકમાં દશામા માતાજીની પ્રતિમાની સ્થાપનાને લઈને ભક્તોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિવિધ મંડળો તેમજ કેટલાક લોકો દ્વારા પોતાના ઘરોમાં સ્થાપના માટે માતાજીની પ્રતિમા રાત્રિના સમયે વાહનો મારફતે લઈ જવામાં આવી રહી છે. જોકે, પ્રતિમાના આગમન દરમિયાન કેટલાક સ્થળોએ ભારે અવાજે ડીજે વગાડવામાં આવતા રહેણાંક વિસ્તારોમાં ધ્વનિ પ્રદૂષણની સમસ્યા ઊભી થઈ છે.

રાત્રિના સમયે રહેણાંક વિસ્તારોમાંથી પસાર થતા ડીજેના ભારે અવાજને કારણે નાના બાળકો, વૃદ્ધો તેમજ ધ્વનિ પ્રત્યે સંવેદનશીલ લોકો પરેશાન થઈ રહ્યા છે કેટલાક સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ મોડી રાત્રે અચાનક આવતા ભારે અવાજથી ઘરોમાં પણ અસહજ પરિસ્થિતિ સર્જાય છે. ખાસ કરીને હૃદય સંબંધિત તકલીફ ધરાવતા લોકો માટે આવા અતિશય અવાજને કારણે મુશ્કેલી ઊભી થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર તેમજ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા ધ્વનિ પ્રદૂષણ રાત્રિ દરમિયાન ન થાય તે માટે રાત્રે ૧૦થી સવારે છ વાગ્યા સુધી ડીજે કે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે તેમ છતાં વાપી ટાઉન વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ રાત્રિના સમયે ડીજેના વધતા ઉપયોગ સામે સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે. ધાર્મિક કાર્યક્રમો અને પરંપરાઓ જળવાઈ રહે તે જરૂરી છે, પરંતુ સાથે સાથે રહેણાંક વિસ્તારોમાં રહેતા લોકોની શાંતિ અને આરોગ્યનું પણ ધ્યાન રાખવામાં આવે તેવી માંગ ઉઠી છે.

સ્થાનિક રહીશો દ્વારા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગને રાત્રિના સમયે નિયમ વિરુદ્ધ અથવા પરવાનગી વિના જાહેર રસ્તા પરથી ડીજે વગાડતા મંડળો સામે તાત્કાલિક કાર્યવાહી કરવા તેમજ ધ્વનિ પ્રદૂષણના નિયમોનો કડક અમલ કરાવવા માંગ કરવામાં આવી છે. ભક્તિ અને ધાર્મિક આસ્થાની ઉજવણી સાથે કાયદા તથા ધ્વનિ પ્રદૂષણના નિયમોનું પાલન થાય તે માટે તંત્ર દ્વારા અસરકારક દેખરેખ રાખવાની જરૂર પણ છે.

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Land Acquisition- Dadra and Nagar Haveli

**PUBLIC NOTICE**

Purpose: Final R&R issued for the land acquisition for Upgradation and Rehabilitation of road Stretch from Gandhigram Junction to Silli-Fatak.

Village: Athola, Silli,

Final R&R No. LAQ/DNH/Gandhigram Junction/Silli-Fatak /2024/910 Dated: 15/07/2026.

Note: Detailed Final R&R can be downloaded by scanning the above QR code

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

NO.: IP/DMN/2/5/2026-27/415 DATED :12/08/2026

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૧૧/૨૦૨૬

**અરજદાર : મુસ્તાક અલીભાઈ શેખ**
**રહે.** સંજાણ બંદર, બાપુ નગર, નારગોલ રોડ, સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. બી.એમ. માંગેલા)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સંજાણ**
**ગ્રામ પંચાયત કચેરી સંજાણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મુસ્તાક અલીભાઈ શેખ,** રહે. સંજાણ બંદર, બાપુ નગર, નારગોલ રોડ, સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **મોહમદનદીમ મુસ્તાક શેખનો** જન્મ તા.૨૦-૦૫-૧૯૮૬ના રોજ મોજે - સંજાણ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૧૧૧/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૧૭/૨૦૨૬

**અરજદાર : ગજરીબેન હીરાલાલ મિતના**
**રહે.** ફણસા
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, કાલઈ**
**ગ્રામ પંચાયત કચેરી કાલઈ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગજરીબેન હીરાલાલ મિતના,** રહે. ફણસા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **નાનીબેન બાબુભાઈ મિતનાનું** મરણ તા.૧૮-૦૮-૧૯૯૮ના રોજ મોજે - કાલઈ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૧૧૭/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Land Acquisition- Dadra and Nagar Haveli

**PUBLIC NOTICE**

Purpose: Declaration issued for the land acquisition for Upgradation and Rehabilitation of road Stretch from Gandhigram Junction to Silli-Fatak

Village: Athola, Silli.

Declaration Notification No. LAQ/DNH/Gandhigram Junction/Silli-Fatak/2024/925(A) Dated: 28/07/2026.

Note: Detailed Declaration can be downloaded by scanning the above QR code

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

NO.: IP/DMN/2/5/2026-27/413 DATED :12/08/2026

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Land Acquisition- Dadra and Nagar Haveli

**PUBLIC NOTICE**

Purpose: Final R&R issued for the land acquisition for Upgradation and Rehabilitation of road Stretch from Samarvarni up to Rakholi Bridge.

Village: Samarvarni, Masat, Sayli, Rakholi.

Final R&R No. LAQ/Samaravarni/ Rakholi Bridge/ 2024/909 Dated: 15/07/2026.

Note: Detailed Final R&R can be downloaded by scanning the above QR code

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

NO.: IP/DMN/2/5/2026-27/414 DATED :12/08/2026

**DOMS**
EVERY AMBITION NEEDS PREPARATION

**DOMS INDUSTRIES LIMITED**

**CIN:** L36991GJ2006PLC049275
**Regd. Off.** J-19, G.I.D.C, Opp. Telephone Exchange, Umbergaon - 396171, Gujarat, India.
**Tel.:** +91 7434888445 | **Email:** ir@domsindia.com | **Website:** www.domsindia.com

**NOTICE OF THE 20TH ANNUAL GENERAL MEETING AND INFORMATION ON E-VOTING**

Notice is hereby given that the 20th Annual General Meeting ('**AGM**') of the Shareholders of DOMS Industries Limited ('**the Company**') will be held on **Thursday, September 03, 2026 at 03:00 p.m. (I.S.T.)** through Video Conferencing ('**VC**')/ Other Audio Visual Means ('**OAVM**'), to transact the business as set out in Notice convening the AGM of the Company.

In compliance with the applicable provisions of The Companies Act, 2013 ('**the Act**') and rules made thereunder, the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ('**SEBI LODR Regulations**') and read with all the applicable circulars issued by the Ministry of Corporate Affairs ('**MCA**') and Securities and Exchange Board of India ('**SEBI**'), the AGM of the Company will be held through VC/ OAVM only. The deemed venue of the AGM will be the registered office of the Company.

Further, in accordance with the applicable circulars of MCA and SEBI, the notice of the AGM along with the Annual Report of the Company for the financial year 2025-26, have been sent on August 12, 2026, by electronic mode, to those shareholders whose email addresses are registered with the Company/ Depository Participants(s). A letter providing the web-link and QR code, where the Annual Report for financial year 2025-26 is available, is being sent to those shareholders whose e-mail addresses are not registered with the Company/ Depository Participants(s). The Notice of AGM and Annual Report of the Company for the financial year 2025-26, is available on the website of the Company at www.domsindia.com; on the website of Stock Exchanges where the Equity Shares of the Company are listed i.e. BSE Limited at www.bseindia.com, National Stock Exchange of India Limited at www.nseindia.com; and on the website of National Securities Depository Limited ('NSDL') at www.evoting.nsdl.com.

The Company is providing remote e-voting facility to the Shareholders, to exercise their rights to vote on all the resolutions proposed to be passed at AGM. The facility for casting votes by the Shareholders using an electronic voting system and for participating in the AGM through VC/ OAVM facility along with the e-voting during the AGM will be provided by NSDL. Detailed procedure for joining of AGM through VC/ OAVM and casting of vote through e-voting during the AGM is provided in the Notice of AGM. Shareholders attending AGM through VC/ OAVM will be counted for the purpose of reckoning the quorum under Section 103 of the Act.

The remote e-voting period will commence on **Monday, August 31, 2026 at 09:00 a.m. (I.S.T.)** and shall conclude on **Wednesday, September 02, 2026 at 05:00 p.m. (I.S.T.)**. Further, facility of e-voting system, shall also be made available during the proceedings of the AGM and shall close after 15 (Fifteen) minutes from the conclusion of the AGM.

The Company has fixed **Thursday, August 27, 2026**, as '**Record Date**' for determining the eligibility of Shareholders for voting through remote e-voting and e-voting at the AGM. A person whose name is recorded in the Register of Members / List of Beneficial Owners as on Record Date is only entitled to avail the facility of remote e-voting as well as e-voting at the AGM. Shareholders who have casted their votes through remote e-voting can participate in AGM but shall not be entitled to cast their vote again.

Any person who becomes a Shareholder of the Company after dispatch of the Notice of AGM and holds share as on Record Date may obtain the User ID and Password in the manner as provided in the notice of the AGM.

In case of any queries related to voting by electronic means, shareholders may contact Ms. Pallavi Mhatre, NSDL at evoting@nsdl.com or at telephonic number 022-4886 7000. You may also refer to the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section of www.evoting.nsdl.com.

**For DOMS Industries Limited**
**Sd/-**
**Mitesh Padia**
**Company Secretary and Compliance Officer**
**Membership No.: A58693**

**Date: August 12, 2026**
**Place: Umbergaon**




# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

૧૨૮ બેડની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલથી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થશે

# વાપીમાં રૂા.૪૫ કરોડના ખર્ચે નવી સરકારી મીની સિવિલ હોસ્પિટલ તૈયાર

## વાપી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલથી અઢી લાખની વસ્તીને સુવિધા : વલસાડ જિલ્લાના ત્રણ તાલુકા અને વાપી મનપા તેમજ મહારાષ્ટ્ર બોર્ડરના ગામના દર્દીઓને વલસાડ જવુ નહીં પડે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી તથા આજુબાજુના વિસ્તારમાં વધતી વસ્તી વચ્ચે આરોગ્યલક્ષી સુવિધા વધે તે માટે બલીઠા હાઈવે પર ૨.૫૦ લાખની વસ્તી માટે મિની સિવિલ હોસ્પિટલનું કામ હવે અંતિમ તબક્કામાં પહોંચ્યું છે. વર્ષ ૨૦૨૬માં વાપીવાસીઓને નવી સરકારી હોસ્પિટલની સુવિધા મળી રહેશે. આ ૧૨૮ બેડની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલથી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થશે.

અહીં રૂપિયા ૪૫ કરોડના ખર્ચે આગામી વર્ષ ૨૦૨૬ ના અંતિમ તબક્કા સુધીમાં મિની સિવિલ હોસ્પિટલ કાર્યરત થશે.

વિધાનસભાના ગુજરાત બજેટ સત્રમાં રાજ્યના નાણા, મંત્રી કનુભાઈદેસાઈએ બલીઠા હાઈવે પર જૂની દમણ ગંગા નહેર વિભાગની કોલોનીના સ્થળે રૂ. ૪૫.૩૦ કરોડના ખર્ચે ૧૨૮ બેડ વાળી સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલના નિર્માણની બજેટમાં જોગવાઈ કરી હતી.હવે મિની સિવિલ હોસ્પિટલ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અને ૨૦૨૬ સુધીમા આ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલનો પ્રોજેકટ પૂર્ણ થશે. હાલમાં આ હોસ્પિટલ નું મકાન બનીને તૈયાર થઈ ગયું છે અને તેને પેન્ટિંગ કરવાની કામગીરી ચાલુ છે તેમજ હોસ્પિટલના દરેક ફ્લોર ઉપર ફર્નિચર બનાવવાની કામગીરી પણ કરાઈ રહી છે.

ખાસ કરીને વાપી શહેરમાં ચલા સીએચસી દુર હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આરોગ્યની સુવિધા માટે મુંઝવણ ઊભી થતી હતી,પરંતુ હવે બલીઠા હાઈવે પર થોડા મહિનાઓમાં મિની સિવિલ હોસ્પિટલ શરૂ થવાથી દર્દીઓને મોટી રાહત થશે.

બીજી તરફ વાપી ચલા સીએચસી હવે વાપી મનપા કચેરી હસ્તક આવી જશે. વાપી મનપા ઝોન મુજબ આરોગ્ય કેન્દ્ર તૈયાર કરાશે જેથી અહીં તમામ સુવિધાઓ શરૂ થતા ચલા ખાતે આવેલ સરકારી આરોગ્ય કેન્દ્ર બંધ થશે. આ હોસ્પિટલમાં વાપી મહાનગરપાલિકા વાપી તાલુકો પારડી અને ઉમરગામ તાલુકાના લોકો તેમજ ગુજરાતની બોર્ડર ઉપર આવેલ મહારાષ્ટ્ર ના તલાશરી વિસ્તારના લોકોને માટે આ હોસ્પિટલ આશીર્વાદરૂપ બનશે. અંગે વાપી મહાનગરપાલિકાના હોદ્દેદારો તેમજ રાજ્યના નાણાં અને શહેરી વિકાસ તેમજ શહેરી વિકાસ ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ અને તેમની ટીમ ખાસ ધ્યાન આપી રહી છે.

### ૨૪ કલાક ઇમરજન્સી સારવાર દર્દીઓને મળી રહેશે

ગુજરાત સરકારના હેલ્થ-ફેમીલિ વેલફેર ડિપાર્ટમેન્ટ દ્વારા સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ માટે સાઈટ એરિયા ૭૦૦૩.૯૦ સ્કવેર મીટર કુલ વિસ્તાર ૧૫૭૩૦.૧૪ સ્કવેર મીટર રહેશે.છીરી, કોપરલી, નાની તંબાડી, વટાર. ચંડોર કરવડ તથા અર્બન પીએચસીમાં વાલ્મિકી આવાસ, ગીતા નગર, ડુંગરા અને સુલપડના દર્દીઓને અહીં આરોગ્યલક્ષી સુવિધા મળી રહેશે. ૨૪ કલાક ઈમરજન્સી સારવાર, ૨૪ કલાક ફાર્માસી સ્ટોર, સિટી સ્કેન, એક્સ રે, લેબોરેટરી, બ્લડ બેન્ક, ૪ ઓપરેશન થિયેટરો, ૧૯ ઓપીડી, ૧૨૮ બેડની હોસ્પિટલ, ૮ આઈસીયુ બેડ,પીએમ રૂમ, એડિશનલ સ્પેશિયલ રૂમ, વીઆઈપી રૂમ, ગ્રાઉન્ડ ફલોરમાં ઈમરજન્સી ડિપાર્ટમેન્ટ સહિતની સુવિધાનો સમાવેશ થાય છે.

# વાપીના મુખ્ય બજારમાં પેવર બ્લોકની કામગીરી સામે સવાલો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૨ :** વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૮માં આવેલા મુખ્ય બજારમાં સરદાર ચોકથી ઝંડા ચોક સુધી માર્ગની બંને બાજુ ફૂટપાથ તથા પેવર બ્લોક બેસાડવાની કામગીરી ચાલી રહી છે. આ સાથે ડ્રેનેજ લાઈન તેમજ વરસાદી પાણીના નિકાલ માટે ગટર બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જોકે, કામગીરીની ગુણવત્તા અને લેવલ જાળવવામાં આવી રહ્યા નથી હોવાના આક્ષેપો સાથે સ્થાનિક દુકાનદારો અને વેપારીઓમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પેવર બ્લોક બેસાડતી વખતે યોગ્ય લેવલ અને લાઈન-દોરીનું ધ્યાન રાખવામાં આવતું નથી. ઉપરાંત, કામગીરીમાં હલકી ગુણવત્તાના પેવર બ્લોક તથા અન્ય માલ-મટીરિયલનો ઉપયોગ થતો હોવાના આક્ષેપો પણ કરવામાં આવી રહ્યા છે. મહત્વનું એ છે કે હજુ કામગીરી સંપૂર્ણપણે પૂર્ણ પણ થઈ નથી ત્યાં જ અનેક સ્થળોએ પેવર બ્લોક ઉખડી જવા તેમજ તૂટી જવાની શરૂઆત થઈ હોવાનું સામે આવ્યું છે. જેના કારણે મનપા દ્વારા કરવામાં આવી રહેલી આ કામગીરીની ગુણવત્તા સામે પ્રશ્નો ઊભા થયા છે.

મુખ્ય બજાર વિસ્તારમાં રોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી લાંબા સમય સુધી ટકી રહે તેવી ગુણવત્તાયુક્ત કામગીરી કરવાની માંગ સ્થાનિક વેપારીઓ અને દુકાનદારો દ્વારા કરવામાં આવી રહી છે. સાથે જ સંબંધિત તંત્ર દ્વારા કામગીરીની સ્થળ તપાસ કરી પેવર બ્લોકની ગુણવત્તા, લેવલ તથા વપરાયેલા મટીરિયલની ચકાસણી કરવામાં આવે અને ખામી જણાય તો જવાબદાર કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ તેમજ ઈજનેરો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# વાપીની આર.એસ. ઝુનઝુનવાલા સ્કુલમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી-ડુંગરા સ્થિત આર.એસ. ઝુનઝુનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તા.૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બાળ સુરક્ષા અને પોક્સો અધિનિયમ અંગે દોષસિદ્ધિ જાગૃતિ કાર્યક્રમનું આયોજન ડુંગરા પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન.ગોહિલ સરની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. જેમા ડુંગરા પોલીસ સ્ટેશનના સબ પોલીસ ઈન્સ્પેક્ટર કે.આર. ચૌટલિયા સર તેમજ શાળાના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશભાઈ રાઠોડ, ટ્રસ્ટી હર્ષ રાઠોડ, શાળાના આચાર્યા સુચિતા ચારી મેડમ, શિક્ષક ભાઈ-બહેનો અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમ દરમિયાન પોક્સો કેસ નં. ૬૨/૨૦૨૩ (એફઆઈઆર નં. ૨૩૨૧/૨૦૨૩,તા.૨૩/૧૦/૨૦૩), જે ડુંગરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ હતો, તેના સંદર્ભમાં થયેલી દોષસિદ્ધિ અને પોક્સો અધિનિયમ હેઠળ આપવામાં આવેલી સજા અંગે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ડુંગરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન.ગોહિલ દ્વારા બાળ સુરક્ષા, જાતીય ગુનાઓથી બચાવ, કાયદાકીય જોગવાઈઓ તથા કોઈ અયોગ્ય પરિસ્થિતિ સર્જાય ત્યારે યોગ્ય રીતે મદદ મેળવવા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં POCSO અધિનિયમ અંગે જાગૃતિ વધારવી, બાળકોને તેમના અધિકારો અને સુરક્ષા અંગે સજાગ બનાવવા તથા બાળ જાતીય શોષણના નિવારણ માટે સુરક્ષિત અને જાગૃત શાળા વાતાવરણનું નિર્માણ કરવાનો હતો.

# સલવાવની ૧૧ વર્ષની ત્વરા દેસાઈએ તબલા વાદન સંગીત પરીક્ષા પૂર્ણ કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** અનાવિલ સમાજનું નામ રોશન કરતી એક સિદ્ધિ સામે આવી છે. સલવાવ ગામના સ્વ. પુષ્પાબેન - સ્વ. ગુણવંત રાય જગનજી દેસાઈની પૌત્રી અને સ્વ. સતિષભાઈ - સ્વ. સાધનાબેન ગુજરાતી, નાસિકની દોહિત્રી ચિ. ત્વરા નેહલ-હિરલ દેસાઈએ માત્ર ૧૧ વર્ષની ઉંમરે સંગીત ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. ત્વરાએ ગંધર્વ મહાવિદ્યાલય ટ્રસ્ટ, બૃહદ ગુજરાત સંગીત સમિતિ દ્વારા લેવાયેલ સંગીત પ્રવેશિકા પૂર્ણ - ચોથા વર્ષની તબલા વાદનની પરીક્ષા પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ કરી છે. આ સિદ્ધિ તેણે ગુરુ અવિનાશ સરના માર્ગદર્શન હેઠળ મેળવી છે. નોંધનીય છે કે ત્વરા છેલ્લા સાડા ચાર વર્ષથી સતત તબલા વાદનની તાલીમ લઈ રહી છે. નાની ઉંમરમાં જ લય, તાલ અને શિસ્ત સાથેની આગેકૂચે તેને આ સફળતા અપાવી છે. ગુરુ અવિનાશ સરના માર્ગદર્શન અને પરિવારના પ્રોત્સાહનથી ત્વરા ભવિષ્યમાં પણ સંગીત ક્ષેત્રે વધુ નામના મેળવે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# વિકાસ મંચના નામે રેલવે ઓવરબ્રિજ મુદ્દે બેઠક બોલાવવાનો પ્રયાસ નિષ્ફળ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપીમાં નિર્માણાધીન રેલવે ઓવરબ્રિજની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોવાના મુદ્દે લોકોને એકત્ર કરવા માટે સોશિયલ મીડિયામાં વાપી વિકાસ મંચના નામે મેસેજ ફરતો કરાયો હતો. જોકે, આ મેસેજ વાપી વિકાસ મંચ દ્વારા કરવામાં આવ્યો ન હોવાનું સંગઠનના કન્વિનર જી.જી. નાયકે સ્પષ્ટ કર્યું છે. વાપી વિકાસ મંચના નામનો ઉપયોગ કરી લોકોને ભેગા કરવાનો -યાસ પણ નિષ્ફળ રહ્યો હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, વાપીમાં અગાઉ સામાજિક અને રાજકીય ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા વાપી વિકાસ મંચની સ્થાપનામાં વાપીના સામાજિક-રાજકીય આગેવાનો તેમજ વાપી નગરપાલિકાના પ્રથમ પ્રમુખ રાજુભાઈ શાહ, જી.જી. નાયક, હેમંત શાહ અને દેસાઈ બંધુઓની મહત્વની ભૂમિકા રહી હતી. વર્ષ ૧૯૯૪માં યોજાયેલી વાપી નગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં વાપી વિકાસ મંચના નામે પક્ષ રચી બહુમતી મેળવવામાં આવી હતી અને રાજુભાઈ શાહ વાપી નગરપાલિકાના પ્રથમ પ્રમુખ અને ઠાકોરભાઈ દેસાઈ ઉપપ્રમુખ બન્યા હતા. તે સમયે વાપી તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારો સહિત સમગ્ર જિલ્લામાં વાપી વિકાસ મંચની આગવી લોકપ્રિયતા જોવા મળી હતી. હાલમાં વાપીમાં બની રહેલા રેલવે ઓવરબ્રિજની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી છે, જેના કારણે વાહનચાલકો અને સ્થાનિક લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુદ્દાને લઈને કેટલાક વ્યક્તિઓ દ્વારા વાપી વિકાસ મંચના નામનો ઉપયોગ કરી સોશિયલ મીડિયા મારફતે લોકોને એકત્ર કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ગત રવિવારે ચલા વિસ્તારમાં આવેલા તિરુપતિ ટાવરની એક ઓફિસમાં રેલવે ઓવરબ્રિજના મુદ્દે ચર્ચા-વિચારણા કરવા માટે લોકોને એકત્ર થવાનો મેસેજ મોબાઈલ અને સોશિયલ મીડિયામાં ફરતો કરાયો હતો. જોકે, બેઠકમાં ગણતરીના માત્ર પાંચ જેટલા લોકો જ ઉપસ્થિત રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે લોકોને મોટી સંખ્યામાં એકત્ર કરી રેલવે ઓવરબ્રિજના મુદ્દે આંદોલનાત્મક માહોલ ઊભો કરવાનો પ્રયાસ સફળ રહ્યો ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ સમગ્ર મામલે વાપી વિકાસ મંચના કન્વિનર જી.જી. નાયકનો સંપર્ક કરવામાં આવતા તેમણે સ્પષ્ટ જણાવ્યું હતુ કે, સોશિયલ મીડિયામાં વાપી વિકાસ મંચના નામે ફરતો કરાયેલો મેસેજ તેમના દ્વારા કે તેમના સંગઠન દ્વારા કરવામાં આવ્યો નથી. આ બેઠક સાથે વાપી વિકાસ મંચને કોઈ સંબંધ ન હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આમ, વાપી વિકાસ મંચના નામે સોશિયલ મીડિયામાં ફરતા કરાયેલા મેસેજને પગલે લોકોમાં ચર્ચા તો ઊભી થઈ હતી, પરંતુ બેઠકમાં અપેક્ષા મુજબ લોકો એકત્ર ન થતાં સમગ્ર પ્રયાસનું જાણે કે સુરસુરિયું થઈ ગયું હતું.

જોકે આ સોશિયલ મીડિયામાં મેસેજ વાયરલ કરનાર દ્વારા એમ પણ કહેવાય રહ્યું છે કે તેઓનું ગ્રુપમાં ૫૦૦ થી વધુ લોકો છે પરંતુ કોઈ કારણસર આ બેઠકમાં ન આવી શક્યા કે કોઈ રાજકીય દબાવને લઈ અહીં આવવાનું ટાળ્યું હોવાનું જણાવી રહ્યા છે જોકે આ ગત રવિવારની સભાના સમય દરમિયાન તિરૂપતિ ટાવર બિલ્ડીંગના નીચે કેટલાક લોકો આ બેઠકમાં કોણ આવે અને જો મોટી સંખ્યામાં લોકો ભેગા થાય તો તેઓ પણ સાથે જોડાઈ જાય તેની રાહ જોતા હોય તેવી ચર્ચા પણ ચાલી રહી છે.

# વાપીને જોડતો પરિયા-અંબાચ રોડ પર ખાડામાં ફેરવાયા

## વેલવગાડ પાસે બુલેટ ટ્રેન બ્રિજ નીચે રસ્તો બિસ્માર, અકસ્માતનો ભય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી અને પારડી તાલુકાને જોડતા પરિયા-અંબાચ રોડની હાલત અત્યંત ખરાબ બની છે. ખાસ કરીને વેલવગાડ નજીક બુલેટ ટ્રેનના બ્રિજ નીચે રસ્તા પર મોટા ખાડા પડી ગયા છે. વરસાદી પાણી ભરાતા આ ખાડા હવે નાના તળાવ જેવા દેખાય છે. આ માર્ગ પરથી રોજ હજારો વાહનચાલકો, ખાસ કરીને વાપી GIDCના કામદારો અવરજવર કરે છે. ખાડામાં પાણી ભરાવાના કારણે ઊંડાઈનો અંદાજ ન આવતા ટુ-વ્હીલર ચાલકો અને નાના વાહનોને ભારે મુશ્કેલી પડી રહી છે. ખાડા બચાવવા વાહનચાલકો અચાનક દિશા બદલે છે, જેનાથી અકસ્માતની શક્યતા વધી છે.

સ્થાનિકોનું કહેવું છે કે અનેક રજૂઆતો છતાં તંત્ર દ્વારા મરામત થઈ નથી. જો આગામી ૧૦ દિવસમાં ખાડા પૂરવામાં નહીં આવે તો આંદોલનની ચીમકી પણ આપવામાં આવી છે. લોકોની માંગ છે કે કામચલાઉ સમારકામ નહીં, પરંતુ રસ્તાની ટકાઉ અને યોગ્ય મરામત તાત્કાલિક કરવામાં આવે.

# વાપી મનપાના સીટી બસ સ્ટેશનમાં કાદવ-કીચડથી યાત્રીઓને હાલાકી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી મનપા દ્વારા શરૂ કરાયેલી સિટી બસ સેવા હજારો રોજિંદા નોકરિયાતો અને વાપીમાં સમાવિષ્ટ ૧૧ ગ્રામ્ય વિસ્તારના લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. પરંતુ ચોમાસામાં આ જ સેવા યાત્રીઓ માટે માથાનો દુખાવો બની છે. વાપીના ગીતાનગરમાં રેલ્વે સ્ટેશનની સામે મુખ્ય રોડને અડીને આવેલા સિટી બસ સ્ટેશનથી ૨૦ જેટલી સિટી બસો શહેરના અને જીઆઈડીસીથી લઈ સંઘ પ્રદેશની બોર્ડર સુધીના ૧૧ થી વધુ રૂટ ઉપર દોડે છે જોકે અહીં સિટીબસ સ્ટેશન પરિસરમાં હાલ વરસાદના કારણે ઠેર-ઠેર કાદવ-કીચડ પથરાયેલો છે. પરિસરમાં પાણી ભરાવા અને રસ્તો કાદવવાળો હોવાના કારણે બસ ચાલકો બસને સ્ટેશનની અંદર લઈ જવાને બદલે ગીતાનગરના મુખ્ય રોડ પર જ ઉભી રાખીને યાત્રીઓને ઉતારી દે છે. સ્ટેશનની હાલતના કારણે રોજ સવાર અને સાંજે પિક અવરમાં અહીં ભારે ટ્રાફિક જામ સર્જાઈ રહ્યો છે. ઓફિસ અને કંપનીએ જતા હજારો કામદારોને આ જામમાં ફસાવું પડે છે. બસમાંથી ઉતરનારા વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને પણ કાદવમાંથી પસાર થઈને જવું પડે છે. ઘણી વખત લપસી પડવાની ઘટનાઓ પણ બને છે. સ્થાનિક યાત્રીઓએ મનપાને વિનંતી કરી છે કે બસ સ્ટેશન પરિસરમાં તાત્કાલિક ગ્રેવલ કે પથ્થર પાથરીને કાદવની સમસ્યા હલ કરવામાં આવે.

# વાપીની શ્રી.એલ.જી.હરિયા સ્કૂલ વોલીબોલમાં ઝળકી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** ૧૦ ઓગષ્ટ ૨૦૨૬ ના રોજ SGFI તાલુકા લેવલે વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં અન્ડર - ૧૯ ગર્લ્સ વોલીબોલ ટીમ ચેમ્પિયનશિપ નું ટાઈટલ જીતી છે, અને અન્ડર - ૧૯ બોયઝ વોલીબોલ ટુર્નામેન્ટમાં રનર્સ અપ રહ્યા છે.

શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓનું સુંદર પ્રદર્શન રહ્યું. શાળાનાં યશસ્વી ખેલાડીઓ . અન્ડર ૧૯ ગર્લ્સ ટીમ ગરીમા સિંગ, રાગીની યાદવ, સોમ્યા યાદવ, અંશુ શર્મા, ટીના પાંડે, સોનમ શર્મા શ્રુતિ ત્રિપાઠી, શગુનઘીવર,રિદ્ધિ તિવારી, નંદની સિંગ,કવિતા માલી, અનન્યા તિવારી. અન્ડર -૧૯ બોયઝ ટીમ શોર્ય પાઠક,હર્ષ પટેલ, શિવમ યાદવ, યુવરાજસિંગ,ગૌરવ ત્રિપાઠી, મોસાબ મિર્ઝા, નીલ ભાનુશાલી, પિયુષ રાઠોડ, આસિફ ખાન, સક્ષમ ઝા. સફળતાથી ગર્વ અનુભવતા, સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીન્રી પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવે છે.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**